सत्यमेव जयते

**ગુજરાત રાજય**

# ૨૦૧૦–૧૧ ના વર્ષ માટેનો મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ

**-: નિરીક્ષક :-**

**સ્થાનિક ભંડોળ હિસાબ,**

**બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર–૩૮૨૦૧૦.**

सत्यमेव जयते

**ગુજરાત રાજય**

# ૨૦૧૦–૧૧ ના વર્ષ માટેનો મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ

**નિરીક્ષક,**
**સ્થાનિક ભંડોળ હિસાબ,**
**બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન,**
**ગુજરાત રાજય, ગાંધીનગર–૩૮૨૦૧૦**

Y-758-1-SIS-10-03-16

# પ્રસ્તાવના

રાજય સરકારશ્રીના તા. ૦૪/૦૫/૨૦૧૧ ના રાજયપત્ર (અસાધારણ) માં પ્રસિદ્ધ થયેલા વર્ષ : ૨૦૧૧ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક–૨૧માં જણાવ્યા મુજબ, ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ–૧૦૮(ક) માં દાખલ કરેલ પેટા કલમ (૧) મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના હિસાબોનું ઓડીટ ગુજરાત સ્થાનિક ફંડ ઓડીટ અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઈઓ હેઠળ કરવાની તથા પેટા કલમ (૨) થી મહાનગરપાલિકાના ઓડિટ પરના ટેકનીકલ માર્ગદર્શન અને દેખરેખ પરના કામગીરી ભારતના કોમ્પટ્રોલર અને ઓડિટર જનરલને સુપરત કરેલ છે. તેમજ ૧૦૮(ક)ની પેટા કલમ (૩) અન્વયે ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ–૧૯૬૩ હેઠળની પેટા કલમો (૧) અને (૨)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેનો ઓડિટ અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ અહેવાલ રજુ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા. ૨૩/૧૨/૨૦૧૧ના ઠરાવથી વર્ષ ૨૦૧૦–૧૧થી રાજયની તમામ મહાનગરપાલિકાઓના હિસાબોની તપાસણી ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ–૧૯૬૩ ની જોગવાઈ મુજબ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરને સુપરત કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેની કચેરીની વિભાગીય નાયબ નિરીક્ષકશ્રીઓની કચેરી તેમજ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરીઓ મારફત રાજયની તમામ ૮ મહાનગરપાલિકાઓનું સને. : ૨૦૧૦–૧૧ ના વર્ષનુ ઓડિટ પૂર્ણ કરવામાં આવેલ છે. ઉક્ત ઓડીટ દરમ્યાન ધ્યાને આવેલ મહત્વના અવલોકનો સમાવતો વિધાનસભામાં રજુ કરવાનો પ્રથમ અહેવાલ નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ મુજબ મહાનગરપાલિકાઓને સોપાયેલી ફરજો અને કાર્યો. જેમ કે જાહેર બાંધકામ, શિક્ષણ સુવિધા, જાહેર આરોગ્ય તથા સફાઈ, વિકાસ, નગર આયોજન, વહીવટ, ગરીબ તથા નબળા વર્ગો માટે આવાસ, આરોગ્ય વિગેરે સુવિધાઓ, પાણી પુરવઠા, જાહેર સલામતી, દીવાબતી, ગટર વ્યવસ્થા, રસ્તાઓ બનાવવા તથા નિભાવવા, ચેપી રોગ નિયંત્રણ, બાગ બગીચા તથા જાહેર શિક્ષણ તથા મનોરંજન વિગેરે બાબતોએ કરવામાં આવતી નાગરીક સુવિધાની તેમજ મળવાપાત્ર વેરાઓની ફી, દંડ, મિલ્કતોના ભાડા વિગેરેની ઉપજો–આવકો તેમજ રાજય સરકારશ્રીમાંથી મળતી વિવિધ ગ્રાન્ટ તેમજ તેના સંબંધિત હેતુ મુજબ ઉપયોગ વિગેરે સંબંધે ધ્યાને આવેલ ઓડિટ અવલોકનો આ અહેવાલમાં દર્શાવેલ છે.

સદરહું અહેવાલ તૈયાર કરતા પહેલા જે તે ઓડિટ ફકરાઓની નકલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલયના ઠરાવ ક્રમાંક: મનઅ–૮૦૨૦૧૫–૨૮૧૧–પી તા.૩૧/૦૭/૨૦૧૫માં જણાવ્યા મુજબ સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી, સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, (વહિવટી વિભાગ) ગાંધીનગરને સમય મર્યાદામાં પૂર્તતા કરવા જણાવવામાં આવેલ અને તે સંદર્ભ મળેલ પૂર્તતા અને વિગતોને લક્ષમાં લઈ જે તે બાબતે પ્રવર્તતી છેવટેની સ્થિતી દર્શાવવા કાળજી લઈને આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

**(વી.એમ.શાહ)**
નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગુજરાત રાજય, ગાંધીનગર.

સ્થળ: ગાંધીનગર
તા. ૧૪/૦૩/૨૦૧૬

| ફકરા નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| | **પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા** | ૭૬ |
| ૪.૧ | અન્વેષણ દરમ્યાન  માંગવામા આવેલ માહિતી તેમ જ રેકર્ડ પુરુ નહી પાડવા બાબત. ( મૂળ ફકરા નં. ૬૨ ) | ૭૭ |
| ૪.૨ | વોૈંટીગ વાઉચરો અંગે (ખર્ચના વાઉચરો રજુ નહી કરવા બાબત.)( મૂળ ફકરા નં. ૬૧ ) | ૮૦ |
| ૪.3 | ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતને વેચાણથી આપવા બાબત. ( મૂળ ફકરા નં. ૮ ) | ૮૧ |
| ૪.૪ | મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૦–૧૧નો રોજમેળ અધૂરી વિગતે નિભાવવા બાબત. ( મૂળ ફકરા નં. ૧૧૯ ) | ૮૪ |
| ૪.પ | અધિક એફ.એસ.આઇ. ના રજુ થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા બાબત. ( મૂળ ફકરા નં. ૩૬ ) | ૮૪ |
| ૪.૬ | કોન્ટ્રાકટરોનાં બાંધકામના બીલેથી કપાત કરેલ લેબર શેષની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા બાબત હિસાબી શાખા.( મૂળ ફકરા નં. ૧૧૭ ) | ૮પ |
| ૪.૭ | વાર્ષિકહિસાબો તૈયાર નહિ કરવા બાબત.( મૂળ ફકરા નં. ૧૮૦ ) | ૮૭ |
| ૪.૮ | બેંક રિકન્સીલેશન તૈયાર ન કરવા અંગે.( મૂળ ફકરા નં. ૧૨૦ ) | ૮૮ |
| ૪.૯ | સીટી બસ સ્ટોપ બનાવવા તથા તેના પર જાહેરાતો પ્રસિધ્ધ કરવા અપાયેલ કોન્ટ્રાકટની અનિયમિતતા બાબત.( મૂળ ફકરા નં. પ૭ ) | ૮૯ |
| ૪.૧૦ | મિલકત વેરાની બાકી પર ચડત વ્યાજમાં નિયમ વિરૂધ્ધ વળતર આપવા બાબત. ( મૂળ ફકરા નં. પ૩ ) | ૯૦ |
| ૪.૧૧ | બી.એસ.યુ.પી.–૨ આવાસ યોજના પેકેજ નં ૪ ના કામની અનિયમિતતા બાબત. ( મૂળ ફકરા નં. ૪૦ ) | ૯૧ |
| ૪.૧૨ | ટી.પી. સ્કીમ નં.૧ અને ૪ રૈયા તથા પ–નાના મવા અંતર્ગત પ્રાપ્ત થયેલ વાણિજય હેતુ માટેની જમીન જાહેર હરાજીથી ભાડા પટે આપવા બાબત.( મૂળ ફકરા નં. ૧૩ ) | ૯૨ |
| ૪.૧૩ | કરાર મુકત થયા બાદ બાકીના સમયગાળા દરમ્યાન એજન્સી દ્વારા જાહેરાતના બોર્ડ નહી ઉતારાતા  મહાનગરપાલિકાને થયેલ આર્થિક નુકસાન બાબત.( મૂળ ફકરા નં. ૯ ) | ૯૩ |
| ૪.૧૪ | વેકેન્સી એલાઉન્સના ચુકવણાની અનિયમિતતા બાબત. ( મૂળ ફકરા નં. ૭ ) | ૯પ |
| ૪.૧પ | બી.એસ.યુ.પી.–૨ આવાસ યોજના પેકેજ નં.૩ ના કામની અનિયમિતતા બાબત. ( મૂળ ફકરા નં. ૩૮ ) | ૯૮ |
| ૪.૧૬ | નિયમ મુજબની વસુલાતો મેળવ્યા સિવાય રજુ થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા તથા અન્ય અનિયમિતતા બાબત.( મૂળ ફકરા નં. ૩પ ) | ૯૯ |
| ૪.૧૭ | ગોંડલ રોડ ચોકડી સુધીના ૧પ૦ ફૂટ રીંગ રોડ પર બીઆરટીએસ રસ્તા બનાવવાના કામ અંગે.  ( મૂળ ફકરા નં. પ ) | ૧૦૩ |
| ૪.૧૮ | કે. કે.વી. સર્કલથી ઇન્દીરા સર્કલ ઉપર ફલાય ઓવર બ્રીજના કામની અનિયમિતતા બાબત. ( મૂળ ફકરા નં. ૨૮ ) | ૧૦૪ |

| ફકરા નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૪.૧૯ | બી.એસ.યુ.પી.–૨ આવાસ યોજના પેકેજ નં.૧૧ ના કામની અનિયમિતતા બાબત. ( મૂળ ફકરા નં. ૨૦ ) | ૧૦૬ |
| ૪.૨૦ | બી.એસ.યુ.પી.–૧ આવાસ યોજના પેકેજ નં.૨ ના કામની અનિયમિતતા બાબત. ( મૂળ ફકરા નં. ૧૯ ) | ૧૦૮ |
| ૪.૨૧ | "કસ્તુરી પ્રાઇડ" હાઇરાઇઝ એપાર્ટમેન્ટની અપાયેલ વિકાસ પરવાનગીની અનિયમિતતા. ( મૂળ ફકરા નં. ૧૫ ) | ૧૦૯ |
| ૪.૨૨ | ફેઝ –૨ , પાર્ટ–૨ અંતર્ગત ડ્રેનેજ કલેક્ટીવ સીસ્ટમ નાખવાના કામની અનિયમીતતા બાબત. ( મૂળ ફકરા નં. ૧૨ ) | ૧૧૧ |
| ૪.૨૩ | ભૂગર્ભ ગટર યોજના ફેઝ –૩ અંતર્ગત રૈયા સર્વે નં.૩૧૮ મા ૫૧ એમ એલ ડી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાના કામની અનિયમેતતા.( મૂળ ફકરા નં. ૧૧ ) | ૧૧૪ |

# પ્રકરણ – ૪ : રાજકોટ મહાનગરપાલિકા

| ફ.નં. | ફકરાની ટંકી વિગત |
|---|---|
| ૪.૧ | અન્વેષણ દરમ્યાન  માંગવામા આવેલ માહીતી તેમ જ રેકર્ડ પુરુ નહી પાડવા બાબત.(મૂળ ફકરા નં. ૬૨) |
| ૪.૨ | વોંટીગ વાઉચરો અંગે (ખર્ચના વાઉચરો રજુ નહી કરવા બાબત.) ( મૂળ ફકરા નં. ૬૧ ) |
| ૪.૩ | ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતને વેચાણથી આપવા બાબત.( મૂળ ફકરા નં. ૮ ) |
| ૪.૪ | મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૦–૧૧નો રોજમેળ અધૂરી વિગતે નિભાવવા બાબત. ( મૂળ ફકરા નં. ૧૧૯ ) |
| ૪.૫ | અધિક એફ.એસ.આઇ. ના રજુ થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા બાબત.( મૂળ ફકરા નં. ૩૬ ) |
| ૪.૬ | કોન્ટ્રાકટરોનાં બાંધકામના બીલેથી કપાત કરેલ લેબર શેષની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા બાબત હિસાબી શાખા.( મૂળ ફકરા નં. ૧૧૭ ) |
| ૪.૭ | વાર્ષિક હિસાબો તૈયાર નહિ કરવા બાબત.( મૂળ ફકરા નં. ૧૮૦ ) |
| ૪.૮ | બેંક રિકન્સીલેશન તૈયાર ન કરવા અંગે.( મૂળ ફકરા નં. ૧૨૦ ) |
| ૪.૯ | સીટી બસ સ્ટોપ બનાવવા તથા તેના પર જાહેરાતો પ્રસિધ્ધ કરવા અપાયેલ કોન્ટ્રાકટની અનિયમિતતા બાબત.( મૂળ ફકરા નં. ૫૭ ) |
| ૪.૧૦ | મિલકત વેરાની બાકી પર ચડત વ્યાજમાં નિયમ વિરૂધ્ધ વળતર આપવા બાબત.( મૂળ ફકરા નં. ૫૩ ) |
| ૪.૧૧ | બી.એસ.યુ.પી.–૨ આવાસ યોજના પેકેજ નં ૪ ના કામની અનિયમિતતા બાબત.( મૂળ ફકરા નં. ૪૦ ) |
| ૪.૧૨ | ટી.પી. સ્કીમ નં.૧ અને ૪ રૈયા તથા ૫–નાના મવા અંતર્ગત પ્રાપ્ત થયેલ વાણિજય હેતુ માટેની જમીન જાહેર હરરાજીથી ભાડા પટે આપવા બાબત.( મૂળ ફકરા નં. ૧૩ ) |
| ૪.૧૩ | કરાર મુકત થયા બાદ બાકીના સમયગાળા દરમ્યાન એજન્સી દ્વારા જાહેરાતના બોર્ડ નહી ઉતારાતા મહાનગરપાલીકાને થયેલ આર્થીક નુકસાન બાબત.( મૂળ ફકરા નં. ૯ ) |
| ૪.૧૪ | વેકેન્સી એલાઉન્સના ચુકવણાની અનિયમિતતા બાબત. ( મૂળ ફકરા નં. ૭ ) |
| ૪.૧૫ | બી.એસ.યુ.પી.–૨ આવાસ યોજના પેકેજ નં.૩ ના કામની અનિયમિતતા બાબત.( મૂળ ફકરા નં. ૩૮ ) |
| ૪.૧૬ | નિયમ મુજબની વસુલાતો મેળવ્યા સિવાય રજુ થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા તથા અન્ય અનિયમિતતા બાબત.( મૂળ ફકરા નં. ૩૫ ) |
| ૪.૧૭ | ગોંડલ રોડ ચોકડી સુધીના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બીઆરટીએસ રસ્તા બનાવવાના કામ અંગે. ( મૂળ ફકરા નં. ૫ ) |
| ૪.૧૮ | કે. કે.વી. સર્કલથી ઇન્દીરા સર્કલ ઉપર ફ્લાય ઓવર બ્રીજના કામની અનિયમિતતા બાબત. ( મૂળ ફકરા નં. ૨૮ ) |
| ૪.૧૯ | બી.એસ.યુ.પી.–૨ આવાસ યોજના પેકેજ નં.૧૧ ના કામની અનિયમિતતા બાબત.( મૂળ ફકરા નં. ૨૦) |
| ૪.૨૦ | બી.એસ.યુ.પી.–૧ આવાસ યોજના પેકેજ નં.૨ ના કામની અનિયમિતતા બાબત.( મૂળ ફકરા નં. ૧૯ ) |
| ૪.૨૧ | "કસ્તુરી પ્રાઇડ"હાઇરાઇઝ એપાર્ટમેન્ટની અપાયેલ વિકાસ પરવાનગીની અનિયમિતતા. ( મૂળ ફકરા નં. ૧૫ ) |
| ૪.૨૨ | ફેઝ –૨ , પાર્ટ–૨  અંતર્ગત ડ્રેનેજ કલેક્ટીવ સીસ્ટમ નાખવાના કામની અનિયમીતતા બાબત. ( મૂળ ફકરા નં. ૧૨ ) |
| ૪.૨૩ | ભૂગર્ભ ગટર યોજના ફેઝ –૩ અંતર્ગત રૈયા સર્વે નં.૩૧૮ મા ૫૧ એમ એલ ડી સુએજ ટ્રેટમેન્ટ પ્લાંટ બનાવવાના કામની અનિયમેતતા.( મૂળ ફકરા નં. ૧૧ ) |

## ૪.૧ અન્વેષણ દરમ્યાન મહાનગરપાલિકાની જુદી–જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબત (ફકરા નં. – ૬૨ )

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના અન્વેષણ દરમ્યાન ઓડીટ માટે જરૂરી માહિતી રેકર્ડ મેળવવા માટે મહાનગરપાલીકાની તમામ શાખાઓ ક્રમાનુસાર પ્રાથમિક વાંધાઓ રવાના કરવામાં આવેલ હતા. પરંતુ પરિશિષ્ટ નં.૧૨ માં દર્શાવેલ વિગતેના ક્રમ નં.૧ થી ૪૬ નું જરૂરી રેકર્ડ / માહિતી સંબંધીત શાખાઓને અવાર–નવાર પ્રાથમિક વાંધાઓ તથા સ્મૃતિપત્રો પાઠવવા છતા અન્વેષણનો સમય પુર્ણ થતા સુધી ઓડીટ સમક્ષ રજુ કરેલ નથી. પરિણામે અન્વેષણ પરિશિષ્ટ નં.૧૨ ની વિગતેની માહિતી તથા રેકર્ડની ચકાસણી કરી શકેલ નથી.

સંસ્થા દ્વારા હિસાબીને લગત કોઇ ચેક રજીસ્ટર /કલાસીફાઇડ રજીસ્ટર કે કેશબૂક નિભાવેલ નથી અને નિભાવેલ હોય તો અંવેષણને રજુ કરેલ નથી.જે હિસાબીના અગત્યના દસ્તાવેજ હોય સંસ્થાએ નિભાવવા જરૂરી છે અને રજુ કરવા જરૂરી છે જે રજુ થયેલ નથી તથા સંસ્થા દ્વારા જે રેકોર્ડ રજુ થયેલ છે તેના પરથી જ ટ્રેસીગની કામગીરી કરવામા આવેલ છે એટલે કે સંસ્થાના ડ્રોઇગ રજીસ્ટર પરથી જ ઓડિટ કરવામા આવેલ છે જેની ચકાસણી કરતા પણ મૂળ અહેવાલના ફકરા નં. ૬૧ મુજબ વાઉચરો વોન્ટીગ રહેલ છે એટલે કે રજુ થયેલ નથી.

ચેક રજીસ્ટર /કલાસીફાઇડ રજીસ્ટર કે કેશબૂક રજુ ન થવાથી સંસ્થા દ્વારા જે ખરીદી કરવામા આવેલ હોય કે મિલકત ખરીદેલ હોય કે ચુકવણા કરવામા આવેલ હોય તેની ખરાઇ થઇ શકેલ નથી જેથી આ માહિતી રજુ ન કરવા અંગે જવાબદારેથી આ બાબતે અંગત કાળજી લઇ રેકોર્ડ રજુ કરાવીને ખરાઇ થવી રહે

ગુજરાત લોકલફંડ અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૪ તથા ૫ હેઠળ અન્વેષણમાં માંગ્યા મુજબની માહિતી / રેકર્ડ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે. તો આ બાબતે જવાબદારશ્રી સામે રેકર્ડ પરિશિષ્ટમાં દર્શવેલ તથા જરૂરી માહિતી પુરી ન પાડવા બાબતે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી પરિણામની અન્વેષણને જાણ કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

### મહાનગરપાલિકાની જુદી–જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબતનું પરિશિષ્ટ

| ક્રમ | પ્રાથમિક વાંધા નં. | તારીખ | શાખાનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૫ | ૨૨/૦૩/૧૩ | હિસાબી | મનપાનું મિલકત રજીસ્ટર રજુ કરવા બાબત |
| ૨ | ૯ | ૦૯/૦૪/૧૩ | સેક્રેટરી | મનપાએ પોતાના નિતિ નિયમો ઘડેલા હોય તેના ઠરાવો તથા નાણાકીય સત્તા સોંપણીની વિગત |
| ૩ | ૧૦ | ૦૯/૦૪/૧૩ | હિસાબી | તા.૩૧/૩/૧૧ ની સ્થિતિએ મનપાની જવાબદારી તથા અસ્કયામતોની માહિતી |
| ૪ | ૧૨ | ૧૫/૦૪/૧૩ | હિસાબી | ચેક રજીસ્ટર, કેશબુક, ચેક પરત રજીસ્ટર, આવક–ખર્ચ કલાસીફાઇડ, માસીક–વાર્ષિક હિસાબો, એડવાન્સ રજીસ્ટર ટી.સી. રજીસ્ટર તથા ચલણ ફાઇલો તથા ઓડીટ રજીસ્ટર |
| ૫ | ૧૭ | ૨૦/૦૪/૧૩ | ઇડીપી+હિસાબી | કોમ્પ્યુટરાઇઝડ પહોંચોની સ્થળપ્રત તથા કલેકશન રજીસ્ટર રજુ |
| ૬ | ૩૭ | ૨૩/૦૫/૧૩ | ટેકસ | પહોંચોની સ્થળપ્રત, ડેઇલી કલેકશન રજીસ્ટર, માંગણા તથા આકારણી રજીસ્ટર |

| ક્રમ | પ્રાથમિક વાંધા નં. | તારીખ | શાખાનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૭ | ૩૮ | ૨૯/૦૫/૧૩ | હિસાબી | HDFC ખાતા નં.૩૭૯, AxIs Bank ખાતા નં.૧૩૫૦૯, ૧૫૧૯૦ તથા ૫૦૦૮૫ સિવાય મનપાએ નિભાવેલ ખાતાઓની પાસબુકો |
| ૮ | ૩૯ | ૨૯/૦૫/૧૩ | ઇડીપી | ટેક્સ શાખા તથા પ્રો. ટેક્સ શાખાની કોમ્પ્યુટરાઇઝડ પહોંચોનું દૈનિક કલેક્શન રજીસ્ટર, આકારણી રજીસ્ટર તથા માંગણા રજીસ્ટર |
| ૯ | ૪૨<br>૧૩૪ | ૨૯/૦૫/૧૩<br>૦૭/૧૦/૧૩ | ટી.પી. | ટી.પી.ના ખુલ્લા પ્લોટોની માહિતી આપવા અંગે |
| ૧૦ | ૪૫ | ૧૩/૦૬/૧૩ | ટેક્સ | બાકી માંગણાનું પત્રક સને ૨૦૧૦–૧૧ ના વર્ષમાં અમલી બનેલ વ્યાજ માફી સ્કીમની ફાઇલ, તબકકાવાર કુલ કેટલી વ્યાજ માફી આપેલ તેની વિગતો, આકારણી સંબંધી વાંધા અરજી સંદર્ભેની ઠરાવ બુક, વેકેન્સી એલાઉંસ, ઇન્વર્ડ રજીસ્ટર |
| ૧૧ | ૫૬ | ૨૭/૦૬/૧૩ | હિસાબી | બેંકમાં જમા કરાવેલ ચેકોના ચેક વાઇઝ બેંક સ્ટેટમેન્ટ |
| ૧૨ | ૫૮ | ૨૭/૦૬/૧૩ | હિસાબી | વાર્ષિક હિસાબો તથા વહીવટી રીપોર્ટ રજુ કરવા બાબત |
| ૧૩ | ૬૬ | ૦૪/૦૭/૧૩ | હિસાબી | સા.ભ.નિધિનું રેકર્ડ રજુ કરવા બાબત |
| ૧૪ | ૭૪ | ૦૬/૦૭/૧૩ | ટેક્સ | કેન્સલ કરેલ પહોંચોનું રેકર્ડ રજુ કરવા બાબત |
| ૧૫ | ૯૮ | ૦૫/૦૮/૧૩ | વોટર વર્કસ | ખાનગી વ્યક્તિ માટે કરેલ સુપરવિઝન ચાર્જની આવકની વિગતો રજુ કરવા બાબત |
| ૧૬ | ૧૦૪ | ૧૯/૦૮/૧૩ | વોટર વર્કસ | માહે ૩/૧૧ ના માસનું આવકનું રેકર્ડ રજુ કરવા બાબત |
| ૧૭ | ૧૦૭ | ૨૨/૦૮/૧૩ | હિસાબી | સને ૨૦૧૦–૧૧ ના બાકી રહેલ લગભગ ૬૦ ટકા વાઉચરો ખર્ચ કેશબુક, ચેક રજીસ્ટર તથા ટી.સી. રજીસ્ટર |
| ૧૮ | ૧૦૮ | ૨૨/૦૮/૧૩ | હિસાબી | એસબીઆઇ કરણપરા શાખા ખાતા નં.૬૬૦૦૦૩૦૬૩૯૧ ની માહિતી રજુ કરવા અંગે |
| ૧૯ | ૧૧૦ | ૨૨/૦૮/૧૩ | ટેક્સ | શિક્ષણ ઉપકરનું રેકર્ડ રજુ કરવા બાબત |
| ૨૦ | ૧૧૨ | ૨૨/૦૮/૧૩ | સેન્ટ્રલ સ્ટોર | પબ્લીકેશન વેંચાણની આવકનું રેકર્ડ રજુ કરવા બાબત |
| ૨૧ | ૧૧૩ | ૨૨/૦૮/૧૩ | ટી.પી. | મોબાઇલ ટાવરની આવકની વિગતો રજુ કરવા બાબત |
| ૨૨ | ૧૧૪ | ૨૨/૦૮/૧૩ | ટેક્સ | બાકી કર માંગણાની વસુલાત મેળવવા કરેલ કાર્યવાહીની વિગતો |
| ૨૩ | ૧૨૬ | ૧૨/૦૯/૧૩ | ટી.પી. | આર્કિટેક, એન્જી. સ્ટ્રકચરલ લાયસન્સ નવા રજી. અરજી ફાઇલ રજીસ્ટ્રેશન ફીનુ ભરણા રજીસ્ટર, રજીસ્ટ્રેશન રદ કર્યાની માહિતી સીટી એરીયા એ, બી અને ગામતળની માહિતી, વર્ષ દરમ્યાન વસુલ લીધેલ એઓપી ડીપોઝીટ– ચુકવેલ ડીપોઝીટની માહિતી |
| ૨૪ | ૧૨૭ | ૧૭/૦૯/૧૩ | હિસાબી | ઓડીટ અહેવાલના પત્રકોની વિગતવાર માહિતી |
| ૨૫ | ૧૨૮<br>૧૯૨ | ૧૭/૦૯/૧૩<br>૧૫/૦૨/૧૪ | હિસાબી | ટી.સી. થી કપાત કરેલ આવકોના રજીસ્ટર તથા ચલણ ફાઇલ |
| ૨૬ | ૧૨૯ | ૧૭/૦૯/૧૩ | હિસાબી | પરચુરણ આવકોની પહોંચો, કલેકશન રજીસ્ટરો |
| ૨૭ | ૧૩૩ | ૦૭/૧૦/૧૩ | ટી.પી. | લાઇન ઓફ પબ્લીક સ્ટ્રીટનું રજીસ્ટર |
| ૨૮ | ૧૪૧ | ૨૯/૧૦/૧૩ | ટી.પી. | બાંધકામ પરવાનગી બાદ વપરાશ પ્રમાણપત્ર અપાયેલ ન હોય તેવા કેસોની માહિતી |
| ૨૯ | ૧૪૫ | ૦૭/૧૧/૧૩ | ટી.પી. | ઓડીટ માટે જરૂરી દસ્તાવેજી આધારોની પ્રમાણીત નકલો પુરી પાડવા બાબત |

| ક્રમ | પ્રાથમિક વાંધા નં. | તારીખ | શાખાનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩૦ | ૧૬૦ | ૧૬/૧૨/૧૩ | ટી.પી. | ઓડીટ માટે જરૂરી દસ્તાવેજી આધારોની પ્રમાણીત નકલો પુરી પાડવા બાબત |
| ૩૧ | ૧૭૪ | ૦૬/૦૧/૧૪ | બગીચા | વાર્ષિક ઝોનલ તથા રેટ કોન્ટ્રાકટની માહિતી રેકર્ડ પુરુ પાડવા અંગે |
| ૩૨ | ૧૭૫ | ૦૯/૦૧/૧૪ | હિસાબી | મનપાએ મેળવેલ લોન , વ્યાજદર, પરત કરેલ લોન ,ચુકવેલ વ્યાજ, લોન મંજુરી હુકમ તથા તા.૩૧/૩/૧૧ની સ્થિતિ બાકીની માહિતી |
| ૩૩ | ૧૭૭ | ૦૯/૦૧/૧૪ | વોટર વર્કસ | પરિશિષ્ટના ક્રમ નં.૧૮ થી ૨૦ ના કેસમાં વર્કફાઇલ તથા એમ.બી રજુ કરવા અંગે |
| ૩૪ | ૧૭૮ | ૦૯/૦૧/૧૪ | બાંધકામ | પરિશિષ્ટના ક્રમ નં.૫, ૨૯, ૩૨ થી ૩૪ ૩૭ થી ૩૯, તથા ૪૫ થી ૪૮ સિવાય ના કામે વર્કફાઇલ તથા એમબી રજુ કરવા અંગે |
| ૩૫ | ૧૮૩ | ૩૧/૦૧/૧૪ | હિસાબી | JnNURM પ્રોજેકટ હેઠળ BRTS, ફલાય ઓવર બ્રીજ, રેલ્વે બ્રીજ , આવાસનુ મળેલ અનુદાન તથા થયેલ ખર્ચની માહિતી રજુ કરવા બાબત |
| ૩૬ | ૧૮૪ | ૩૧/૦૧/૧૪ | હિસાબી | JnNURM પ્રોજેકટ હેઠળ ડ્રેનેજ પ્રોજેકટ માટે મળેલ ગ્રાન્ટની માહિતી તથા ટી.પી.આઇ.ની માહીતી રજુ કરવા અંગે |
| ૩૭ | ૧૮૬ | ૧૧/૦૨/૧૪ | વીજીલન્સ/ જીએડી | વાર્ષિક ઝોન/ કોન્ટ્રાકટરનું રેકર્ડ રજુ કરવા બાબત |
| ૩૮ | ૧૮૭ | ૧૪/૦૨/૧૪ | તમામ શાખા | ૮/૧૦ ના ડીટેઇલ વાઉચરો રજુ કરવા બાબત |
| ૩૯ | ૧૯૭ | ૨૮/૦૨/૧૪ | ટી.પી. | રૂા.૫ કરોડની જમીન ખરીદીનું રેકર્ડ રજુ કરવા બાબત |
| ૪૦ | ૧૯૮ | ૨૮/૦૨/૧૪ | હિસાબી | RTI , ઝૂ ,રોશની, લીગલ તથા UBS સિવાય કોઇની ચેકથી જમા આવેલ રકમોની માહિતી રજુ કરેલ નથી. |
| ૪૧ | ૨૦૭ | ૧૪/૦૩/૧૪ | ઝુ | કાર ખરીદીની ફાઇલો રજુ કરવા બાબત |
| ૪૨ | ૨૧૦ | ૨૮/૦૩/૧૪ | સમાજ કલ્યાણ તથા સાંસ્કૃતીક વિકાસ | શહેરી વિકાસ કાર્યક્રમ હેઠળ કરેલ ખર્ચની માહિતી રજુ કરવા બાબત |
| ૪૩ | ૨૧૫ | ૦૭/૦૪/૧૪ | બાંધકામ | રસ્તા કામ (પેવર) ના એકશન પ્લાન સિવાયની અલગથી મંજુર થયેલ કામની ફાઇલો. એમ.બી. તથા તમામ કામના રજીસ્ટરો તથા સંલગ્ન ક્રમ નં.૧, ૨, ૪ થી ૧૧ ની વિગતે રેકર્ડ રજુ કરવા બાબત |
| ૪૪ | ૨૧૮ | ૧૭/૦૪/૧૪ | વોટર વર્કસ / બાંધકામ | પ્રાથમિક વાંધામાં દર્શાવેલ કામોની વર્કફાઇલ તથા એમ.બી. રજુ કરવા અંગે. |
| ૪૫ | ૨૩૭ | ૦૭/૦૫/૧૪ | બગીચા | રેસકોર્ષ વિસ્તારના જુદા–જુદા બગીચાની નિભાવણી કરારનું રેકર્ડ રજુ કરવા બાબત |
| ૪૬ | ૨૫૭ | ૨૫/૦૬/૧૪ | બગીચા | કુલ ૩૪ કામોની વર્કફાઇલ તથા એમ.બી. રજુ કરવા બાબત |
| ૪૭ | ૧૫૯ | ૨૬/૧૧/૧૩ | હિસાબી | પેટી કેશબૂકમા નોંધાયેલ રકમોનુ રેકર્ડ રજુ કરવા અંગે (પત્રક નં ૧ થી ૫૫ની વિગતે.) |

| ક્રમ | પ્રાથમિક વાંધા નં. | તારીખ | શાખાનું નામ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૪૮ | ૨૬૪ | ૯/૭/૧૪ | આઇસીડીએસ | આંગણવાડી રજીસ્ટર, અનુદાન ખર્ચ પત્રકો , યુટીલાઇઝેશન સર્ટીફીકેટ, ખાલી ટીન બારદાન રજીસ્ટર, ખાધ્ય સામગ્રીના ડીઓ હુકમ, સ્ટોક આવક ફાળવણી રજીસ્ટર, સીડીપીઓ સુપરવાઇઝરની ડાયરી, વહાનોના લોગબૂક, હીસ્ટ્રી શીટ રજીસ્ટર, જન્મોતર અનુદાનના વાઉચરો વગેરેનુ રેકર્ડ રજુ કરવા અંગે |
| ૪૯ | ૨૨૨<br>૨૪૩ | ૨૪/૪/૧૪<br>૨૩/૫/૧૪ | પેંશન | માર્ચ –૧૧ અંતીત પેન્શનરોની સંખ્યા તથા તેમને સને ૨૦૧૦–૧૧ મા થયેલ ચુકવણુની વિગતો,પેન્શન મંજુર કરનાર તથ પેન્શન ઓથોરાઇઝ કરનાર અધિકારીઓના હોદા–નામ તથા અધિકૃતી આપતા ઠરાવોની નકલ, છઠા પગારપંચ અન્વયે પેન્શન બાબતે સ્વીકારાયેલ જોગવાઇઓ તથા અમલીકરણની વિગતો ન્યુ ડીફાઇંડ કન્ટ્રીબ્યુટરી પેન્શન સ્કીમ હેઠળ ૦૧/૦૪/૨૦૦૫ થી મહાનગરપાલિકા દ્બારા નિમાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓના એન.પી.એસ. ફંડ મા માર્ચ–૧૧ અંતીત ફંડના રોકાણ તથા જમા વ્યાજની વિગતો તેમજ રેકોર્ડ કીપીંગ એજંસી, ફંડ મેનેજર એજન્સીની નિમણુક અથવા સ્વાયત કામગીરીનો ઠરાવ |

**૪.૨ વોન્ટીંગ વાઉચરો અંગે (ખર્ચના વાઉચરો રજુ નહિ કરવા બાબત) (ફકરા નં. – ૬૧)**

ગુજરાત લોકલફંડ અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૪ તથા ૫ હેઠળ અન્વેષણમાં માંગ્યા મુજબની માહિતી / રેકર્ડ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે. મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના અન્વેષણ દરમ્યાન પસંદગી માસ માહે ઓગષ્ટ–૨૦૧૦ હિસાબી તથા માર્ચ–૨૦૧૧ ના હિસાબી તથા જે તે શાખાની બન્ને શાખા કોપી વાઉચરો સંસ્થા તરફથી રજુ થતા તેનું ડ્રોઇંગશીટ સાથે ટ્રેસીંગ કરતા વિગતે રૂા.૨૬,૧૭,૧૪,૪૧૧/– કુલ ૩૦૮૯ વાઉચરો અન્વેષણમાં રજુ થયેલ નથી જેની વિગતો સંસ્થાના ઓડિટ અહેવાલના ફકરા ૬૧ ના પરિશિષ્ઠ ૧૨(એ) મા રજુ કરેલ છે.

સંસ્થા દ્બારા રજુ થયેલ વાઉચરો જે તે માસની તારીખના ક્રમ પ્રમાણે તથા ડ્રોઇંગ શીટના નબર પ્રમાણે અને તેના સીરીયલ નબર પ્રમાણે વાઉચરો ગોઠવાયેલ ન હોવાને કારણે ડ્રોઇંગશીટ સાથે વાઉચરોનુ ટ્રેશીગ કરવામા માનવ દિવસનો ઘણો વ્યય થયેલ છે. જેથી કરીને આગામી વર્ષથી વાઉચરો માસ પ્રમાણે તારીખ તથા ડ્રોઇંગ શીટના નંબર અને તેના સીરીયલ નંબર પ્રમાણે ક્રમાનુસાર ગોઠવવાની પ્રથાનો અમલ થવા ઓડિટ સુચન છે.

ઓડીટમાં માટે જરૂરી વાઉચરની યાદી આપેલ હોવા છતાં સંસ્થા દ્બારા તેના પત્ર રામનપા/ હિસાબી/ જા.નં.તા.૨૪/૭/૧૪થી ઓડીટને જરૂરી વાઉચરની યાદી માંગેલ છે અને જણાવેલ છે કે ઓડીટમાં આ વાઉચેરોની જરૂર પડશે તેની જાણ ન હોવાથી વાઉચર અલગ–અલગ જગ્યાએ મોકલેલ હોવાની તથા આરએમસી પ્રથા મુજબ ઘણા વાઉચરો શાખામાં મોકલેલ છે. જેની કોઇ માહિતી શાખા પાસે ઉપલબ્ધ ન હોવાની સંસ્થએ કોઇ વાઉચરો ઉપલબ્ધ કરાયેલ નથી.ઉપરાંત વાઉચરો હિસાબી શાખામા ન રહેતા હોય તે એક જ જગ્યાએ રાખવા જરૂરી છે તથા શાખામા વાઉચરો હોય તો દુબારા ચુકવણા થવાની શકયતા રહેલ છે તે બાબતને ધ્યાનમા લેવાની રહે.

વાઉચર એ ઓડિટ માટે પાયાનો દસ્તાવેજ હોય તે ઓડિટમા રજુ થવુ જરૂરી છે તે રજુ કરવામા આવેલ ન હોય સંસ્થામા જે વોન્ટીગ વાઉચરો હોય તે આંતરીક અન્વેષણથી ખરાઇ કરાવવી રહે તેવુ ઓડિટ સુચન છે.

સંસ્થાના પસદગીના માત્ર બે માસ(ઓગસ્ટ અને માર્ચ)નુ ઓડિટ કરતા તેમા આ ૩૦૮૯ "વાઉચરો વોન્ટીગ રહેવા પામેલ છે". જેની રકમ રૂા.૨૬,૧૭,૧૪,૪૧૧/– થવા જાય છે આ વાઉચરો અને સબ વાઉચરો રજુ ન થવાથી તેમા કોઇ ગેરરીતી કે અનિયમિતતા હોય તો ઓડિટમા જાણી શકાયેલ નથી અને આ માસના વાઉચરો ડ્રોઇંગશીટના આધારે રજુ થયેલ વાઉચરો પૈકીના મીસીંગ વાઉચરો છે જેમા માસાંતે હિસાબમેળ થતો નથી.

સદરહું વોન્ટીગ વાઉચર સત્વરે ઓડિટ કામગીરી માટે રજુ કરવા ઘટે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

**૪.૩ ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનો જે તે ભાડુઆતને વેચાણથી આપવા બાબત (ફકરા નં. – ૮ )**

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ શાખા હસ્તક ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનોની ફાળવણી નીચે મુજબ થયેલ હતી.

ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરમાં ભોંય તળીયે ૭૮ તથા પ્રથમ માળે ૭૬ દુકાનો મળીને કુલ ૧૫૪ દુકાનો મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલ હતી. આ દુકાનો સ્થાયી સમિતિનાં ઠરાવ નં.૩૮૬ તા.૨૮/૧૨/૭૮ માં જણાવ્યા મુજબ ૧ થી ૨૩ શરતોને આધીન જાહેર હરરાજીથી સુખડીની ઉંચી બોલી બોલનાર આસામીઓને ચો.ફુટના ૧/– ટોકન દરે માસીક ભાડેથી આપવાનું ઠરાવેલ હતુ. સુખડીની રકમની છેવટની બોલીને સ્થાયી સમિતિ દ્વારા દુકાન વાઇઝ અલગ–અલગ ઠરાવથી મંજુરી આપેલ હતી.

એસ્ટેટ શાખા દ્વારા રજુ થયેલ ફાઇલોની ચકાસણી કરતા નીચે મુજબ અનિયમિતતા ધ્યાને આવેલ હતી.

**(૧) મહાનગરપાલિકા દ્વારા વેચાણની વેલ્યુએશન અન્વયે થયેલ નુકશાની**

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| શોપીંગ સેન્ટરનો કાર્પેટ એરીયા | મ્યુનિ. કોર્પોરેશનના સર્વેયર અધિકારી– એસ્ટેટ એજન્ટ મુજબ વેલ્યુએશન | મ.ન.પ. સ્ટાર આર્કીટિક મુજબ વેલ્યુએશન |
| ૨૪૦૩૫ ચોરસ ફુટ | રૂા.૭૫૦૦/– પ્રતિ ચોરસ મીટર | રૂા.૯૪૦–૦૦ પ્રતિ ચોરસ ફુટ<br>રૂા. ૧–૨૫ આર્કીટિક ફી<br>રૂા.૯૪૧–૨૫ કુલ |

| ૪ | ૫ | ૬ |
|---|---|---|
| વેપારી મંડળ દ્વારા નિમાયેલ વેલ્યુઅર જયેશ કતિરા મુજબ વેલ્યુએશન | મ્યુનિ. કોર્પોરેશનની સ્થાયી સમિતિએ મંજુર કરેલ વેલ્યુએશન | ટકાવારી અને રકમ ફેરની તુલનાત્મક વિગતો તેમજ આર્થિક નુકશાન (રૂપિયામાં) |
| રૂા.૪૫૦/– ચોરસ ફુટ | રૂા.૪૯૬/– | ૪૪૫.૨૫ ૪૭.૩૦%<br>રૂા.૧,૦૭,૦૧,૫૮૩/૭૫ નુકશાન |

(૨) તા.૨૮/૧૨/૭૮ ના સ્થાયી સમિતિના ઠરાવ નં.૩૮૬ ની શરત–૭ મુજબ દુકાનોની સુખડી અપસેટ પ્રાઇઝ મુજબની રકમ એડવાન્સમાં જમા કરાવવાનું જણાવેલ છે. પરંતુ તમામ દુકાનોની અપસેટ કિંમત નકકી કર્યાના કોઇ આધારો તથા હરાજીની મીનીટસ નોંધ ઓડીટે રજુ થયેલ નથી.

(૩) જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૨૦૦૫ ની શરત–૧ માં જણાવ્યા મુજબ ઠરાવની તારીખે મહાનગરપાલીકા ના રેકર્ડ પર જે તે દુકાનના ભાડુઆત દરજજે જે કબજો ધરાવે છે. તે પાર્ટીના જ નામે ઠરાવથી નકકી થયેલ ચો.ફુટના રૂા.૪૯૬/– ભાવે દસ્તાવેજ કરી શકાય. ત્યાર બાદ સ્થાયી સમિતિના ઠરાવ નં.૯૨ તા.૧૬/૭/૮૬ ના ઠરાવ મુજબ ટ્રાન્સફર ફી વસુલ લઇ મો બદલો કરવામાં આવેલ છે. તે પાર્ટીના નામે દસ્તાવેજ નહી કરવાની તા.૨૦/૬/૦૫ ના ઠરાવમાં સ્પષ્ટ જોગવાઇ હોવા છતાં સામેલ પરિશિષ્ટ નં.–૧ ના ક્રમ નં.૨ થી ૧૨, ૧૪ થી ૧૬ તથા ૧૮ થી ૨૧ ના કિસ્સામાં મુળ માલીકના બદલે તત્કાલીન કબજો ધરાવનારના નામે કરાયેલ છે. જેથી જનરલ બોર્ડના ઠરાવનો ભંગ થયેલ છે.

(૪) મૂળ ફકરાના પરિશિષ્ટનાં કોલમ નં.૧૨ ની વિગતેની કુલ રકમ રૂા.૧,૧૦,૧૬,૪૦૯/– જે તે દુકાનદાર પાસેથી વસુલ લઇ મહાનગરપાલીકા ભંડોળે તથા કોલમ નં.૧૫ ની વિગતે કુલ રકમ રૂા.૪,૬૧,૬૮૮/– જે તે દુકાનદાર પાસેથી વસુલ લઇ સરકારશ્રીના ૦૦૩૦ સદરે જમા કરાવવી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી.

# પરિશિષ્ટ :૧

## ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનોની ભાડુઆતની વિગત દર્શાવતુ પત્રક ( ફ.નં.૪.૩ )

| ક્રમ | દુકાન નંબર | જનરલ બોર્ડ ઠરાવ નં.૩૫ તા.૨૦/૬/૦૫ ની તારીખે ભાડુઆત દરજજે દુકાન કબજેદાર વેપારીનું નામ | છેવટની તબદીલની તારીખ | | છેવટની તબદીલ બાદ ભાડુઆત દરજજે દુકાનના કબજેદાર વેપારીનું નામ | જનરલ બોર્ડ માં નકકી થયેલ દર મુજબની જમા થયેલ કિંમત | પહોંચ નંબર તારીખ | | દુકાનનું ક્ષેત્રફળ કારપેટ ચો.ફુટ | સુપર બીલ્ટ અપ ચો.ફુટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | | ૮ | ૯ |
| ૧ | એફ.એફ. ૨૫ | દિલીપ મગનલાલ રાયચુરા | – | – | દિલીપ મગનલાલ રાયચુરા | ૭૯૮૫૬ | ૭૧૨૧ | ૧૫–૦૧–૧૩ | ૧૬૧.૦૦ | ૧૯૩.૨૦ |
| ૨ | જી.એફ. ૫૪ | ચમનલાલ વૃજલાલ પારેખ | ૪૦૩ | ૨૫–૧૦–૧૨ | અશોક પ્રાણજીવન પુજારા | ૮૦૭૦૦ | ૪૪૭ | ૦૮–૧૧–૧૨ | ૧૬૨.૭૦ | ૧૯૫.૨૪ |
| ૩ | જી.એફ. ૫૫ | જયરાજ ચંદુલાલ વોરા | ૪૦૨ | ૨૫–૧૦–૧૨ | અશોક પ્રાણજીવન પુજારા | ૮૦૬૯૫ | ૫૭૬૪ | ૦૯–૧૧–૧૨ | ૧૬૨.૬૯ | ૧૯૫.૨૩ |
| ૪ | જી.એફ. ૩૪ | ઈન્દુલાલ રાયચંદ વોરા | ૪૦૩ | ૨૫–૧૦–૧૨ | ધર્મેન્દ્ર વનરાવન સોમૈયા | ૫૩૭૯૭ | ૬૧૦૨ | ૦૪–૧૨–૧૨ | ૧૦૮.૪૬ | ૧૩૦.૧૫ |
| ૫ | જી.એફ. ૧૮ | ભગવાનજી દયાળજી | ૬૮૬ | ૧૧–૧૦–૧૧ | સુનિલ વિધામલ આહુજા | ૮૪૪૦૯ | ૩૧૬ | ૨૦–૦૪–૧૨ | ૧૭૦.૧૭ | ૨૦૪.૨૧ |
| ૬ | જી.એફ. ૬૨ | મે.વિશનદાસ વિધામલ | ૧૦૦૧ | ૦૧–૦૩–૧૨ | મહેશ વિધામલ આહુજા | ૮૫૬૨૫ | ૩૧૫ | ૨૦–૦૪–૧૨ | ૧૭૨.૬૩ | ૨૦૭.૧૬ |
| ૭ | જી.એફ. ૭ | કૈલાશ સુગર ટ્રેડીંગ કુ. | – | – | કૈલાશ સુગર ટ્રેડીંગ કુ. | ૮૬૩૦૪ | ૨૮ | ૫–૪–૧૦ | ૧૭૪.૦૦ | ૨૦૮.૮૦ |
| ૮ | જી.એફ. ૨૨ | હરેશ મોહનલાલ રૈયાણી | ૯૨૫ | ૧૯–૦૨–૧૧ | વિશનદાસ વિધામલ | ૭૬૦૫૨ | ૭૬૭૭ | ૨૪–૧૦–૧૧ | ૧૫૩.૩૩ | ૧૮૪.૦૦ |
| ૯ | જી.એફ. ૫૮ | હસમુખલાલ બ્રધર્સ | – | ૧૮–૧૧–૧૦ | હસમુખલાલ છોટાલાલ રૈયાણી | ૮૯૫૩૩ | ૩૧૩ | ૨૦–૦૪–૧૨ | ૧૮૦.૫૧ | ૨૧૬.૬૧ |
| ૧૦ | જી.એફ. ૬૪ | જયોતીબેન રમેશચંદ્ર લ્હેરૂ | ૯૧૫ | ૨૧–૦૧–૧૨ | ચંદ્રેશ જયંતિલાલ લ્હેરૂ | ૮૫૬૨૫ | ૩૪૫ | ૨૧–૦૪–૧૨ | ૧૭૨.૬૩ | ૨૦૭.૧૬ |
| ૧૧ | જી.એફ. ૬૬ | અનિલ દ્વારકાદાસ કોટક<br>ભરત ગુલાબરાય કોટક | ૮૫૪ | ૨૯–૧૨–૧૧ | નિલેશ નંદલાલ ગોપલાણી | ૮૫૬૨૫ | ૩૧૨ | ૨૦–૦૪–૧૨ | ૧૭૨.૬૩ | ૨૦૭.૧૬ |
| ૧૨ | જી.એફ. ૩૭ | ભરત બી. કોઠારી | ૧૦૦૨ | ૦૧–૦૩–૧૨ | પ્રશાંત ભરતભાઇ પુજારા | ૪૭૧૨૦ | ૩૦૨૯ | ૨૭–૦૮–૧૨ | ૯૫.૦૦ | ૧૧૪.૦૦ |
| ૧૩ | જી.એફ.૭૪,૭૫,૭૬ | ગુલાબરાય દ્વારકાદાસ કોટક | – | – | ગુલાબરાય દ્વારકાદાસ કોટક | ૪૦૧૭૬૦ | ૨૪૭૯ | ૦૬–૦૮–૧૨ | ૮૧૦.૦૦ | ૯૭૨.૦૦ |
| ૧૪ | જી.એફ. ૬૧ | પરસોત ટોપણદાસ<br>હરેશ ટોપણદાસ | ૨૫૨ | ૨૨–૦૬–૧૧ | જસ્મીન નિતિનભાઇ દક્ષીણી | ૮૯૨૮૦ | ૩૦૨૬ | ૨૭–૦૮–૧૨ | ૧૮૦.૦૦ | ૨૧૬.૦૦ |
| ૧૫ | જી.એફ. ૫૬ | ભવાની કરીયાણા ભંડાર | ૧૭૫ | ૨૯–૦૬–૦૮ | મુકતાબેન કરશનભાઇ મુંગરા | ૭૮૯૩૮ | ૨૨૭૮ | ૨૬–૦૭–૧૨ | ૧૫૯.૧૫ | ૧૯૦.૯૮ |
| ૧૬ | જી.એફ. ૬૫ | પરસોત ટોપણદાસ<br>હરેશ ટોપણદાસ | ૯૦૨ | ૧૭–૦૧–૧૨ | જસ્મીન નિતિનભાઇ દક્ષીણી | ૮૯૨૮૦ | ૩૦૨૭ | ૨૭–૦૮–૧૨ | ૧૮૦.૦૦ | ૨૧૬.૦૦ |
| ૧૭ | જી.એફ. ૩૯ | ભરતકુમાર પાનાચંદ | ૪૬૦ | ૧૦–૦૮–૨૦૦૦ | ભરતકુમાર પાનાચંદ | ૪૮૧૧૨ | ૩૦૨૮ | ૨૭–૦૮–૧૨ | ૯૭.૦૦ | ૧૧૬.૪૦ |
| ૧૮ | જી.એફ. ૨૦ | વલ્લભદાસ પરસોતમ તન્ના | ૩૧૧ | ૦૫–૦૯–૧૨ | લલીત પ્રાણજીવનભાઇ પુજારા | ૮૩૬૮૫ | ૪૨૦૯ | ૨૮–૦૯–૧૨ | ૧૬૮.૭૨ | ૨૦૨.૪૬ |
| ૧૯ | એફ.એફ. ૯ | સદગુરૂ સીડસ એજન્સી | ૩૦૨ | ૦૭–૦૭–૧૦ | સુરેશકુમાર રમણીકલાલ જીવરાજાણી | ૮૭૪૭૫ | ૫૦૨૮ | ૧૭–૧૦–૧૨ | ૧૭૬.૩૬ | ૨૧૧.૬૩ |
| ૨૦ | જી.એફ. ૧૭ | ભુપતરાય ધનજીભાઇ તન્ના | – | – | દિનકર ચંદુલાલ ચોટાઇ | ૭૪૮૯૬ | ૨૪૫૫૯ | ૧૯–૦૪–૦૬ | ૧૫૧.૦૦ | ૧૮૧.૨૦ |
| ૨૧ | જી.એફ. ૬૦ | રમેશ નાનજી નકુમ | ૩૧૨ | ૦૫–૦૯–૧૨ | લલીત પ્રાણજીવનભાઇ પુજારા | ૮૮૩૧૨ | ૪૨૩૯ | ૨૯–૦૯–૧૨ | ૧૭૮.૧૯ | ૨૧૩.૮૩ |
| | | | | | | ૧૯૭૭૦૭૯ | | | | |

## પરિશિષ્ટ :૧

## ગુમાનસિંહજી શોપીંગ સેન્ટરની દુકાનોની ભાડુઆતની વિગત દર્શાવતુ પત્રક ( ફ.નં.૪.૩ )

| | એ.એસ.આર. ૨૦૦૬ મુજબ જંત્રીદર | એ.એસ.આર. મુજબ દુકાનની કિંમત | મ.ન.પા. એ ઓછી લીધેલ વસુલાત પાત્ર રકમ | દસ્તાવેજમાં વપરાયેલ સ્ટેમ્પ પેપર | મું. સ્ટેમ્પ એકટ મુજબ વાપરવા પાત્ર સ્ટેમ્પ પેપર ૪.૯ ટકા | ખુટતી સ્ટેમ્પ ડ્યુટીની રકમ | વસુલ આવેલ ટ્રાન્સફર ફી ની રકમ | પહોંચ નંબર તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | |
| ૧ | ૨૨૫૦૦ | ૪૦૬૬૪૨ | ૩૨૬૭૮૬ | ૫૫૦૦ | ૧૯૯૨૫ | ૧૪૪૨૫ | – | – | – |
| ૨ | ૩૦૦૦૦ | ૫૪૭૯૧૪ | ૪૬૭૨૧૪ | દસ્તાવેજ સબ રજીસ્ટારમાંથી પરત આવેલ તેની નકલ ફાઈલે સામેલ ન હોઇ જાણી શકાયેલ નથી. | | | ૭૪૦૦૦ | ૩૧૬૨ | ૧૫–૦૯–૧૨ |
| ૩ | ૩૦૦૦૦ | ૫૪૭૮૮૬ | ૪૬૭૧૯૧ | દસ્તાવેજ સબ રજીસ્ટારમાંથી પરત આવેલ તેની નકલ ફાઈલે સામેલ ન હોઇ જાણી શકાયેલ નથી. | | | ૬૮૦૦૦ | ૨૭૬૨ | ૧૭–૦૮–૧૨ |
| ૪ | ૩૦૦૦૦ | ૩૬૫૨૪૮ | ૩૧૧૪૫૧ | દસ્તાવેજ સબ રજીસ્ટારમાંથી પરત આવેલ તેની નકલ ફાઈલે સામેલ ન હોઇ જાણી શકાયેલ નથી. | | | ૭૦૦૦૦ | ૩૬૧૬ | ૧૧–૦૯–૧૨ |
| ૫ | ૩૦૦૦૦ | ૫૭૩૦૮૭ | ૪૮૮૬૭૮ | ૪૫૦૦ | ૨૮૦૮૧ | ૨૩૫૮૧ | ૬૪૦૦૦ | ૬૬૭૪ | ૩૦–૦૯–૧૧ |
| ૬ | ૩૦૦૦૦ | ૫૮૧૩૬૬ | ૪૯૫૭૪૧ | ૩૫૦૦ | ૨૮૪૮૭ | ૨૪૯૮૭ | સ્ટે. ક. ઠરાવ નં.૩૩૦ તા.૨૭/૮/૯૮ મુજબ વિના અવેજે જે મો. બદલો કર્યો | | |
| ૭ | ૨૨૫૦૦ | ૪૩૯૪૭૬ | ૩૫૩૧૭૨ | ૪૩૦૦ | ૨૧૫૩૪ | ૧૭૨૩૪ | – | – | – |
| ૮ | ૩૦૦૦૦ | ૫૧૬૩૭૦ | ૪૪૦૩૧૮ | ૪૦૦૦ | ૨૫૩૦૨ | ૨૧૩૦૨ | ૧૬૦૦૦ | ૨૫૧૯ | ૨૮–૦૭–૧૦ |
| ૯ | ૩૦૦૦૦ | ૬૦૭૮૮૬ | ૫૧૮૩૫૩ | ૪૫૦૦ | ૨૯૭૮૬ | ૨૫૨૮૬ | વિના અવેજે મો. બદલો | | |
| ૧૦ | ૩૦૦૦૦ | ૫૮૧૩૬૬ | ૪૯૫૭૪૧ | ૪૫૦૦ | ૨૮૪૮૭ | ૨૩૯૮૭ | ૭૦૦૦૦ | ૯૬૧૬ | ૨૦–૧૨–૧૧ |
| ૧૧ | ૩૦૦૦૦ | ૫૮૧૩૬૬ | ૪૯૫૭૪૧ | ૪૫૦૦ | ૨૮૪૮૭ | ૨૩૯૮૭ | ૬૨૦૦૦ | ૫૪૪૯ | ૨૮–૧૨–૧૦ |
| ૧૨ | ૩૦૦૦૦ | ૩૧૯૯૨૫ | ૨૭૨૮૦૫ | ૫૩૦૦ | ૧૫૬૭૬ | ૧૦૩૭૬ | ૬૦૦૦૦ | ૧૧૨૭૪ | ૧૦–૦૨–૧૨ |
| ૧૩ | ૩૦૦૦૦ | ૨૭૨૭૭૮૩ | ૨૩૨૬૦૨૩ | ૨૦૧૦૦ | ૧૩૩૬૬૧ | ૧૧૩૫૬૧ | ૪૮૭૧૮<br>લીઝ ભાડુ | ૨/૨૦ | ૨૪–૦૨–૧૧ |
| ૧૪ | ૩૦૦૦૦ | ૬૦૬૧૭૪ | ૫૧૬૮૯૪ | ૬૧૦૦ | ૨૯૭૦૩ | ૨૩૬૦૩ | ૩૪૦૦૦ | ૧૨૪૮ | ૨૧–૦૫–૧૦ |
| ૧૫ | ૩૦૦૦૦ | ૫૩૫૯૫૯ | ૪૫૭૦૨૧ | ૭૩૦૦ | ૨૬૨૬૨ | ૧૮૯૬૨ | ૪૦૦૦ | ૪૬૪૬૯ | ૨૧–૦૬–૦૮ |
| ૧૬ | ૩૦૦૦૦ | ૬૦૬૧૭૪ | ૫૧૬૮૯૪ | ૫૭૦૦ | ૨૯૭૦૩ | ૨૪૦૦૩ | ૨૪૦૦૦ | ૧૦૫૩ | ૨૧–૦૩–૧૧ |
| ૧૭ | ૩૦૦૦૦ | ૩૨૬૬૬૦ | ૨૭૮૫૪૮ | ૩૭૦૦ | ૧૬૦૦૬ | ૧૨૩૦૬ | ૨૬૦૦૦ | ૨૧૮૩૮ | ૧૦–૦૮–૧૦ |
| ૧૮ | ૩૦૦૦૦ | ૫૬૮૧૭૬ | ૪૮૪૪૯૧ | ૬૬૦૦ | ૨૭૮૪૧ | ૨૧૨૪૧ | ૫૨૦૦૦ | ૨૪૬૨ | ૦૪–૦૮–૧૨ |
| ૧૯ | ૨૨૫૦૦ | ૪૪૫૪૩૩ | ૩૫૭૯૫૮ | ૪૪૦૦ | ૨૧૮૨૬ | ૧૭૪૨૬ | વિના અવેજે મો. બદલો મંજુર ૩૦૨ તા.૭/૭/૧૦ | | |
| ૨૦ | ૩૦૦૦૦ | ૫૦૮૫૧૩ | ૪૩૩૬૧૭ | ૩૭૦૦ | ૨૪૯૧૭ | ૨૧૨૧૭ | ૬૪૦૦૦ | ૩૫૭૦ | ૦૪–૦૮–૦૯ |
| ૨૧ | ૩૦૦૦૦ | ૬૦૦૦૮૪ | ૫૧૧૭૭૨ | ૫૨૦૦ | ૨૯૪૦૪ | ૨૪૨૦૪ | ૧૬૦૦૦ | ૨૪૬૧ | ૦૪–૦૮–૧૨ |
| | | **૧૨૯૯૩૪૮૮** | **૧૧૦૧૬૪૦૯** | **૧૦૩૪૦૦** | **૫૬૫૦૯૦** | **૪૬૧૬૮૮** | | | |

## ૪.૪ મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ નો રોજમેળ અધુરી વિગતે નિભાવવા બાબત. (ફકરા નં. – ૧૧૯ )

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના અન્વેષણ દરમ્યાન જનરલ રોજમેળની ચકાસણી કરતા અધુરી અને અનિયમિત રીતે નિભાવવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ. રોજમેળ જેવા અગત્યના દસ્તાવેજની નિભાવણીમાં કરેલ નીચે મુજબની અનિયમિતતા બદલ સ્પષ્ટતા કરેલ નથી. તેમજ હવે પછી તાકીદના ધોરણે ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ–૧૯૪૯ની કલમ –૯૩ મુજબ સ્ટેન્ડીંગ કમિટીમા હીસાબી નમુના નિયત કરાવી તે મુજબ અથવા તેના અભાવે મુંબઇ મ્યુનિ. એકા. કોડ–૧૯૪૮ ના નમુના અનુસાર રોજમેળની નિભાવણી કરાવવી ઘટે.

(૧) રોજમેળમાં શરૂઆતની તથા અંતની બાકી સિલક દર્શાવેલ નથી. આથી વર્ષની શરૂઆતમાં તથા અંતમાં સંસ્થાની સિલકમાં કેટલી રોકડ સિલક, બેંકવાઇઝ કેટલી બેંક સિલક તથા કેટલા રોકાણો છે તે જાણી શકાયેલ નથી તેમ જ દૈનિક ધોરણે પણ શરૂઆતની– આખર સિલકની બાકી કાઢવામાં આવેલ નથી.

(૨) કોર્પોરેશન દ્વારા એકી–બેકી તારીખ માટે અલગ–અલગ રોજમેળ નિભાવવામાં આવેલ છે જે નિયમોનુસાર ન હોય સ્પષ્ટતા કરેલ નથી.

(૩) રોજમેળમાં ફકત આવકના વ્યવહારોની નોંધ કરવામાં આવેલ છે. જ્યારે ખર્ચની કોઇ વિગતો દર્શાવેલ નથી.

(૪) રોજમેળ સિક્કા એકુન કરી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ નથી.

(૫) ચેકથી થયેલ વ્યવહારોમાં ચેક નંબર દર્શાવવા જરૂરી છે જે દર્શાવેલ નથી.તેમજ ચેકરજીસ્ટર નિભાવેલ નથી.

(૬) રોજમેળ લખવા જવાબદાર કર્મચારીશ્રીની સહી નથી. તેમજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ નથી, જે ગંભીર બાબત છે.

(૭) રોજમેળ યોગ્ય રીતે નિભાવેલ ન હોય બેંક સાથે માસવાર મેળવણું કરવામાં આવેલ નથી જે ગંભીર નાણાકીય અનિયમિતતા – ઉંચાપતનું કારણ બની શકે.

(૮) કોર્પોરેશનના વધારાના ફંડના રોકાણની કોઇ વિગતો રોજમેળમા દર્શાવેલ નથી જેથી રોકાણોના વ્યાજની આવકની વિગત ઉપલબ્ધ થયેલ નથી.

ઉપરોકત અનિયમિતતાઓને લીધે કોર્પોરેશનના હિસાબો પુર્ણ તથા પ્રમાણીત હોવા અંગેની ઓડિટને ખાતરી થઇ શકેલ નથી તથા હિસાબોની ખરાઇ અંવેષણમા શક્ય બનેલ નથી. આ બાબતે તા.૨૮/૦૨/૨૦૧૪ ના રોજ મહાનગરપાલીકા ખાતે મળેલી ઓડિટ કમિટીની બેઠકમા અધિકારીઓનુ દયાન દોરવામા આવેલ હતુ.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

## ૪.૫ અધિક એફ.એસ.આઇ. ના રજુ થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા બાબત (ફકરા નં. – ૩૬) (ટી.પી. શાખા વેસ્ટઝોન)

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના ટાઉન પ્લાનીંગ શાખા વેસ્ટઝોન દ્વારા પસંદગીના માસમાં અપાયેલ બાંધકામ પરવાનગીની ફાઇલોની ચકાસણી કરતા જી.ડી.સી.આર. ની જોગવાઇ મુજબ મળવાપાત્ર એફ.એસ.આઇ. ની ગણતરી લેવાપાત્ર બાંધકામના વિસ્તારને ધ્યાને લીધા સિવાય રજુ કરેલ બિલ્ડીંગ પ્લાનને પરવાનગી આપવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ છે. જે અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) શ્રીસાંઇ ડેવલોપર્સના પાર્ટનર્સ વિગેરે દ્વારા સ.નં.૧૩૩/પૈ. પ્લોટના ૧૮, ૧૯, ૨૦, ૨૧ નું એમાલ્ગેમેશન કરી કુલ ૧૫૭૯.૯૪ ચો.મી. ના પ્લોટ ઉપર હાઇરાઇઝ બિલ્ડીંગનો પ્લાન શાખા ઈ.નં.૩૦૪ તા.૧૮/૮/૧૦ થી રજુ કરેલ હતો. જેને ર.ચી. નં.૬૧૦ તા.૨૫/૨/૧૧ થી પરવાનગી આપવામાં આવેલ હતી.

(૨) બાંધકામ પરવાનગી તથા બિલ્ડીંગ પ્લાન શીટ નં.૩ ની ચકાસણી કરતા બિલ્ડીંગના ૧૦ મા માળે ૧.૮૯ X ૦.૮૧ ના બે ૧.૯૦ X ૧.૦૨ ના બે તથા ૪.૯૨ X ૨.૦૨ ના બે મળી કુલ ૨૬.૮૧૫ ચો.મી. ના ૬ ટેરેસ નું વધારાનું બાંધકામ કરેલ છે. નવામા માળનો બિલ્ટઅપ એરીયા ૩૪૨.૯૦ ચો.મી. થાય છે. તે મુજબ દશમાં માળનો બિલ્ડ અપ એરીયા ૩૬૯.૭૨ થાય તેના બદલે પ્લાન શીટ નં.૩ માં ૩૦૯.૯૯ ચો.મી. દર્શાવેલ છે. આમ, ૫૯.૭૩ ચો.મી. નો બિલ્ડ અપ ઓછું બતાવેલ છે. તેમાંથી ૨૬.૩૯ નો લીફ્ટ, સ્ટેર, પેસેજનો બિલ્ડ અપ વિસ્તાર જી.ડી.સી.આર. ના નિયમ મુજબ બાદ જતા દશમા માળની કુલ એફ.એસ.આઇ. ૩૪૩.૩૩ થાય છે. પ્લાન શીટ નં.૩ માં ૨૮૩.૬૦ એફ.એસ.આઇ. ગણી ૫૯.૭૩ ચો.મી. ઓછી ગણેલ છે. દશમાં માળની ખરેખર એફ.એસ.આઇ. મુજબ ગણતરી કરતા આખા બિલ્ડીંગની વપરાયેલ એફ.એસ.આઇ. નીચે મુજબ થશે.

$$F.S.I. = \frac{૨૮૯૫.૭૩}{૧૫૭૯.૯૪} = ૧.૮૩ > ૧.૮૦$$

આમ જી.ડી.સી.આર. ના નિયમો મુજબ ૧.૮૦ મળવાપાત્ર એફ.એસ.આઇ. ના બદલે ૧.૮૩ થશે. જે મળવાપાત્ર ન હોવા છતાં રજુ થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા અંગે જરૂરી સ્પષ્ટતા કરેલ નથી.

(૩) બિલ્ડીંગ પ્લાન શીટ નં.૩ માં ૫.૧૫ X ૪.૨૮ = ૨૨.૦૪ નો ઓ. ટી એસ. નો વિસ્તાર દર્શાવેલ છે. જેમાં જી.ડી.સી.આર. – ૨૦૦૪ ના નિયમ નં.૧૨.૫.૩ મુજબ કોઇ પણ બાંધકામ થઇ શકે નહી. તેમ છતાં સદર બિલ્ડીંગના દશમાં માળે ઓ.ટી.એસ. ની જગ્યામાં ૪.૯૨ X ૨.૦૨ = ૯.૯૪ ચો.મી. ના બે ટેરેસ બનાવવાના બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા આધાર રજુ થયેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી.

## ૪.૬ કોન્ટ્રાકટરોનાં બાંધકામના બીલેથી કપાત કરેલ લેબર શેષની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા બાબત (ફકરા નં. – ૧૧૭)

### હિસાબી શાખા

ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઠરાવ નં.સી.ડબલ્યુ.એ/૨૦૦૪–૮૪૧–અન–૩ તા.૩૦/૧/૨૦૦૬ ના ઠરાવ મુજબ બાંધકામના કામે કોન્ટ્રાકટરના રજુ થયેલ બીલેથી કુલ રકમ ના ૧ ટકા લેખે લેબર શેષની રકમ કપાત કરી સરકારશ્રીના મુખ્ય સદર ૦૨૩૦ શ્રમ અને રોજગારના સદરે જમા કરાવવાની રહે છે.

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના અન્વેષણ દરમ્યાન હિસાબી શાખા દ્વારા લેબર શેષની કપાત કરેલ અને સરકારશ્રીમાં જમા કરાવેલ રકમોનું રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) કોન્ટ્રાકટરના બીલ વાઇઝ કપાત કરેલ લેબર શેષની વિગતનું રજીસ્ટર તેમજ સરકારશ્રીમાં ચલણથી જમા કરાવેલ રકમોની વિગતનું રજીસ્ટર અન્વેષણમાં રજુ થયેલ ન હોવાથી સરકારશ્રીમા કુલ કેટલી રકમો જમા કરાવેલ તેની ચકાસણી ફકત માહે માર્ચ–૨૦૧૧ ના ચલણો રજુ થયેલ હોવાથી વિગતવાર ચકાસણી શકય બનેલ ન હતી.

(૨) કોન્ટ્રાકટરોના બાંધકામનાં દિવસ દરમ્યાન કરેલ ચુકવણા ના બીલોથી કપાત કરેલ લેબર શેષની કુલ રકમોનો દિવસનાં અંતે જે તે બેંક તરફથી ચેક ઇસ્યુ કરવામાં આવે છે. આ ચેકોનું રજીસ્ટર પણ અન્વેષણમાં રજુ થયેલ નથી. બેંક તરફથી મળેલ ચેકની રકમ ચલણથી સરકારશ્રીમાં જમા કરાવવામાં આવે છે. આ કપાત કરેલ રકમ તેમજ સરકારશ્રીમાં જમા કરાવેલ રકમોનો સંસ્થાએ નિભાવેલ હિસાબમાં સમાવેશ કરેલ ન હોઇ. વર્ષ દરમ્યાન કુલ કેટલી લેબર શેષની કપાત કરેલ અને આ કપાત કરેલ રકમો પૈકી કેટલી રકમો સરકારશ્રીમાં જમા કરાવેલ હતી. અને વર્ષાન્તે કેટલી રકમ જમા કરાવવાની બાકી રહે છે. તેની ઓડીટે કોઇ ચકાસણી થઇ શકેલ નથી. આમ લેબર શેષની કપાતથી મેળવેલ રકમોને સંસ્થાના હિસાબ બહાર રાખવા અંગે જવાબદારેથી જરૂરી સ્પષ્ટતા સહ પુર્તતા કરાવેલ નથી..

(૩) લેબર શેષના માહે ૩/૧૧ ના રજુ થયેલ ચલણોની ચકાસણી કરતા કયાં કયાં બીલેથી કપાત કરેલ લેબર શેષની રકમોની વિગતો જે તે ચલણ સાથે સામેલ રાખેલ ન હોવાથી લેબર શેષની નિયમાનુસાર કપાત કર્યાની તથા કપાત કરેલ રકમો સરકારશ્રીમાં જમા કરાવ્યાની યોગ્યતાની ચકાસણી થઇ શકેલ નથી.

(૪) માહે ૩/૧૧ ના રજુ થયેલ ચલણો પૈકી પરિશિષ્ટ નં.૨૫ ની વિગતેના નમૂનારૂપ નમુના રૂપ ૨૨ કિસ્સામાં ચલણો લેબર શેષનાં ચેકો મળ્યા બાદ ઘણા લાંબા સમય બાદ સરકારશ્રીમાં જમા કરાવવામાં આવેલ જણાય છે. જે અંગે જરૂરી સ્પષ્ટતા સહ બાંધકામના બીલેથી કપાત કરેલ લેબર શેષની રકમો સત્વરે સરકારશ્રીમાં જમા કરાવવાનું ધોરણ અપનાવવા વિનંતી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

## પરિશિષ્ટ નંબર –૨૫

## કોન્ટ્રાકટરોનાં બાંધકામના બીલેથી કપાત કરેલ લેબર શેષની રકમ સરકારશ્રીમાં જમા કરાવેલ તેની નમુનારૂપ વિગતો દર્શાવતુ પત્રક

| ક્રમ | ચેક નંબર | તારીખ | લેબર શેષ સરકારશ્રીમાં જમા રકમ | ચલણની તારીખ | વિલંબના દિવસો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૧ | ૬૧૦૩૦ | ૦૫/૦૨/૧૧ | ૩૬,૨૮૦ | ૨૩/૦૩/૧૧ | ૪૭ |
| ૨ | ૨૮૮૮૭૨ | ૦૯/૦૨/૧૧ | ૧૭,૧૭૨ | ૨૩/૦૩/૧૧ | ૪૩ |
| ૩ | ૫૯૮૨૭ | ૦૮/૦૨/૧૧ | ૮૨,૮૪૭ | ૨૩/૦૩/૧૧ | ૪૪ |
| ૪ | ૬૧૦૩૩ | ૦૫/૦૨/૧૧ | ૩૩,૨૪૦ | ૨૩/૦૩/૧૧ | ૪૭ |
| ૫ | ૬૧૦૪૧ | ૦૫/૦૨/૧૧ | ૧,૦૮,૨૦૬ | ૨૩/૦૩/૧૧ | ૪૭ |
| ૬ | ૫૫૧૭૪ | ૦૭/૦૨/૧૧ | ૫૫,૧૭૪ | ૨૩/૦૩/૧૧ | ૪૫ |
| ૭ | ૬૦૫૬૩ | ૧૨/૦૩/૧૧ | ૭૯,૩૦૪ | ૨૩/૦૩/૧૧ | ૧૧ |
| ૮ | ૬૦૫૪૮ | ૧૧/૦૩/૧૧ | ૪,૯૦,૫૮૩ | ૨૩/૦૩/૧૧ | ૧૨ |
| ૯ | ૬૦૫૦૮ | ૦૯/૦૩/૧૧ | ૧,૨૯,૨૧૭ | ૨૩/૦૩/૧૧ | ૧૪ |
| ૧૦ | ૬૦૪૬૧ | ૦૮/૦૩/૧૧ | ૫,૯૬,૭૭૯ | ૨૩/૦૩/૧૧ | ૧૫ |
| ૧૧ | ૬૦૪૫૯ | ૦૮/૦૩/૧૧ | ૨,૪૫,૯૨૬ | ૨૩/૦૩/૧૧ | ૧૫ |
| ૧૨ | ૬૦૬૧૫ | ૨૪/૦૨/૧૧ | ૩૫,૯૫૪ | ૨૩/૦૩/૧૧ | ૨૭ |
| ૧૩ | ૬૦૭૬૭ | ૧૨/૦૨/૧૧ | ૫૭,૦૦૩ | ૨૩/૦૩/૧૧ | ૪૦ |
| ૧૪ | ૫૮૨૮૪ | ૨૬/૧૧/૧૦ | ૮૫,૩૧૬ | ૧૨/૦૩/૧૧ | ૧૦૪ |
| ૧૫ | ૫૯૦૬૭ | ૨૯/૧૨/૧૦ | ૫,૩૧,૧૦૮ | ૧૨/૦૩/૧૧ | ૭૪ |
| ૧૬ | ૫૯૩૧૪ | ૦૫/૦૧/૧૧ | ૪૬,૪૪૨ | ૧૨/૦૩/૧૧ | ૬૬ |
| ૧૭ | ૬૧૦૦૧ | ૦૩/૦૨/૧૧ | ૧,૦૨,૧૯૨ | ૧૨/૦૩/૧૧ | ૩૭ |
| ૧૮ | ૫૯૫૩ | ૨૦/૦૧/૧૧ | ૪,૯૮,૯૯૨ | ૧૨/૦૩/૧૧ | ૨૩ |
| ૧૯ | ૨૪૧૨૭૪ | ૧૮/૧૨/૧૦ | ૧૬,૧૭,૭૫૬ | ૧૨/૦૩/૧૧ | ૮૪ |
| ૨૦ | ૫૮૮૩૭ | ૧૬/૧૨/૧૦ | ૧,૧૧,૪૦૨ | ૧૨/૦૩/૧૧ | ૮૬ |
| ૨૧ | ૫૮૩૮૪ | ૨૯/૧૧/૧૦ | ૨,૦૨,૧૦૭ | ૧૨/૦૩/૧૧ | ૧૦૩ |
| ૨૨ | ૫૮૩૮૦ | ૨૯/૧૧/૧૦ | ૬૮,૦૩૨ | ૧૨/૦૩/૧૧ | ૧૦૩ |

### ૪.૭ વાર્ષિક હિસાબો તૈયાર નહિ કરવા બાબત. (ફકરા નં. – ૧૮૦ )

રાજકોટ મહાનગરપાલીકાના સને ૨૦૧૦–૨૦૧૧ ના વર્ષના મંજુર થયેલ વાર્ષિક હિસાબો રજુ કરવા જણાવતાં હિસાબી શાખાએ વાર્ષિક હિસાબો નિભાવેલ ન હોવાનુ અન્વેષણમા ધ્યાને આવેલ.

મુંબઇ એકાઉન્ટ કોડના નિયમ–૩૧.૪ પ્રમાણે દરેક સ્થાનિક સ્વરાજયની સંસ્થાએ નાણાંકીય વર્ષમાં થયેલ તમામ આવક– જાવકના વ્યવહારો નોંધી તેના આધારે વાર્ષિક હિસાબો તૈયાર કરી મહાનગરપાલીકાની વાર્ષિક જનરલ મીટીંગમાં રજુ કરી મંજુર કરાવવાના રહે છે. સંસ્થા દ્વારા વાર્ષિક હિસાબો તૈયાર નહિ કરવાના કારણે સાચી નાણાંકીય સ્થિતિ ઓડીટમાં જાણી શકાયેલ નથી. સંસ્થામા રાજ્ય સરકારશ્રી, કેન્દ્ર સરકારશ્રી તરફથી ગ્રાંટ ફાળવવામાં આવે છે તેથી તેના હિસાબો ગુજરાત નાણાકિય નિયમો–૧૯૭૧,ગુજરાત તિજોરી નિયમો–૨૦૦૨, બી.પી.એમ.સી. એક્ટ–૧૯૪૯ મુજબ તેના હિસાબો તૈયાર કરવાના રહે તથા સંસ્થાએ બેંક મેળવણા પણ તૈયાર કરવાના રહે છે આ હિસાબો મહાનગરપાલીકામા સ્થાયી સમીતીના ઠરાવ દ્વારા વાર્ષિક હિસાબોના નમુનામાં મંજુર કરવાના રહે છે જે સંસ્થા દ્વારા કોઇ કાર્યવાહી કરવામા આવેલ નથી. જેથી સરકારશ્રીના નિયમો અનુસાર વાર્ષિક

હિસાબો નિભાવવાના રહે જે અનુસાર કામગીરી કરવામા આવેલ ન હોય તે અંગે સત્વરે વાર્ષિક હિસાબો અને બેંક મેળવણા તૈયાર કરી મંજુર કરાવવા મુખ્ય હિસાબી અધિકારીશ્રી અને કમિશ્નરશ્રીનું અંગત ધ્યાન દોરવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલીકા તેના હિસાબો સી.એ. દ્વારા પણ તૈયાર કરાવે છે જે પણ ઓડિટને રજુ કરેલ નથી. જેથી સંસ્થાની ખુલતી સિલક, કુલ આવક, કુલ જાવક (ચુકવણા) કે બંધસિલક ની ખરાઇ થઇ શકેલ નથી. સંસ્થા તેના ભંડોળ તથા આવક જે બેંક્મા રાખે છે તે બેંકોના સ્ટેટમેંટ પણ રજુ થયેલ નથી જેથી તેની સિલકો અંદાજપત્રની ખુલતી અને બંધસિલક સાથે ખરાઇ થઇ શકે. આમ વાર્ષિક હિસાબો તૈયાર ન કરેલ હોય સંસ્થા નાણાકીય નિયમોનુ પાલન કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

## ૪.૮ બેંક રિકન્સીલેશન તૈયાર ન કરવા અંગે (ફકરા નં. – ૧૨૦ )

મ્યુનીસીપલ એકાઉન્ટ કોડના ફકરા ૩૬ અન્વયે સંસ્થાએ દર મહિને આવક–જાવક વર્ગીકૃત રજીસ્ટરો પરથી માસિક હિસાબો તૈયાર કરવાના રહે છે. જેમાં ઉઘડતી સિલકનો રોજમેળ જોડે હિસાબ મેળ કરવાનો રહે છે. તેવી જ રીતે વાર્ષિક આવક–જાવકના હિસાબો વર્ગીકૃત રજીસ્ટરે નિભાવવાના હોય છે. તથા તેની આવક–જાવક રોજમેળ અને બેંક સાથે મેળવણા કરવાના રહે છે. સંસ્થા દ્વારા માસિક અને વાર્ષિક આવક–જાવકના વર્ગીકૃત રજીસ્ટરો નિભાવવામાં આવેલ નથી તથા તેના મેળવણાં રોજમેળ સાથે કરવામાં આવેલ નથી.

મ્યુનીસીપલ એકાઉન્ટ કોડના ફકરા નંબર–૪૪ અને ગુજરાત તિજોરી નિયમો–૨૦૦૨ મુજબ રોજમેળ અને બેંક પાસબુક વચ્ચે મેળવણા થવા જરૂરી છે. જનરલ કેશબુકમાં બંધ તારીજ કાઢીને બેંક પાસબુક સાથે આવક ખર્ચના વ્યવહારો મેળવી સિલકની ખરાઇ કરીને બેંક રિકન્સીલેશન તૈયાર કરવાની હોય છે. મહાનગરપાલીકા રાજકોટના સને ૧૯૬૮–૬૯ થી ૧૯૯૨–૯૩ સુધીના બેંક મેળવણા જે ચડત થયેલ તે કામગીરી પુર્ણ કરવા શ્રી એમ. પી. સીંગ– અમદાવાદ ચાર્ટડ એકાઉન્ટશ્રીની નિમણુંક કરવામાં આવેલ. જેના દ્વારા તા.૩૧/૩/૨૦૧૧ સુધી કેટલી કામગીરી કરવામાં આવેલ તેની ખરાઇ કરાવેલ નથી. સંસ્થાની તા.૩૧/૩/૨૦૧૧ ના રોજ પુરાંત બાકી રૂા.૫૧૫૭.૨૪ લાખ રહેલ. જે અંગે કઇ બેંકમાં કેટલી રકમ રહેલ અને રોજમેળ–વર્ગીકૃત રજીસ્ટરમાં આ સિલકની ખરાઇ કરાવવી રહે તથા રોજમેળ–બેંક પાસબુકની સાથે બેંક મેળવણા સદરવાર તૈયાર થયેલ હોય તે રજુ કરવાના રહે.

સંસ્થાના સને ૨૦૧૨–૧૩ ના અંદાજપત્રની વિગતે તા.૩૧/૩/૦૯ ના પુરાંત બાકી રૂા.૬૮૩૬.૮૬ લાખ તા.૧/૪/૨૦૦૯ ના રોજ ખસેડવામા આવેલ છે. તેવી જ રીતે તા.૩૧/૩/૧૦ ની સિલક રૂા.૧૧૪૨૩.૧૬ લાખ તા.૧/૪/૨૦૧૦ ના લીધેલ. પરંતુ તા.૩૧/૩/૧૧ ની રૂા.૯૫૭૩.૯૫ લાખની કુલ બાકી સિલક(અનામત સાથે) તા.૧/૪/૧૧ ના રોજ રૂા.૧૦૦૪૭.૫૮ લાખની દર્શાવેલ છે. જેથી સિલક રૂા.૪૭૩.૬૩ લાખ વધુ દર્શાવવા અંગે સ્પષ્ટતા સહ ખરાઇ કરાવેલ નથી. સંસ્થાની કેશબૂક રજુ ન થવાથી તથા બેંક સ્ટેટમેંટ રજુ ન થવાથી ઓડિટ વર્ષ૨૦૧૦–૧૧ નુ બેંક રીકંસીલેશન કે તેમા આવતા તફાવતોની વિગત ઓડિટ દ્વારા ચકાસી શકાયેલ નથી અને સંસ્થા દ્વારા પણ આ વિગતો રજુ કરવામા આવેલ નથી

જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ ૯૩ મુજબ દરેક મહાનગરપાલીકાએ તેના હિસાબો સ્થાયી સમિતિ દ્વારા નકકી કરવામાં આવે નિયત ફોર્મેટમાં રાખવાના હોય છે. જે નમુના નકકી થયેલ હોય તેની અન્વેષણને ખરાઇ કરાવેલ નથી. ઉપરાંત નકકી થયેલ નમુના /ફોર્મેટ મુજબ હિસાબો નિભાવવામાં આવેલ હોય તે રજુ કરવાના રહે.

સંસ્થા દ્વારા બેંક મેળવણા ન કરવાને કારણે જે ચુકવણા કરવામા આવેલ છે તેમા વધુ ચુકવણા થયેલ હોય અથવા દુબાર ચુકવણા થયેલ હોય અથવા વધુ રકમ જમા થયેલ હોય અથવા ચેક પરત થયેલ હોય તે અંગે કોઇ નોધ થયેલ ન હોય તેની ખરાઇ થાય નહી, જેથી વધુ ચુકવણા અંગે કે ચેક પરત થયા હોય તેની ગભીર અનિયમિતતા ધ્યાને આવી શકેલ નથી. જેથી બેંક રીકંસીલેશનની કાર્યાવાહી તાત્કાલિક કરીને ખરાઇ કરાવવી રહે.

આમ, તા.૩૧/૩/૨૦૧૧ ના રોજ સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવેલ બેંક સિલક મેળ રજુ કરવુ રહે. ઉપરાંત સી.એ. દ્વારા તૈયાર થયેલ અગાઉના સિલક મેળની પરિસ્થિતિની ખરાઇ કરાવેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

## ૪.૯ સીટી બસ સ્ટોપ બનાવવા તથા તેના પર જાહેરાતો પ્રસિધ્ધ કરવા અપાયેલ કોન્ટ્રાકટની અનિયમિતતા બાબત. (ફકરા નં. – ૫૭ ) (JnNURM)

સમગ્ર રાજકોટ શહેરને આવરી લેતા કુલ ૧૦૦ સીટી બસ સ્ટોપ બનાવવા તેની જાળવણી કરવા તથા તેના પર જાહેરાતો પ્રસિધ્ધ કરવા માટે પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ(PPP) મોડેલ હેઠળ દશ વર્ષ સુધીનો કરાર / લાયસન્સ આપવા મહાનગરપાલીકાએ તા.૨૬/૧૨/૦૭ ના રોજ દૈનિક સંદેશ તથા ટાઇમ્સ ઓફ ઇન્ડીયામાં જાહેરાત આપી ટેન્ડર મંગાવેલ. ત્રણ એજન્સીઓના ટેન્ડર સમય મર્યાદામાં ભરાઇને પરત આવેલ. જે પૈકી શ્રી જીનેસીસ પબ્લીસીટી બોમ્બે તકનીકી પાત્રતા ધરાવતુ ન હોવાના કારણે રદ કરાયેલ. બાકી રહેલ બે એજન્સીઓ પૈકી ચિત્રા પબ્લીસીટી અમદાવાદનું પ્રાઇઝબીડ અપસેટ પ્રાઇઝ રૂા.૪૦૦૦/– થી ઓછું હોય રદ કરાયેલ. સમભાવ મિડીયા– અમદાવાદનું પ્રાઇઝબીડ પ્રતિ બસ સ્ટેન્ડ, પ્રતિ માસ રૂા.૧૦,૦૦૦/– આવતા તેમને સ્થાયી સમિતિના ઠરાવ નં.૩૬૩ તા.૨૫/૧/૦૮ થી મંજુરી અપાયેલ. જેને કમિશ્નરશ્રીએ હુકમ નં.રામનપા/સ્ટે.ક.ઠ.નં.૩૬૩ તા.૧૬/૨/૦૮ થી વહીવટી મંજુરી આપેલ. સમભાવ મિડીયા તરફથી તા.૨૧/૧/૦૮ ના રોજ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર પર કરારનામું રજુ કરતા બાંધકામ શાખા દ્વારા તા.૨૨/૨/૦૮ ના રોજ કરાયેલ હુકમ મુજબ તેમણે તા.૨૨/૮/૦૮ સુધીમાં બસ સ્ટેન્ડ બનાવવાની કામગીરી પુર્ણ કરવાની થતી હતી. કરાર અનુસાર રૂા.૧,૦૦,૦૦૦/– ની એસ.ડી. પહોંચ નં.૪૧૪૬૬ તા.૧૦/૬/૦૮ થી જમા લેવાયેલ. ઉકત ફાઇલની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) કરારની શરત મુજબ લાયસન્સ ફી ની રકમ માસ શરૂ થયા પહેલા એટલે કે તા.૧૨ થી તા.૨૧ સુધીમાં જમા કરાવવાની રહે છે. એજન્સીએ જમા કરાવેલ લાયસન્સ ફી ની વિગતો ચકાસતા માહે માર્ચ–૧૧ સિવાય એક પણ માસની લાયસન્સ ફી સમયસર જમા કરાવેલ નથી. કરારની શરત મુજબ રકમ મોડી જમા કરાવવા અંગે દૈનિક રૂા.૩૮૪/– લેઇટ ફી વસુલ લેવાની જોગવાઇ થયેલ હોય પરિશિષ્ટની વિગતે રૂા.૨,૯૨,૬૦૮/– લેઇટ ફી ની રકમ એજન્સી પાસેથી વસુલાત કરવી.

(૨) ફાઇલ પર સામેલ ટેન્ડર રજીસ્ટર મુજબ કુલ પાંચ એજન્સીઓના ટેન્ડર સમય મર્યાદામાં ભરાઇ પરત થયેલ હતા. તેમ છતા ક્રિષ્ના કોમ્યુનીકેશન રાજકોટ તથા લક્ષ્ય મીડીયા પ્રા.લી. અમદાવાદના ટેન્ડરો ખોલવા તથા તેમા આવેલ ભાવો તુલનાત્મક પત્રક ન દર્શાવવા, પ્રક્રિયામાં ધ્યાને ન લેવામાં આવેલ હોવાનું જણાય છે. જે અંગે જરૂરી સ્પષ્ટતા કરેલ નથી. એજન્સીઓ તરફથી ભરાયેલ ટેન્ડરોની ફાઇલ અન્વેષણમાં રજુ થયેલ ન હોય તેની ચકાસણી શકય બનેલ નથી.

(૩) તા.૧/૨/૧૩ ના રોજ એજન્સીને ટર્મીનેટ કરેલ હોઇ ત્યાં સુધીની બાકી ચડત રકમ રૂા.૯૪,૬૩,૬૪૪/– એજન્સી પાસેથી વસુલાત કરવી રહે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૧૨/૨૦૧૫ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ધ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી.

## પરિશિષ્ટ નંબર – ૧૦

## સીટી બસ સ્ટોપ જાહેરાતની લાયસન્સ ફી ની રકમ એજન્સીએ જમા કરાવ્યાની વિગત દર્શાવતું પત્રક

| જમા કરાવેલ લાયસન્સ ફી ના પહોંચ નંબર | તારીખ | લાયસન્સ ફી ની રકમ | રકમનો સમયગાળો | કરાર મુજબની નિયત છેલ્લી તારીખ | વિલંબના દિવસો | કરાર મુજબ પ્રતિદિન વિલંબ ચાર્જ | વિલંબીત રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨૦૧૦/૧૦૦૦૦૦૦૯ | ૦૫–૦૪–૧૦ | ૨૨૦૬૦૦૦ | ૨/૧૦ | ૨૧–૦૨–૧૦ | ૪૩ | ૩૮૪ | ૧૬૫૧૨ |
| ૨૦૧૦/૧૦૦૦૦૦૦૯ | ૦૫–૦૪–૧૦ | ૦ | ૩/૧૦ | ૨૧–૦૩–૧૦ | ૧૫ | ૩૮૪ | ૫૭૬૦ |
| ૨૦૧૦/૧૦૦૦૧૬૭૨ | ૧૪–૦૬–૧૦ | ૨૨૦૬૦૦૦ | ૪/૧૦ | ૨૧–૦૪–૧૦ | ૫૪ | ૩૮૪ | ૨૦૭૩૬ |
| ૨૦૧૦/૧૦૦૦૧૬૭૨ | ૧૪–૦૬–૧૦ | ૦ | ૫/૧૦ | ૨૧–૦૫–૧૦ | ૨૪ | ૩૮૪ | ૯૨૧૬ |
| ૨૦૧૦/૧૦૦૦૨૮૯૯ | ૨૫–૦૮–૧૦ | ૧૧૦૩૦૦૦ | ૬/૧૦ | ૨૧–૦૬–૧૦ | ૬૫ | ૩૮૪ | ૨૪૯૬૦ |
| ૨૦૧૦/૧૦૦૦૩૪૬૦ | ૨૨–૦૯–૧૦ | ૨૨૦૬૦૦૦ | ૭/૧૦ | ૨૧–૦૭–૧૦ | ૬૩ | ૩૮૪ | ૨૪૧૯૨ |
| ૨૦૧૦/૧૦૦૦૩૪૬૦ | ૨૨–૦૯–૧૦ | ૦ | ૮/૧૦ | ૨૧–૦૮–૧૦ | ૩૨ | ૩૮૪ | ૧૨૨૮૮ |
| ૨૦૧૦/૧૦૦૦૬૨૨૪ | ૧૮–૦૧–૧૧ | ૨૨૦૬૦૦૦ | ૯/૧૦ | ૨૧–૦૯–૧૦ | ૧૧૯ | ૩૮૪ | ૪૫૬૯૬ |
| ૨૦૧૦/૧૦૦૦૬૨૨૪ | ૧૮–૦૧–૧૧ | ૦ | ૧૦/૧૦ | ૨૧–૧૦–૧૦ | ૮૯ | ૩૮૪ | ૩૪૧૭૬ |
| ૨૦૧૦/૧૦૦૦૭૩૫૫ | ૦૮–૦૩–૧૧ | ૩૩૦૯૦૦૦ | ૧૧/૧૦ | ૨૧–૧૧–૧૦ | ૧૦૭ | ૩૮૪ | ૪૧૦૮૮ |
| ૨૦૧૦/૧૦૦૦૭૩૫૫ | ૦૮–૦૩–૧૧ | ૦ | ૧૨/૧૦ | ૨૧–૧૨–૧૦ | ૭૭ | ૩૮૪ | ૨૯૫૬૮ |
| ૨૦૧૦/૧૦૦૦૨૮૯૯ | ૦૮–૦૩–૧૧ | ૦ | ૧/૧૧ | ૨૧–૦૧–૧૧ | ૪૬ | ૩૮૪ | ૧૭૬૬૪ |
| ૨૦૧૦/૧૦૦૦૭૫૯૮ | ૨૧–૦૩–૧૧ | ૨૨૦૬૦૦૦ | ૨/૧૧ | ૨૧–૦૨–૧૧ | ૨૮ | ૩૮૪ | ૧૦૭૫૨ |
| ૨૦૧૦/૧૦૦૦૭૫૯૮ | ૨૧–૦૩–૧૧ | ૦ | ૩/૧૧ | ૨૧–૦૩–૧૧ | ૦ | ૩૮૪ | ૦ |
| | | **૧૫૪૪૨૦૦૦** | | | | | ૨૯૨૬૦૮ |

### ૪.૧૦ મિલકત વેરાની બાકી પર ચડત વ્યાજમાં નિયમ વિરૂધ્ધ વળતર આપવા બાબત. (ફકરા નં. – ૫૩ )

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના અન્વેષણ દરમ્યાન ટેક્ષ શાખાની આવકની ચકાસણી કરતા મહાનગરપાલીકાએ વર્ષ દરમ્યાન મિલકત વેરો ભરપાઇ કરનાર કરદાતાઓને મિલકત વેરાની બાકી રકમ પર ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિ. કોર્પોરેશન એક્ટ–૧૯૪૯ ની કલમ નં.૧૪૧–ક મુજબ ચડત વ્યાજની રકમમાં વળતર આપવામાં આવેલ હોવાનું ઘ્યાને આવેલ છે. અને અન્વેષણ વર્ષમાં આપવામાં આવેલ વ્યાજ વળતરની કુલ રકમ રૂા.૧૩,૩૦,૨૪,૬૮૦/– જેવી થાય છે. જે અંગે રજુ થયેલ ઠરાવોની ચકાસણી કરતા નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) જનરલ બોર્ડ ઠરાવ નં.૫૦ તા.૧૬/૨/૨૦૧૦ ના પેરા નં.બ અને ક અન્વયેથી સને ૨૦૧૦–૧૧ ના નાણાકીય વર્ષ દરમ્યાન તા.૧/૪/૨૦૧૦ થી તા.૧૫/૮/૨૦૧૦ સુધી સામાન્ય કર, સફાઇ કર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, શિક્ષણ ઉપકર, દીવાબત્તી વેરો, પાણી વેરો, નોટીસ ફી તથા દંડની તમામ રકમ ભરપાઇ કરનારને ઠરાવથી નિયત કરેલ દરે વ્યાજની કુલ બાકી રકમમાં પ્રોત્સાહક વળતર આપવુ તેવી જોગવાઇ કરેલ હતી. ત્યાર બાદ સ્થાયી સમિતિના તા.૭/૧/૧૧ ના ઠરાવ નં.૫૧૭ થી ઠરાવની તારીખથી તા.૨૮/૨/૧૧ સુધી ઠરાવમાં નિયત થયેલ દરે જનરલ બોર્ડની મંજુરીની અપેક્ષાએ વ્યાજની બાકી રકમ પર પ્રોત્સાહક વળતર આપવાનું ઠરાવેલ હતુ. જેને જનરલ બોર્ડ ઠરાવ નં.૫૭ તા.૧૯/૨/૨૦૧૧ થી બહાલી આપવામાં આવેલ હતી. તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં.૫૯૫ તા.૧૧/૩/૧૧ થી ઉકત વ્યાજ વળતરની યોજનાને તા.૩૧/૩/૧૧ સુધી લંબાવવામાં આવેલ હતી.

(૨) બી.પી.એમ.સી. એક્ટ–૧૯૪૯ ની કલમ નં.૧૪૧–ક મુજબ કરવેરાની બાકી રકમ ભરવાને જવાબદાર વ્યક્તિ ઠરાવેલ સમય મર્યાદામાં ભરપાઇ ન કરે તો મિલકત વેરાની બાકી રકમ ઉપર દર વર્ષે અઢાર ટકાના દરે સાદુ વ્યાજ ચાર્જ કરવાની જોગવાઇ થયેલ છે. આ ચડત વ્યાજની રકમમાં વળતર / માફી આપવાની કોઇ જોગવાઇ થયેલ ન હોવા છતાં વ્યાજની બાકી રકમમાં પ્રોત્સાહક વળતર આપવાની યોજના ઉકત અધિનિયમના કયાં નિયમો ઠરાવોના આધારે અમલમાં લાવવામાં આવેલ હતી. જે અંગે રેકર્ડ આધારીત ખરાઇ કરાવવી.

(૩) ઉકત પ્રોત્સાહક વળતરની યોજના અમલમાં મુકી નિયમ વિરુધ્ધ વ્યાજની રાહત આપી સને ૨૦૧૦–૧૧ ના વર્ષ દરમ્યાન નમુનારૂપ કિસ્સાઓને ધ્યાનમા લેતા મ્યુનિ. ફંડને રૂા.૧૩,૩૦,૨૪,૬૮૦/– જેવી રકમનું નુકશાન થયેલ છે. જે અંગે જરૂરી સ્પષ્ટતા મહાનગરપાલિકાને થયેલ આર્થિક નુકસાની અંગે સક્ષમ સત્તાધિકારીશ્રી પાસે વિનિયમીત કરાવવામાં આવેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

**૪.૧૧ બી.એસ.યુ.પી.–૨ પેકેજ–૪ ના કામની અનિયમિતતા બાબત. (ફકરા નં. – ૪૦ )**

**(JnNURM શાખા)**

| ૧ | એજન્સીનું નામ | મે. પટેલ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. રાજકોટ |
|---|---|---|
| ૨ | કામની અંદાજીત રકમ | રૂા.૮,૬૦,૭૨,૯૧૨/– |
| ૩ | વહીવટી મંજુરી | સ્ટે.ક.ઠ.નં.૭૮ તા.૧૬/૫/૦૮<br>કમિશ્નરશ્રીના વહીવટી હુકમ નં.૯૧ તા.૨/૬/૦૮ |
| ૪ | કામ પુર્ણ થયા તારીખ | તા.૧/૨/૧૦ |
| ૫ | કામનો કુલ ખર્ચ | રૂા.૧૧,૮૪,૭૦,૪૬૫/– |

JnNURM – બી.એસ.યુ.પી.–૨ અંતર્ગત શહેરી ગરીબો માટે રાજકોટ શહેરમાં ૩૪૦૦ આવાસો બાંધવા તથા આનુસાંગિક અન્ય કામો માટે રૂા.૬૪૬૪.૨૭ લાખનો પ્રોજેકટ રીપોર્ટ કેન્દ્ર સરકાર દ્વારા મંજુર કરાયેલ. સક્ષમ એજન્સીની પસંદગી માટે આ કામના બાર ભાગ(પેકેજ) પાડી ઇ–ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ. દસ્તાવેજોની ખરાઇ કરતા પેકેજ–૪ માટે મે. પટેલ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. રાજકોટ સક્ષમ જણાતા તા.૧/૪/૦૮ ના રોજ પ્રાઇસ બીડ ખોલવામાં આવેલ. જેમાં તેમના દ્વારા રજુ થયેલ ૫૯.૭૮ ટકા વધુ જણાતા વાટાઘાટ બાદ અંતે તેઓ ૪૫.૪૫ ટકા વધુ ભાવે કામ કરવા સંમત થયેલ. જેને સ્ટે.ક.ઠ.નં.૭૮ તા.૧૬/૫/૦૮ તથા કમિશ્નરશ્રી હુકમ નં.૯૧ તા.૨/૬/૦૮ થી મંજુરી અપાયેલ. પેકેજ–૪ અંતર્ગત નાનામવા ટી.પી. સ્કીમ–૩, ફાઇનલ પ્લોટ–૯ માં ૪૮૮ આવાસો બાંધવાના કામે રજુ થયેલ વર્કફાઇલ, માપપોથીઓ તથા બીલો વગેરે સાધનિક રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉકત કામે કોન્ટ્રાકટરશ્રીની માંગણી મુજબ ૨" (નોન રેસીડેન્ટ) નું નળ કનેકશન નોંધણી નં.૦૧–૦૦૦૨૧૬૯૭૯, તા.૨૮/૧૦/૨૦૦૮ થી આપવામાં આવેલ. (વોર્ડ–૧ ઘર નં૦૦૦૨૧૬૯૭૯) પાણી વેરા ચાર્જ અન્વયે રૂા.૮૧૩૦/– પહોંચ નં.૧૨૨૩૯/ ૨૦૧૦–૧૧ તા.૭/૭/૧૦ થી ભરવામાં આવેલ છે. તેમજ નળ કનેકશન બંધ કરવા માટેનો ચાર્જ રૂા.૨૫૦/– પહોંચ નં.૩૭૪૭ તા.૧૪/૭/૧૦ થી ભરવામાં આવેલ છે. માપપોથીની ચકાસણી કરતા પહોંચ નં.૧૨૨૩૯ મુજબ રૂા.૮૧૩૦/– ની પાણી વેરાની કપાત કર્યા બાબતે નોંધ થયેલ છે. પરંતુ સદરહું પહોંચમાં રૂા.૮,૫૨,૦૮૧/– ની રકમ મળવાની બાકી દર્શાવેલ છે. જે વસુલાત થયાના આધારો ફાઇલ–એમ.બી. પર સામેલ ન હોય આધારો રજુ કરાવેલ નથી..

(૨) ગુજરાત વેટ અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૫૮(એ) અને ૫૯(બી) તથા નાણા વિભાગના જાહેરનામા ક્રમાંકઃજીએનએન/૮૮ તા.૧૧/૧૦/૨૦૦૬ અને જીએચએન/ ૧૪/વેટ/૨૦૦૮/ એટી/૫૯/બી/ ૩(૧) (૨)/થ અન્વયે રૂા.૧ કરોડથી વધુ રકમના કામો માટે ઇજારદાર દ્વારા પ્રત્યેક બીલમાંથી વેટની રકમ ૦.૬૦ ટકા લેખે કાપીને સરકારશ્રીમાં ભરપાઇ કરવાની રહે છે. ઉકત કામે વેટની કોઇ પણ કપાત કરવામાં આવેલ ન હોય કામની કુલ ચુકવાયેલ રકમ રૂા.૧૧,૮૪,૭૦,૪૬૫/– પર ૦.૬૦ ટકા લેખે રૂા.૭,૧૦,૮૨૨/– એજન્સી પાસેથી વસુલ લઇ સરકારશ્રીમાં જમા કરવા રહે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૧૨/૨૦૧૫ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ધ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી.

**૪.૧૨ ટી.પી.સ્કીમ નં.૧અને ૪ રૈયા તથા ૫–નાના મવા અંતર્ગત પ્રાપ્ત થયેલ વાણિજય હેતુ માટેની જમીન જાહેર હરરાજીથી ભાડા પટે આપવા બાબત. (ફકરા નં. – ૧૩ ) ટી.પી. શાખા**

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના અનવેષણ દરમ્યાન ટી.પી. શાખાએ ટી.પી. સ્કીમ નં.૧ અને ૪ રૈયા તથા ૫–નાના મવા હેઠળ મહાનગરપાલીકાએ મેળવેલ ફાઇનલ પ્લોટ નં.૩૧૬/પૈ. ૫૭૬,૩૯૯, ૫૬૧ તથા ૧૦૩ની વાણિજય હેતુ માટેની જમીન જાહેર હરરાજીથી વિકાસ કરવા માટે લીઝ(ભાડાપટ્ટા)થી આપેલ હતી. અને આ અંગે સંસ્થાને કુલ રૂા.૫૫,૨૦,૭૦,૧૭૦/– ની આવક થયેલ હતી.

જાહેર હરાજીની પ્રક્રીયાને જનરલ બોર્ડ ઠરાવ નં.૧૪ તા.૧૭/૫/૧૦ તથા ઠરાવ નં. ૩૧ તા.૨૦/૧૧/૧૦થી મંજુરી મળેલ હતી.

**જમીન વેચાણની રજુ થયેલ ફાઇલોની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.**

(૧) ટી.પી. સ્કીમ હેઠળ મેળવેલ પ્લોટો ભાડાપટ્ટે આપવા માટે ટેન્ડર મેન્યુઅલની જોગવાઇ મુજબ હરાજીની તારીખ પહેલા ૪૫ દિવસ અગાઉ જિલ્લાના મુખ્ય મથકે થી પ્રસિધ્ધ થતા અને એક અમદાવાદથી પ્રસિધ્ધ થતા ગુજરાતી દૈનિક તથા એક અંગ્રેજી દૈનિક એમ કુલ–૩(ત્રણ) દૈનિકમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવી જાહેર હરાજી કરવાની રહે છે. ઉકત ફાઇલોની ચકાસણી કરતા નિયમાનુસાર જાહેરાત આપવામાં આવેલ હોવાના એક પણ આધાર સામેલ રાખેલ ન હોવાથી થયેલ હરાજીમાં સ્પર્ધાત્મક હરીફાઇ થયાની અન્વેષણને ખરાઇ થતી નથી.

(૨) હરાજીની શરત નં.૯ મુજબ મેસર્સ ગજાનંદ પ્રોપર્ટીઝ દ્વારા પ્લોટની કુલ કિંમતના ૨૫ ટકા રકમ રૂા.૧,૦૫,૧૯,૬૫૦/– તા.૩૦/૪/૧૦ ના રોજ મહાનગરપાલીકા ખાતે જમા કરાવવામાં આવેલ. ત્યાર બાદ મેસર્સ ગજાનંદ ને પત્ર નં.૧૩૭ તા.૨૫/૫/૧૦ થી બાકીની ૭૫ ટકા રકમ જમા કરાવવા જણાવતા તેમણે નીચે દર્શાવ્યા મુજબ રકમ જમા કરાવેલ હતી.

| ક્રમ | પહોંચ નંબર | તારીખ | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૦/૧૦૦૦ ૨૦૬૪ | ૨/૭/૧૦ | ૫૪,૦૦,૦૦૦/– |
| ૨ | ૨૦૧૦/૧૦૦૦ ૨૨૩૯ | ૯/૭/૧૦ | ૧,૩૫,૦૦,૦૦૦/– |
| ૩ | ૨૦૧૦/૧૦૦૦ ૨૬૭૧ | ૧૦/૮/૧૦ | ૯૩,૦૦,૦૦૦/– |
| ૪ | ૨૦૧૦/૧૦૦૦ ૨૭૨૯ | ૧૩/૮/૧૦ | ૩૦,૫૦,૨૨૦/– |
| | | **કુલ** | **૩,૧૫,૫૦,૨૨૦/–** |

(૩) વિલંબથી જમા કરાવેલ રકમ પર મેસર્સ ગજાનંદ પ્રોપર્ટીઝ પાસેથી વ્યાજના બાકી રૂા.૨૦,૭૯૪/– તથા વસંત ડેવલોપર્સ પાસેથી વ્યાજના બાકી રૂા.૪,૦૬,૭૪૫/– એમ કુલ રૂા.૪,૨૭,૫૩૯/– વસુલ લઇ રેકર્ડ આધારીત ખરાઇ કરાવેલ નથી. તેમજ શરત નં.૯ મુજબ નિયત સમયમર્યાદામાં ૭૫ ટકા રકમ જમા કરાવવામાં નિષ્ફળ જનાર પાર્ટી મેસર્સ ગજાનંદ પ્રોપર્ટીઝ તથા શ્રી મુળજીભાઇ લીંબાભાઇ ભીમાણી પાસેથી ૨૫ ટકા રકમ અનુક્રમે રૂા.૧,૦૫,૧૯,૬૫૦/– તથા રૂા.૩,૮૧,૬૧,૮૦૦/– જપ્ત નહી કરવા અંગે જરૂરી સ્પષ્ટતા રજુ કરેલ નથી.

(૪) વેચાણ કરેલ પ્લોટની ઓછી લીધેલ વસુલાત નીચેના પત્રકમાં વિગતવાર દર્શાવવામાં આવેલ છે જે મુજબની વસુલાત સંબંધિત પ્લોટ ધારકો પાસેથી મેળવવી રહે.

| અ.નં | પ્લોટ ધારકનું નામ | પ્લોટ નં. | પ્લોટનું ખરેખર ક્ષેત્રફળ(ચો. મી. ) | ફાઈલમાં દર્શાવેલ પ્લોટનું ક્ષેત્રફળ | વસુલાત |
|---|---|---|---|---|---|
| ૧ | ઓમ શિવાલીક એસોસીએટસ | ૫૬૧ | ૧૩૫૦.૪ | ૧૨૭૦ | ૨૭,૦૩,૬૯૮/- |
| ૨ | વસંત ડેવલોપર્સ | ૧૦૩ | ૫૨૫૦.૪૬૧ | ૫૧૬૮ | ૨૪,૪૩,૨૭૬/- |
| ૩ | રાજકોટ નાગરીક સહકારી બેન્ક | ૫૭૬ | ૨૧૯૪.૫૦ | ૨૧૪૩ | ૨૭,૮૭,૭૭૭/- |
| ૪ | ચીમનભાઇ લાલજીભાઇ લોઢીયા | ૩૧૬ | ૩૮૬૩.૫૨ | ૩૮૫૨.૮૦ | ૫,૫૨,૪૧૮/- |
| | | | | **કુલ** | **૮૪,૮૭,૧૬૯/-** |

(૫)જનરલ બોર્ડના ઠરાવ નં ૯૯ તા. ૨૦/૨/૨૦૦૩ તથા તે અન્વયે  સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : રમન/૧૦૨૦૦૩/૧૧૩૭ તા.૩૧/૫/૦૩ થી મંજુરી મળ્યા મુજબ ખાનગી માલીકીની ખુલ્લી જમીન પરનો ટેક્ષ રૂા. ૭/- પ્રતિ ચો. મીટર પ્રતિ વર્ષ લેખે તા.૧/૪/૨૦૦૩ થી વસુલ લેવાપાત્ર થાય છે. તે પ્રમાણે નીચે મુજબના ખુલ્લા પ્લોટનો ટેકસ વસુલ લેવાનો રહે છે.

| પ્લોટ નં. | ચો.મી. | વસુલ લીધેલ ટેકસ | વપરાશ પ્રમાણપત્ર મેળવ્યાની તારીખ | ટેકસ વસુલાતનો સમયગાળો | વસુલાત રૂા. |
|---|---|---|---|---|---|
| ૧૦૩/પૈ. | ૫૧૬૮ | - | ૩૦/૭/૧૩ | ૧/૧૦/૧૦ થી ૩૦/૭/૧૩ (૩૪ માસ) | ૧,૦૨,૪૯૯ |
| ૩૯૯ | ૧૪૪૫.૭૦ | - | ૨૩/૧/૧૨ | ૧/૯/૧૦ થી ૩૦/૧/૧૨ (૧૭ માસ) | ૧૪,૩૩૭ |
| ૫૬૧ | ૧૨૭૦ | ૫/૮૬ | - | ૧/૧/૧૧ થી ૩૧/૭/૧૩ (૩૧ માસ) | ૧૭,૭૮૦ |
| ૩૧૬/પૈ | ૩૮૫૩ | | | ૧/૭/૧૦ થી ૩૧/૭/૧૩ | ૮૩,૧૬૧ |
| ૫૭૬ | ૨૧૪૩ | | | ૧/૭/૧૦ થી ૩૧/૭/૧૩ | ૪૬,૨૫૩ |
| | | | | **કુલ** | **૨,૬૪,૦૩૦** |

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

### ૪.૧૩ કરાર મુકત થયા બાદ બાકીના સમયગાળા દરમ્યાન એજન્સી દ્વારા જાહેરાતના બોર્ડ નહી ઉતારાતા મહાનગરપાલીકાને થયેલ આર્થિક નુકસાન બાબત. (ફકરા નં. – ૯ )

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦-૧૧ ના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ શાખા દ્વારા રજુ થયેલ ટેન્ડર દ્વારા કરારથી આપવામાં આવેલ જાહેરાતના હોર્ડીંગ બોર્ડની ફાઈલોની ચકાસણી કરવામાં આવેલ.

રાજકોટ શહેરના અલગ–અલગ ૨૦ રોડ પર સેન્ટ્રલ લાઈટીંગ પોલ કુલ ૮૩૧ તથા મહિલા કોલેજ અન્ડરપાસ પર ૧૩ હોર્ડીંગ્સ બોર્ડ તથા ૧૩ કિઓસ્કબોર્ડ પર જાહેરાત પ્રસિધ્ધ કરવા માટે તા.૧/૫/૦૮ થી તા.૩૦/૪/૧૧ સુધીની ત્રિવાર્ષિક મુદત માટે ઇ–ટેન્ડરથી ભાવો મંગાવતા સમભાવ મિડીયા લી. અમદાવાદના ભાવો અનુક્રમે ૮૩૧ પોલના રૂ.૫,૧૯,૮૫,૧૭૨/– તથા ૨૬ સાઈટના રૂ.૨,૦૬,૨૩,૪૦૦/– ઉંચા દરે હોય સ્થાયી સમિતિના ઠરાવ નં.૭૭ તા.૧૬/૫/૦૮ થી મંજુરી અપાયેલ અને તા.૨/૬/૦૮ ના રોજ તેમને ઉપરોકત સાઈટસનું એલોટમેન્ટ અપાયેલ. તેમજ શ્રી ક્રિષ્ના કોમ્યુનીકેશન (આઉટડોર) અમદાવાદને શહેરની કુલ ૯ સાઈટ પર 30' X ૧૫' ના હોર્ડીંગબોર્ડ મુકવા માટે તા.૧/૮/૦૭ થી તા.૩૧/૭/૧૦ સુધીના સમયગાળા માટે રૂ.૫૫,૨૫,૦૦૦/– માં સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૪૬ તા.૭/૯/૦૭ થી આપવાનું ઠરાવેલ હતુ.

શ્રી સમભાવ મીડીયા, અમદાવાદ પાસે કરાર મુકત થયા તારીખ પછીના સમયગાળા માટે બાકી લાયસન્સ ફી ની રકમ જા.નં.રામનપા/એસ્ટેટ/સે.ઝોન/ જા.નં.૧૪૭ તા.૧૪/૫/૨૦૧૦ માં દર્શાવ્યા મુજબ નીચે પ્રમાણે હતી.

| | |
|---|---|
| તા.૧/૫/૨૦૦૮ થી તા.૩૦/૪/૨૦૧૧ | ૭,૨૬,૦૮,૫૭૧/– |
| એજન્સીએ જમા કરાવેલ લાયસન્સ ફી | (–)૧,૪૫,૪૬,૫૦૮/– |
| **કુલ બાકી** | ૫,૮૦,૬૨,૦૬૩/– |
| એજન્સીને એલોટમેન્ટ તા.૧૪/૬/૦૮ થી આપેલ હોય તા.૧/૫/૦૮ થી ૧૩/૬/૦૮ સુધીની લાયસન્સ ફીની રકમ | (–)૨૪,૯૦,૪૫૩/– |
| **એકંદર બાકી** | ૫,૫૫,૭૧,૬૧૦/– |

શ્રી ક્રિષ્ના કોમ્યુનીકશેન (આઉટડોર) અમદાવાદ પાસે કરાર મુકત થયા તારીખ પછીના સમયગાળા માટે બાકી લાયસન્સ ફી ની રકમ જા.નં.રામનપા/એસ્ટેટ/ સે.ઝોન/જા.નં.૧૪૮ તા.૧૪/૫/૨૦૧૦ મુજબ નીચે પ્રમાણે હતી.

| | |
|---|---|
| તા.૧/૮/૨૦૦૭ થી તા.૩૧/૭/૨૦૧૦ | ૫૫,૨૫,૦૦૦/– |
| એજન્સીએ જમા કરાવેલ લાયસન્સ ફી | (–)૨૯,૨૫,૦૦૦/– |
| **એકંદરે કુલ બાકી** | ૨૬,૦૦,૦૦૦/– |

ઉક્ત ફાઈલોની ચકાસણી કરતા ધ્યાને આવેલ અનિયમિતતા અંગે નીચે મુજબ નોંધ આપવામાં આવે છે.

(૧) એસ્ટેટ શાખાના જાવક નં.રામનપા/એસ્ટેટ/જા.નં.૬૭૫ તા.૨૭/૩/૨૦૦૯ થી સમભાવ મીડીયા લી. અમદાવાદને તા.૧/૩/૨૦૦૯ થી કરાર મુકત કરવા થયેલ હુકમમાં તા.૨૮/૨/૨૦૦૯ સુધીની બાકી લાયસન્સ ફી ની રકમ રૂ.૭૨,૫૨,૪૦૦/– સત્વરે જમા કરાવવા જણાવતા તેના જવાબમાં એજન્સીના પત્ર નં.રાજકોટ/કિયોસ્કા/ ૦૨૨/૦૯/૧૦ તા.૧૩/૪/૦૯ થી નીચે મુજબની વિગતે રકમ જમા કરાવેલ હતી.

| **ડી.ડી. નં.** | **બેંકનું નામ** | **તારીખ** | **રકમ રૂ.** |
|---|---|---|---|
| ૩૬૭૫૮ | દેના બેંક | ૨૦/૧/૦૯ | ૧૫,૦૦,૦૦૦/– |
| ૨૨૮૩૭૩ | દેના બેંક | ૧૩/૨/૦૯ | ૭,૪૭,૨૦૦/– |
| ૩૬૭૫૯ | દેના બેંક | ૧૩/૪/૦૯ | ૧૧,૪૧,૫૧૫/– |
| | | | **૩૩,૮૮,૭૧૫/–** |
| **સીકયોરીટી ડીપોજીટ (મહાનગરપાલીકા માં જમા રાખેલ છે) એફ.ડી.આર** | | **૩૬,૩૦,૪૨૯/–** | |
| સી.ડી. એફ.ડી.આર.ની બેંકે ઘટાડેલ રકમ | | ૮૧,૬૭૩/– | ૩૫,૪૮,૭૫૬/– |
| **એજન્સીની જમા થયેલ રકમ** | | | ૬૯,૩૭,૪૭૧/– |
| **એજન્સી દ્વારા ઓછી જમા થયેલ રકમ** | | | ૩,૧૪,૯૨૯/– |
| **કુલ લાયસન્સ ફી** | | | ૭૨,૫૨,૪૦૦/– |

ઉકત વિગતે ઓછી જમા કરાવેલ રકમ રૂા.૩,૧૪,૯૨૯/– વસુલ કરવી રહે.

(૨) ઉકત વિગતે તા.૨૮/૨/૦૯ સુધીની લાયસન્સ ફી પેટે જમા આપેલ હતી. જયારે સીકયોરીટી ડીપોઝીટની રકમ રૂા. ૩૬,૩૦,૪૨૯/– ટેન્ડરની શરત, સ્ટે.ક.ઠ.નં.૬૩ તા.૨૩/૪/૧૦ તથા જા.નં.રામનપા/ એસ્ટેટ/સે.ઝોન/જા.નં.૧૪૭ તા.૧૪/૫/૨૦૧૦ તથા કમીશનરશ્રીના હુકમ નં.રામનપા/ એસ્ટેટ/ સે.ઝોન/જા.નં.૮૨૯ તા.૧૫/૧/૨૦૧૧ માં જણાવ્યા મુજબ જપ્ત કરવા પાત્ર થાય છે. તેના બદલે લાયસન્સ ફી પેટે જમા આપેલ હતી.

(૩) સમભાવ મિડીયા લી.ને તા.૧/૩/૦૯ થી કરારમુક્તિ અપાયેલ. ત્યાર બાદ કરારના સમગ્ર સમય સુધી એટલે કે તા.૩૦/૪/૧૧ સુધી મહિલા કોલેજ અન્ડરપાસમાં વધારાના કુલ ૨૬ માસ સુધી હોર્ડીગબોર્ડ લાગેલા હોઇ ત્રિવાર્ષિક કરારની કુલ રકમ રૂા.૨,૦૬,૨૩,૪૦૦/– મુજબ ગણત્રી કરતા કુલ રૂા.૧,૪૮,૯૪,૬૭૮/– એજન્સી પાસેથી વસુલાત લેવાની રહે છે. તેમ જ ઉકત એજન્સીને ઉપરોકત સાઇટસ ઉપરાંત શહેરના જુદા–જુદા ૨૦ રોડ પર કુલ ૮૩૧ સેન્ટ્રલ લાઇટીંગ પોલ પર જાહેરાતના બોર્ડ લગાડવાનો કરાર આપવામાં આવેલ અને તેમાંથી પણ તા.૧/૩/૦૯ ના રોજથી મુક્તિ અપાયેલ. તે જાહેરાતના બોર્ડસ પણ એજન્સી તરફથી સમયસર ઉતારી લેવામાં આવેલ હોવાની ખાત્રી મહાનગરપાલિકાના રેકર્ડ પરથી થયેલ નથી.

પ્રસ્તુત ફકરામાં અનિયમીતતા પરત્વે મહાનગરપાલિકાએ કરેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

## ૪.૧૪ વેકેન્સી એલાઉન્સના ચુકવણાની અનિયમિતતા બાબત. (ફકરા નં. – ૭)

### ટેક્ષ શાખા

ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસીપલ કોર્પોરેશન એકટ–૧૯૪૯ ના શેડયુલ–એ ના પ્રકરણ–૮ ના નિયમ–૫૬, ૫૭, ૫૯, ૬૧ ની જોગવાઇઓ મુજબ જે મિલકતનો ઉપયોગ થતો ન હોય અને ખાલી રહેતી હોઇ તેવી મિલકતનો કરદાતાએ ભરેલ કરવેરા પૈકી સફાઇ કરની પુરેપુરી રકમ નિયમ–૫૬(૧) તથા મકાન વેરાની ૨/૩ ભાગની રકમ નિયમો–૫૬(૨), ફાયર ટેક્ષની ૨/૩ ભાગની રકમ નિયમ૫૬(૨) તથા ધી ગુજરાત એજયુકેશન એકટ ૧૯૬૨ ના પ્રકરણ–૪ ના નિયમ ૨૩(૧) અન્વયે શિક્ષણ ઉપકરની ૨/૩ ભાગની રકમ રીફંડ કરવાની જોગવાઇ ઉકત અધિનિયમ હેઠળ થયેલ છે. ઉકત અધિનિયમ મુજબ નીચે મુજબની તમામ શરતો પરીપુર્ણ થતી હોય તે મિલકતના ભરપાઇ કરેલ કરવેરાની રકમની નિયત થયેલ દરે વેરાની રકમો પરત(રીફંડ) કરવા પાત્ર થાય છે.

- કેન્સલ માટેની અરજી પ્રત્યેક હિસાબી વર્ષ માટે કરવાની રહે છે.
- આવેલ અરજીઓ ઇન્વર્ડ રજીસ્ટરે નોંધાયેલ હોવી જોઇએ.
- અરજીની તારીખથી સવાલવાળી મિલકત લાગ લગાટ ઓછામાં ઓછુ ૬૦ દિવસ જે તે હિસાબી વર્ષમાં ખાલી રહેલ હોવું જોઇએ.
- અરજી ઇન્વર્ડ થયેથી સંબંધીત કર્મચારીએ પ્રતિમાસ મિલકત ખાલી રહેતા હોવા અંગે સ્થળ તપાસ કરી તેનો તપાસણી રીપોર્ટ તપાસણી અધિકારીશ્રી સમક્ષ કરવાનો રહેશે.
- જે તે હિસાબી વર્ષ બાદ પણ ખાલી રહેવાની હોય તો નવા હિસાબી વર્ષ શરૂ થયા બાદ ૩૦ દિવસમાં લેખીતમાં નોટીશ આપવાની રહેશે.
- સવાલવાળી મિલકતનો વેરો જે તે વર્ષમાં ભરપાઇ કરેલ હોવો જોઇશે.

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦ ટેક્ષ શાખાના અન્વેષણમાં વેકેન્સી રીફંડ ચુકવણાના આ સાથે સામેલ પત્રકની વિગતે નમુનારૂપ કિસ્સાઓની ચકાસણીમાં નીચે મુજબની અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે. જે અંગે ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) કચેરી હુકમ રામનપા/વે.કમે/ટેક્ષ/જા.નં.૧૧૧૪ તા.૨૫/૨/૦૯ થી વેકેન્સી એલાઉન્સના ચુકવણા અંગેની કરવાની થતી કાર્યપધ્ધતિ નાયબ કમિશ્નરશ્રીએ નિયત કરેલ છે. જેના મુદા નં.૪ થી કોઇ મિલકતના કરવેરા સંબંધી ખાસ નોટીશ સામે વાંધા અરજી થયેલ હોય અને તેમાં વેકેન્સી એલાઉન્સની માંગણી કરેલ હોય અથવા આકારણી ફાયનલ થયા પહેલાના સમયનાં વેકેન્સી એલાઉન્સની માંગણીના કિસ્સામાં નિયમ–૫૭ મુજબ મિલકત વેરાની બાકી નીકળતી રકમ સંપુર્ણ ભરપાઇ કરવા તથા મિલકત ખાલી રહેવાની સમય મર્યાદામાં આપવાની થતી નોટીસ તથા દર વર્ષે વેકેન્સી એલાઉન્સ માંગણી અરજીની શરતો પરિપુર્ણ ન થતી હોય તો પણ વેકેન્સી એલાઉન્સ ચુકવવા માટે ધ્યાને લેવા અંગે ઉકત નિયમ વિરૂધ્ધની કાર્યપધ્ધતિ નિયત કરવા તથા નિયમો મુજબ ચુકવણાને પાત્ર ન હોવા છતાં વેકેન્સી એલાઉન્સના ચુકવણા કરવા નિયમોની ઉપરવટ જઇ કરેલ વેકેન્સી એલાઉન્સની રકમની વસુલાત કરવી રહે.

(અ) મિલકત નં.૧૫/૧૧૫૪૮/૦૦૩/૦૦૦ ની નિયમ મુજબ મિલકત ખાલી રહેવા માટે આપવાની થતી નોટીસ રજુ થયેલ નથી. વેકેન્સી એલાઉન્સ અંગે પાર્ટીએ નોટીશ નહીં આપેલ હોવા છતાં હુકમ નં.રામનપા/પશ્ચિમ ઝોન/ ટેકસ જા.નં.૫૩૭ તા.૨૭/૭/૨૦૧૦ મુજબ ઓડીટ બીલ નં.૧૮૩૬૮/ ૧૮૩૬૯ તા.૨૧/૧૨/૧૦ થી અનુક્રમે રૂા.૬૯૦૬/– સામાન્ય કર તથા રૂા.૧૫૧૨/– શિક્ષણ ઉપકરનાં મળી કુલ રૂા.૮૪૧૮/– રીફંડ નિયમાનુસાર ચુકવવા પાત્ર ન હોવા છતાં ચુકવણાં કરેલ હતા. જે પરત વસુલ લેવા રહે.

(બ ) મિલકત નં.૦૩/૪૪૩૮, ૦૩/૪૪૩૯, ૦૩/૪૪૪૦ તથા ૦૩/૪૪૪૧ ના મિલકત ધારકોએ મિલકત ખાલી રહેવા અંગે નોટીશના ઇન્વર્ડ નં.૯ તા.૧/૪/૦૯ થી નોંધાયેલ છે. પરંતુ ઉકત મિલકતો તા.૧/૪/૨૦૦૯ થી તા.૩૧/૩/૨૦૧૦ દરમ્યાન બીન વપરાશમાં રહેલ હોવા અંગેના કોઇ આધારો સામેલ રાખેલ ન હોય તેમજ વોર્ડ ઇન્સપેકટરે દર મહિને રજુ કરવાનો થતા તપાસણી રીપોર્ટ રજુ કરેલ નથી. આમ, કુલ રૂા.૧,૪૬,૦૨૬/– રીફંડ ચુકવવા પાત્ર ન હોવા છતાં રીફંડની રક ચુકવેલ હોઇ વસુલાત કરવી રહે.

(ક) મિલકત નં.૧૫/૫૦૬૨/૦૦૦/૦૦૦ તથા ૧૫/૫૦૬૨/૦૦૨/૦૦૦ નાં મિલકત ના તપાસણી રીપોર્ટમાં મિલકત(બંધ) બીન વપરાશી હોવાની કોઇ નોંધ ન હતી તેમજ સને ૦૫/૦૬ થી સને ૦૮/૦૯ ના વર્ષનો જગ્યા તપાસણી રીપોર્ટ રજુ કરેલ નથી. જેથી સમગ્ર સમયગાળા દરમ્યાન ઉકત મિલકત બીન વપરાશી હોવાનું ફલીત થતુ ન હોવા છતાં કચેરી હુકમ નં.આર.એમ.સી/ટેકસ જા.નં.૬૦૨ અને ૬૦૩ તા.૧૬/૮/૧૦ થી વેકેન્સી એલાઉન્સ મંજુર કરી રૂા.૧૦,૨૦૦/– વેકેન્સી એલાઉન્સ નું નિયમો વિરૂધ્ધ ચુકવણા કરવામા આવેલ છે જે પાર્ટી પાસેથી વસુલાત કરવી રહે.

(૨) ઉક્ત અધિનિયમના નિયમ ૫૬, ૫૭, ૫૯, ૬૧ ની તમામ જોગવાઇઓ પરીપુર્ણ થતી હોય તો ઠરાવેલ દરે મિલ્કત વેરાની રકમ રીફંડ કરવાની જોગવાઇ થયેલ છે. પરંતુ મિલ્કત વેરાની કુલ બાકી રકમ પૈકી ઠરાવેલ દરે રીફંડ કરવાપાત્ર રકમ કુલ બાકી રકમમાંથી બાદ /મજરે આપવાની અધિનિયમમાં કોઇ જોગવાઇ ન હોવા છતા નાયબ કમીશ્નરશ્રી ટેક્સ શાખા ના પરીપત્ર નં. રામનપા/વ./વેઝો /ટેક્સ જા.નં. ૧૧૧૪ તા. ૨૫/૦૨/૦૯ ના મુદ્દા નં. ૫ માં જણાવ્યા મુજબ "સંપુર્ણ લેણી રકમ ભરપાઇ થયેલ ન હોય તેવા કિસ્સાઓમા ૧/૩ રકમ તથા સંપુર્ણ રકમ ઉપરનુ લેવાપાત્ર વ્યાજ વસુલ કરી ખાસ કિસ્સા તરીકે કમીશ્નરશ્રીની પૂર્વ મંજુરી આવશ્યક રહેશે." તે શરતે વેકેન્સી એલાઉન્સ બાદ/મજરે આપવાની નિયમ વિરુધ્ધની કાર્યવાહી નિયત કરેલ હતી જે અંગે જવાબદારેથી જરુરી સ્પષ્ટતા કરાવેલ નથી. તેમ જ આ કાર્યપધ્ધતી પ્રમાણેના નીચે મુજબના નમુનારુપ કિસ્સાઓ ચકાસણી કરતા કમીશ્નરશ્રીની પૂર્વ મંજુરી લીધા સિવાય ટેક્સ ઓફીસરશ્રીની મંજુરીથી મિલ્કતવેરાની બાકી રકમમાંથી તારીખ ૨૫/૦૨/૦૯ ના મુદ્દા નં.૫ મુજબની રકમની વસુલાત મેળવ્યા સિવાય વેકેન્સી એલાઉન્સની રકમ બાદ/મજરે આપવામાં આવેલ છે.

તા.૧/૪/૯૫ થી તા.૩૧/૩/૧૦ સુધી કુલ ૧૮૦ માસનો રીપોર્ટ રજુ કરવા તેમજ વેકેન્સી એલાઉન્સ મળવાપાત્ર ન હોવા છતાં કરવેરાની કુલ બાકી રૂા.૫,૩૯,૯૭૬/- સામે ફાઇલે સામેલ વેકેન્સી એલાઉન્સ ગણતરી પત્રકમાં જણાવ્યા મુજબ વસુલ આવેલ રકમ રૂા.૧,૬૧,૩૦૪/- (કે જેના કોઇ આધારો રજુ થયેલ નથી.) સામે હુકમ નં.આર.એન.સી.ટેકસ જા.નં.૨૧૬૩ તા.૨૬/૧૦/૧૦ થી રૂા.૩,૭૮,૬૭૨/- નું વેકેન્સી એલાઉન્સ મજરે જમા આપવા જમા આપેલ રકમની પરત વસુલાત કરવી.

(૩) નિયમ-૫૬, ૫૭, ૫૯, ૬૧ ની તમામ જોગવાઇ પરીપુર્ણ થતી હોય તેવા કિસ્સાઓમાં નિયમમાં ઠરાવેલ દરે મળવાપાત્ર વેકેન્સી એલાઉન્સ પરત કરવાના નિયમાનુસાર રીફંડ બીલો ટેક્ષ શાખાએ બનાવી અને બનાવેલ રીફંડ બીલોને મહાનગરપાલીકા ની ઓડીટ શાખામાં ચકાસણી અર્થે રજુ કરવાના રહે છે. ઓડીટ શાખા નિયમોની તમામ જોગવાઇ ચકાસી બીલો પાસ કરે ત્યાર બાદ તેના ચુકવણા કરવાના રહે છે. તેના બદલે ટેક્ષ શાખાએ વેકેન્સી એલાઉન્સ મજરે કરવાના કરેલ હુકમ મુજબ ટેક્ષ શાખાના કર્મચારી દ્વાર કુલ માંગણા સામે મંજુર થયેલ વેકેન્સી એલા. જમા નોંધ કરવામાં આવે છે. વેકેન્સી એલાઉન્સનું બીલ બનાવવામાં આવતુ નથી. તથા કરવાના ચુકવણાની ઓડીટ શાખાએ કરવાની ચકાસણી થતી નથી. આમ વેકેન્સી એલાઉન્સ ચુકવણાની નિયમાનુસારની હિસાબી પધ્ધતિનો અમલ થતો નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

**વેકેન્સી એલાઉન્સના ચુકવણાની અનિયમિતતાની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | મિલકત નંબર | બીપીએમસી એકટની કલમ ૫૬, ૫૭ મુજબ મિલકત ખાલી રહેવા અંગેની કમિશ્નરને આપેલ નોટીશની વિગત | વોર્ડ ઇન્સ્પેકટરે નિયમાનુસાર કરેલ તપાસણી રીપોર્ટની માહિતી | મંજુર કરેલ વેકેન્સી એલાઉન્સનો સમયગાળો | મંજુર કરેલ વેકેન્સી એલાઉન્સનો મંજુરી હુકમ | મંજુર કરેલ વેકેન્સી એલાઉન્સની રકમ | મિલકત બંધ રહેલના અરજદારે રજુ કરેલ આધારની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧૫/૧૧૫૪૮/૦૦૩/૦૦૦ | નોટીશ આપેલ નથી | દર મહિને કરવાની થતી સ્થળ તપાસણી રીપોર્ટ તારીખ સાથે વિગતવાર ભરેલ નથી. બાર માસનો સંયુકત ‘‘બંધ’’ લખી રીપોર્ટ ભરેલ છે. | તા.૧/૪/૦૯ થી તા.૩૧/૩/૧૦ | ૫૩૭ તા.૨૭/૭/૧૦ | ૮૪૧૮ | બંધના આધારો અરજદારે રજુ કરેલ નથી |
| ૨ | ૦૩/૪૪૩૮, ૦૩/૪૪૪૦ ૦૩/૪૪૩૯, ૦૩/૪૪૪૧ | નોટીશ આપેલ છે ઇ.નં.૯ તા.૧/૪/૦૯ | તપાસણી રીપોર્ટ ભરેલ નથી | તા.૧/૪/૦૯ થી તા.૩૧/૩/૧૦ | ૩૬૩૪ તા.૨૦/૧૨/૧૦ | ૧૪૬૦૨૬ | બંધના આધારો અરજદારે રજુ કરેલ નથી |
| ૩ | ૧૫/૫૦૬૨/૦૦૦/૦૦૦ ૧૫/૫૦૬૨/૦૦૨/૦૦૦ | નોટીશ આપેલ છે. | ૨૦૦૫-૦૬ થી ૨૦૦૮-૦૯ ની જગ્યા તપાસણી રીપોર્ટ રજુ નથી. ૨૦૦૯-૧૦ નો માસીક તપાસણી રીપોર્ટમાં તારીખ નોંધેલ છે. પરંતુ તપાસણીની વિગત દર્શાવેલ નથી. | તા.૧/૪/૦૬ થી તા.૩૧/૩/૧૦ | ૬૦૨, ૬૦૩ તા.૧૬/૮/૧૦ | ૧૦૨૦૦ | બંધના આધારો અરજદારે રજુ કરેલ નથી |

| ક્રમ | મિલકત નંબર | બીપીએમસી એકટની કલમ ૫૬, ૫૭ મુજબ મિલકત ખાલી રહેવા અંગેની કમિશ્નરને આપેલ નોટીશની વિગત | વોર્ડ ઈન્સ્પેકટરે નિયમાનુસાર કરેલ તપાસણી રીપોર્ટની માહિતી | મંજુર કરેલ વેકેન્સી એલાઉન્સનો સમયગાળો | મંજુર કરેલ વેકેન્સી એલાઉન્સનો મંજુરી હુકમ | મંજુર કરેલ વેકેન્સી એલાઉન્સની રકમ | મિલકત બંધ રહેલના અરજદારે રજુ કરેલ આધારની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૪ | ૧૫/૧૫૨૨૦/૦૦૦/૦૦૦ | નોટીશ આપેલ નથી | તા.૧/૪/૦૭ થી તા.૩૧/૩/૦૯ બે વર્ષની મિલકત બંધનો સંયુકત રીપોર્ટ ભરેલ છે. તા.૧/૨/૯૮ થી તા.૩૧/૩/૦૭ ની વિગત દર્શાવેલ નથી. | તા.૧/૨/૯૮ થી તા.૩૧/૩/૦૯ | મંજુરી હુકમ નંબર મળેલ નથી | ૬૧૨૨૫ | રૂ.૨૦/- ના સ્ટેમ્પ પર વિજકનેકશન નહી લીધાનું સોગંદનામું સામેલ છે. |
| ૫ | ૦૯/૦૦૦૯૪/૦૦૧/૦૦૦<br>૦૯/૦૦૦૯૪/૦૦૨/૦૦૦<br>૦૯/૦૦૦૯૪/૦૦૫/૦૦૦<br>૦૯/૦૦૦૯૪/૦૦૬/૦૦૦<br>૦૯/૦૦૦૯૪/૦૦૮/૦૦૦ | નોટીશ આપેલ નથી | તમામ દુકાનોના ઘર નંબર લખી સંયુકત રીતે ‘‘દુકાનો બંધ રહેલ છે’’ તેવો રીપોર્ટ ભરેલ છે તપાસણીની માસવાર વિગતો દર્શાવેલ નથી | તા.૧/૪/૦૮ થી તા.૩૧/૩/૧૦ | ૫૪૩ તા.૧૬/૬/૧૦ | ૨૪૦૫૮ | બંધના આધારો અરજદારે રજુ કરેલ નથી |
| ૬ | ૦૬/૩૨૮૪/૧૯૯/૦૦૦<br>૦૬/૩૨૮૪/૨૦૭/૦૦૦ | નોટીશ આપેલ નથી | ૧૦ વર્ષના સમગ્ર સમયગાળાની તપાસણીનો સંયુકત મિલકતનો એક જ રીપોર્ટ તા.૧/૯/૧૦ ના રોજ ભરેલ છે | તા.૧/૪/૦૧ થી તા.૩૧/૩/૧૦ | ૧૫૩૬ તા.૨/૮/૧૦ | ૬૧૩૩૪ | બંધના આધારો અરજદારે રજુ કરેલ નથી |
| ૭ | ૦૭/૨૦૯૨૯/૦૦૦/૦૦૦ | નોટીશ આપેલ છે. જે કચેરીમાં ઈન્વર્ડ થયેલ નથી. | તા.૧/૪/૯૫ થી તા.૩૧/૩/૧૦ નો સંયુકત એક જ પેજમાં લાઈટ બીલના આધારે બંધ રહેલ નો રીપોર્ટ આપેલ છે. | તા.૧/૪/૯૫ થી તા.૩૧/૩/૧૦ | ૨૧૩૬ તા.૨૬/૧૦/૧૦ | ૩૭૮૬૭૨ | માહે ૫/૯૬ થી ૯/૯૯ સુધીના વિજબીલો મુજબ કુલ ૮૫૦ યુનિટનો વીજ વપરાશ થયેલ છે. માહે ૧૦/૯૯ થી ૩/૧૦ સુધીના વીજ બીલો રજુ થયેલ નથી |
| | | | | | | ૬૮૯૯૩૩ | |

## ૪.૧૫ બી.એસ.યુ.પી.-૨ પેકેજ-૩ ના કામની અનિયમિતતા બાબત. (ફકરા નં. -૩૮) (JnNURM શાખા)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | મે. નટવર કન્સ્ટ્રકશન કુા.-સુરત |
| ૨ | કામની અંદાજીત રકમ | રૂ.૫,૯૦,૮૫,૪૧૫/- |
| ૩ | વહીવટી મંજુરી | સ્ટે.ક.ઠ.નં.૭૮ તા.૧૬/૫/૦૮<br>કમિશ્નરશ્રીના વહીવટી હુકમ નં.૯૧ તા.૨/૬/૦૮ |
| ૪ | કામ પુર્ણ થયા તારીખ | તા.૧૭/૧/૨૦૧૦ |
| ૫ | કામનો કુલ ખર્ચ | રૂ.૮,૨૦,૦૫,૭૭૯/- |

JnNURM – બી.એસ.યુ.પી.–૨ અંતર્ગત શહેરી ગરીબો માટે રાજકોટ શહેરમાં ૩૪૦૦ આવાસો બાંધવા તથા આનુસાંગિક અન્ય કામો માટે કેન્દ્ર સરકારની મંજુરી મેળવી સક્ષમ એજન્સીની પસંદગી માટે આ કામના બાર ભાગ(પેકેજ) પાડી ઇ–ટેન્ડરથી સ્ટાર રેટ સાથે ભાવો મંગાવવામાં આવેલ. દસ્તાવેજોની ખરાઇ કરતા પેકેજ–૩ માટે કુલ ત્રણ એજન્સીઓ કવોલીફાય થયેલ. પ્રાઇઝબીડ ખોલવામાં આવતા મે.નટવર કન્સ્ટ્રકશન કુા.–સુરત ૩૬ ટકા વધુ ભાવ સાથે એલ–૧ રહેલ. રૂબરૂ વાટાઘાટ દરમ્યાન તેઓ ભાવમાં ઘટાડો કરવા સહમત થયેલ ન હતા. તેમજ સ્ટીલ અને સિમેન્ટના ભાવ વધારાની આર.બી.આઇ. ઇન્ડેકસની કોલમ પણ રદ કરવા સહમત થયેલ ન હતા. તેમજ ભાવ વ્યાજબી જણાતા સ્ટે.ક.ઠ.નં.૭૮ તા.૧૬/૫/૦૮થી કામની મંજુરી અપાયેલ. પેકેજ–૩ અંતર્ગત રૈયા ટી.પી. સ્કીમ નં. –૬, ફાઇનલ પ્લોટ–૨૪૮ માં ૩૩૬ આવાસો બાંધવાના કામે રજુ થયેલ વર્કફાઇલ, માપપોથીઓ તથા બીલો વગેરે સાધનિક રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) મહાનગરપાલીકા દ્વારા બાર પેકેજ માટે ઇ–ટેન્ડરીંગ કરવામાં આવતા સ્ટારરેટ (સ્ટીલ સિમેન્ટ સાથેના ભાવ મંગાવવામાં આવેલ. અન્ય તમામ એજન્સીઓ દ્વારા પોતાના ભાવ સ્ટાર રેટ સાથે ભરવામાં આવેલ છતાં વાટાઘાટ બાદ તેઓ આરબીઆઇ ઇન્ટેકસની કલોઝ રદ કરવા સાથે ભાવઘટાડો કરવા સંમત થયેલ. ફકત મે.નટવર કન્સ્ટ્રકશનના ભાવ સ્ટાર રેટ સાથે મંજુર કરવામાં આવેલ છે અને સિમેન્ટ–સ્ટીલ સ્ટારરેટ રૂા.૨૩,૧૮,૯૪૮/–નુ ચુકવણું કરવામાં આવેલ છે. ફકત મે.નટવર કન્સ્ટ્રકશન ના ભાવો સ્ટાર રેટ સાથે મંજુર થવા બાબતે સ્પષ્ટતા કરવી.

(૨) બીસીયુપી–૧ આવાસ યોજના પેકેજ નં.૨, ૪, ૬ ના કોન્ટ્રાકટર કૃણાલ સ્ટ્રકચર લી. રાજકોટને કોર્પોરેશનના તા.૨૬/૨/૦૮ ના હુકમથી સરકારી ધોરણે ૯૦૬૬ મેટ્રીક ટન (૫૩ ગ્રેડ) સિમેન્ટ ફાળવવા નાગરીક પુરવઠા નિગમ–ગાંધીનગરને લખાણ થયેલ હતુ. તે મુજબ નિગમ તરફથી સરકારી ધોરણે રૂા.૧૬૭/– પ્રતિ ૫૦ કિ.ગ્રા.ની એક થેલીના દરે સિમેન્ટ ફાળવવામાં આવેલ હતી. આ કામે એજન્સીને સ્ટારરેટ અપાયેલ હોય, જો નાગરિક પુરવઠા નિગમ પાસેથી સિમેન્ટ મેળવવામાં આવેલ હોત તો આ કામે ૯૬૦ મેટ્રીક ટનના વપરાશ માટે રૂા.૩૨,૦૬,૪૦૦/– ચુકવણું કરવું પડયુ હોત. પરંતુ એજન્સીને બેઝીક ભાવ રૂા.૨૨૧/– મુજબ ચુકવણું ગણાતા ૯૬૦ મેટ્રીક ટન માટે રૂા.૪૨,૪૩,૨૦૦/– + રૂા.૧૫,૨૭,૫૫૨(૩૬ ટકા વધુ)+ રૂા.૫૭,૧૮૭/– (સ્ટાર રેટ) = રૂા.૫૮,૨૭,૯૩૯/– નું ચુકવણું થાય. જેથી સંસ્થાને રૂા.૨૬,૨૧,૫૩૯/– નું આર્થિક નુકશાન થયેલ છે.

(૩) ગુજરાત વેટ અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૫૮(એ) અને ૫૮(બી) તથા નાણા વિભાગના જાહેરનામા ક્રમાંકઃજીએનએન/૮૮ તા.૧૧/૧૦/૨૦૦૬ અને જીએચએન/ ૧૪/વેટ/૨૦૦૮/ એટી/૫૯/ બી/૩ (૧) (૨)/થ અન્વયે રૂા.૧ કરોડથી વધુ રકમના કામો માટે ઈજારદાર દ્વારા પ્રત્યેક બીલમાંથી વેટની રકમ ૦.૬૦ ટકા લેખે કાપીને સરકારશ્રીમાં ભરપાઇ કરવાની રહે છે. ઉકત કામે વેટની કોઇ પણ કપાત કરવામાં આવેલ ન હોય કામની કુલ ચુકવાયેલ રકમ રૂા.૮,૨૦,૦૫,૭૭૯/– પર ૦.૬૦ ટકા લેખે રૂા.૪,૯૨,૦૩૫/– એજન્સી પાસેથી વસુલ લઇ સરકારશ્રીમાં જમા કરાવવી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૧૨/૨૦૧૫ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ધ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી.

### ૪.૧૬ નિયમ મુજબની વસુલાતો મેળવ્યા સિવાય રજુ થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા તથા અન્ય અનિયમિતતા બાબત. (ફકરા નં. – ૩૫ ) (ટી.પી. શાખા વેસ્ટઝોન)

મહાનગરપાલીકા રાજકોટના સને ૨૦૧૦–૧૧ ના અન્વેષણ દરમ્યાન વેસ્ટઝોન ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા પસંદગીના માસમાં અપાયેલ બાંધકામ પરવાનગીની ફાઇલોની ચકાસણી કરતા સરકારશ્રીમાં જમા કરાવવા પાત્ર લેબરશેષ, જનરલ બોર્ડ ઠરાવ નં.૪૯ તા.૨૦/૨/૨૦૦૩ થી નિયત થયેલ અને સરકારશ્રીની મંજુરી મેળવેલ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ની હદમાં આવેલ ખુલ્લા પ્લોટના પ્રતિ. ચો.મી. ના વાર્ષિક રૂા.૭/– લેખે વેરો

જી.ડી.આર.–૨૦૦૪ ના નિયમ ૩.૨.૩ મુજબ પ્લોટના સબપ્લોટીંગ તથા એમાલ્ગેમેશન ચાર્જ તથા નિયમ ૫.૩.૨ મુજબ એમેનટીટી ચાર્જ અરજદાર પાસેથી વસુલ લીધા સિવાય તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લાયસન્સ રીન્યુ થયેલ ન હોય તેવા સ્ટ્રકચરલ ડીઝાઇનર તથા આર્કિટેકચર દ્બારા તૈયાર થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવાના કિસ્સાઓ ઓડીટ ધ્યાને આવેલ છે. જે અંગે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) સામેલ પત્રકની વિગતેના કુલ ૧૩ કિસ્સાઓમાં રૂા.૩,૫૭,૪૨૯/– ખુલ્લા પ્લોટનો વેરો રૂા.૧૩,૪૪૪/– સબપ્લોટીંગ / એમાલ્ગેમેશન ચાર્જ રૂા.૨૮,૨૪૬/– લેબર શેષ તથા રૂા.૬૪,૨૯૫/– એમેનીટી ચાર્જની રકમની વસુલાત મેળવ્યા સિવાય પત્રક મુજબના ૧૩ કિસ્સાઓમાં બાંધકામ પરવાનગી તથા વપરાશ પ્રમાણપત્ર ઇસ્યુ કરવા અંગે બાકી વસુલાત મેળવી રેકર્ડ આધારીત ખરાઇ કરાવેલ નથી.

(૨) સ્ટ્રકચર ડીઝાઇનર, આર્કિટેકના લાયસન્સ રીન્યુ થયેલ ન હોવા છતાં નીચે મુજબની વિગતેના રજુ થયેલ બિલ્ડીંગ પ્લાન મંજુર કરવામાં આવેલ હતા.

| **ક્રમ** | **અરજદારનું નામ** | **સ્ટ્ર. ડિઝા આર્કિટેકનું નામ** | **રજા ચિઠ્ઠી નંબર** | **તારીખ** |
|---|---|---|---|---|
| ૧ | બાલાજી ડેવલોપર્સ | સંજય ઉંજીયા | ૮૪ | ૪/૫/૧૦ |
| ૨ | તિરૂપતી એન્ટરપ્રાઇઝ | સંજય ઉંજીયા | ૧૦૨ | ૧૨/૫/૧૦ |
| ૩ | સહકાર એન્ટરપ્રાઇઝ | જવાહર મોરી | ૧૦૩ | ૧૨/૫/૧૦ |
| ૪ | માતૃ ડેવલોપર્સ | સંજય ઉંજીયા | ૧૦૮ | ૧૩/૫/૧૦ |
| ૫ | બેકબોન એન્ટરપ્રાઇઝ | (૧) કલ્પેશ જીવાણી<br>(૨) જવાહર મોરી | ૧૪૫ | ૨૬/૫/૧૦ |
| ૬ | કસ્તુરી બિલ્ડર્સ | ઇશ્વર ગેરી | ૬૫૧ | ૨૨/૩/૧૧ |
| ૭ | કિશોર બી. સખીયા | જવાહર મોરી | ૬૫૪ | ૨૩/૩/૧૧ |

ઉકત વિગતેના નમુનારૂપ કિસ્સાઓની સંસ્થાએ નિભાવેલ લાયસન્સ રજીસ્ટર સાથે ચકાસણી કરતા કોલમ નં.૩ મુજબના સ્ટ્રકચરલ ડીઝાઇનર, આર્કિટેકના લાયસન્સ રીન્યુ થયેલ ન હોવા છતાં તેમના દ્બારા રજુ થયેલ બિલ્ડીંગ પ્લાનને મંજુરી આપવા અંગે જવાબદારેથી જરૂરી સ્પષ્ટતા કરેલ નથી. તેમજ ઉકત વિગતેના ક્રમ નં.૧, ૫, ૬, ૭ ના હાઇરાઇઝ બિલ્ડીંગ પ્લાન નો પણ સમાવેશ થાય છે. રજુ થયેલ પ્લાનને મંજુરી આપતા પહેલા સ્ટ્રેક્ચરલ ડિઝાઇનર આર્કિટેકના લાયસન્સની જરૂરી ચકાસણી કરવા ઓડીટ સુચન છે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

# પરિશિષ્ટ નંબર –૬

## ટાઉન પ્લાનીંગ શાખા વેસ્ટઝોન રાજકોટ મ.ન.પા. દ્વારા વસુલ નહી લેવાયેલ રકમોની વિગત દર્શાવતુ પરિશિષ્ટ

| ક્રમ | સરનામુ બિલડીંગ પ્લાન રજુ કરનારરનુ નામ અને સરનામુ | પ્લાન રજુ કર્યાના સર્વે નંબર | ખુલ્લા પ્લોટનો વેરો | | | | | | | સબ પ્લોટીંગ એમાલ્ગેમેશન ચાર્જ | | | લેબરશેષ | | | | | એમેનીટી ચાર્જ | | | તમામ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્લોટ નંબર | પ્લોટનું ક્ષેત્રફળ | વેરો લેવા પાત્ર સમય | પ્રતિ વર્ષ પ્રતિ ચો.મી. વર્ષ | કુલ વેરો | વસુલ લેવાયેલ વેરો | વસુલાત બાકી વેરો | પ્લોટનું માપ | પ્રતિ ચો.મી. | કુલ | બિલ્ડ અપ ચો.મી. | પ્રતિ ચો.મી. | કુલ | વસુલ લીધેલ રકમ | વસુલાત બાકી રકમ | બિલ્ડ અપ ચો.મી. | પ્રતિ ચો.મી. | કુલ | વસુલાતની કુલ રકમ | રજા ચિઠ્ઠી નંબર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૧ | લીંબા જે. શંખાવરાના કુ.મુ.રમેશભાઇ આર. પાનસુરીયા ન્યુ ગાંધીનગર કો. પો. સોસાયટી, મવડી | ૧૪૦/ પૈ | ૭૧ | ૫૦૨/૧૦ | ૮૬/૧૨ | ૭ | ૨૫૧૮૯ | ૦ | ૨૫૧૮૯ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨૫૧૮૯ | ૮૦ ૩/૫/૧૦ |
| ૨ | નારણભાઇ ગોવિંદભાઇ સરવૈયા નિવેદીતા સોસાયટીની બાજુમા | ૧૦૨/૧/પૈ | ૬૮ | - | - | - | ૦ | ૦ | ૦ | - | - | - | ૭૪૯/૮૭ | ૩૦ | ૨૨૪૯૬ | ૧૨૧૩૦ | ૧૦૩૬૬ | - | - | - | ૧૦૩૬૬ | ૮૩ ૪/૫/૧૦ |
| ૩ | શ્રી બાલાજી ડેવ. ના ભાગીદાર અનીલભાઇ ચુનીલાલ ભાયાણી તથા વિ. અમૃતપાર્ક આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા | ૧૫૮ પૈ | ૧૫ થી ૨૨ ૪૫ થી ૫૨ | - | - | - | ૦ | ૦ | ૦ | ૧૭૯૦.૯૬ | ૧.૫૦ X ૨ | ૫૩૭૩ | - | - | - | - | - | - | - | - | ૫૩૭૩ | ૮૪ ૪/૫/૧૦ |
| ૪ | ગીરીશભાઇ નરશીભાઇ કોટડીયા તથા વિ. મવડી | ૫૮ પૈ | ૧૩ થી ૧૭ | - | - | - | ૦ | ૦ | ૦ | - | - | - | - | - | - | - | – | ૬૪૨.૯૨ | ૧૦૦ | ૬૪૨૯૫- | ૬૪૨૯૫ | ૮૭ ૬/૫/૧૦ |
| ૫ | શ્રીજી બિલ્ડર્સના પાર્ટનર રાકેશ એન. લાલાણી રાણીપાર્ક મવડી | ૧૨/૧/પૈ | ૧ | ૨૬૬.૭૯ | ૮૬/૧૨ | ૭ | ૧૩૩૮૪ | ૦ | ૧૩૩૮૪ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧૩૩૮૪ | ૯૧ ૬/૫/૧૦ |
| ૬ | સહકાર એન્ટરપ્રાઇઝના પાર્ટનર કુ. મુ. દીલીપ વી. ગોવાણી રોયલ પાર્ક નાના મવા | ૭૭ | ૪૮ એ ૪૮ બી | - | - | - | ૦ | ૦ | ૦ | ૬૯૦ ૬૯૦ | ૧.૫ ૧.૫X૨ | ૧૦૩૫ ૨૦૭૦ | - | - | - | - | - | - | - | - | ૧૦૩૫ ૨૦૭૦ | ૧૦૩ ૧૨/૫/૧૦ |
| ૭ | મિત્ર ડેવ. ના પાર્ટનર હીરેન જી. ગઢીયા તથા વિ. નાનામવા | ૫૮/૧/પૈ | ૩૮ પૈ | ૨૭૫.૯૩ | ૮૫/૧૨ | ૭ | ૧૩૬૮૨ | ૮૦૫ | ૧૨૮૭૭ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧૨૮૭૭ | ૧૩૩ ૨૧/૫/૧૦ |

| ક્રમ | સરનામુ બિલડીંગ પ્લાન રજુ કરનારરનુ નામ અને સરનામુ | પ્લાન રજુ કર્યાના સર્વે નંબર | ખુલ્લા પ્લોટનો વેરો | | | | | | | સબ પ્લોટીંગ એમાલ્ગેમેશન ચાર્જ | | | લેબરશેષ | | | | | એમેનીટી ચાર્જ | | | તમામ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્લોટ નંબર | પ્લોટનું ક્ષેત્રફળ | વેરો લેવા પાત્ર સમય | પ્રતિ વર્ષ પ્રતિ ચો.મી. વર્ષ | કુલ વેરો | વસુલ લેવાયેલ વેરો | વસુલાત બાકી વેરો | પ્લોટનું માપ | પ્રતિ ચો.મી. | કુલ | બિલ્ડ અપ ચો.મી. | પ્રતિ ચો.મી. | કુલ | વસુલ લીધેલ રકમ | વસુલાત બાકી રકમ | બિલ્ડ અપ ચો.મી. | પ્રતિ ચો.મી. | કુલ | વસુલાતની કુલ રકમ | રજા ચિઠ્ઠી નંબર |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૮ | હરેશ બેચર પરમાર વૃંદાવન સોસાયટી બ્લોક નં.૧૭૪ | | ૩૬૫ | - | - | - | ૦ | ૦ | ૦ | - | - | - | ૫૯૫.૪૫ | ૩૦ | ૧૭૮૮૦ | - | ૧૭૮૮૦ | - | - | - | ૧૭૮૮૦ | ૧૪૦<br>૨૫/૫/૧૦ |
| ૯ | બેકબોન એન્ટરપ્રાઇઝના પાર્ટનર ભવાન પી. રંગાણી નાના મવા | ૪૮/૧ ઘ<br>૪૮/૨ | | ૪૨૯૬.૦૦ | ૮૬/૧૨ | ૭ | ૨૧૫૫૧૬ | ૧૫૦૩૬ | ૨૦૦૪૮૦ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨૦૦૪૮૦ | ૧૪૫<br>૨૬/૫/૧૦ |
| ૧૦ | પ્રફુલચંદ્ર એમ. શાહ પી.ઓ.એ. રાજેશ જેઠવા મવડી | ૪૨ પૈ | ૧૦ થી ૧૩ | ૨૧૮૮.૭૪ | ૮૬/૧૨ | ૭ | ૧૦૯૮૦૨ | ૫૪૯૧૬ | ૫૪૮૮૬ | ૧૧૦૩.૫૫<br>૧૧૦૩.૫૫ | ૧.૫x૨<br>૧.૫ | ૩૩૧૧<br>૧૬૫૫ | - | - | - | - | - | - | - | - | ૫૯૮૫૨ | ૧૪૬<br>૨૭/૫/૧૦ |
| ૧૧ | વસંત ગંગરામ સમર્થ તથા વિગેરે નાના મવા | ૪૬ પૈ | ૧૩, ૧૪ | ૨૭૪.૩૨ | ૮૬/૧૨ | ૭ | ૧૩૭૬૨ | ૧૬૦ | ૧૩૬૦૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧૩૬૦૨ | ૧૪૯<br>૨૭/૫/૧૦ |
| ૧૨ | ચેતનભાઇ જે. કોટેચા ભીડભંજન પ્લોટ રૈયા | ૮૧ | ૭ બી | ૨૩૦.૧૬ | ૯૬/૧૨ | ૭ | ૧૨૮૮૯ | ૦ | ૧૨૮૮૯ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧૨૮૮૯ | ૬૨૪<br>૭/૩/૧૦ |
| ૧૩ | સંકેત ડેવલોપર્સના પાર્ટનર તથા કુ. મુ. મહેન્દ્ર ડી. ઝાલાવડીયા સાધુ વાસવાણી રોડ, રાજકોટ | ૬૭/બી/૨ | ૭૨૫ પૈ | ૩૪૪૬.૦૦ | ૧૭/૧૨ | ૭ | ૩૪૧૭૩ | ૧૦૦૫૧ | ૨૪૧૨૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨૪૧૧૫ | ૬૫૫<br>૨૩/૩/૧૦ |
| | | | | | | | | | **૩૫૭૪૨૯** | | | **૧૩૪૪૪** | | | | | **૨૮૨૪૬** | | **૬૪૨૯૫** | **૬૪૨૯૫** | **૪૬૩૪૧૪** | |

## ૪.૧૭ ગોંડલ રોડ ચોકડીથી માધાપર ચોકડી સુધીના ૧૫૦ ફુટ રીંગ રોડ પર બીઆરટીએસ રસ્તા બનાવવાના કામ અંગે (ફકરા નં. – ૫) (JnNURM શાખા)

જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (JnNURM) અને ભારત સરકારશ્રી દ્વારા તા.૧/૧૨/૨૦૦૫ માં લોન્ચ કરવામાં આવેલ છે. આ મિશનનો પ્રાથમિક ઉદેશ શહેરી વિસ્તારમાં આંતર માળખાકીય સુવિધા પુરી પાડવાનો રહેલ છે અને આ મિશન માળખાકીય સુવિધાનો સંકલિત વિકાસ કરે છે. URBAN INFRASTRUCTURE AND GOVERNANCE PROGRAMME (UIG) અન્વયે ગ્રાન્ટની જોગવાઈ કોઈ પણ વિકાસના કામ માટે ૫૦ ટકા કેન્દ્ર સરકાર, ૨૦ ટકા રાજય સરકાર અને ૩૦ ટકા જે તે શહેરી વિસ્તાર સત્તા મંડળે કરવાની રહે છે.

આ અંગે મહાનગરપાલીકા–રાજકોટ દ્વારા ઉપરોક્ત રસ્તાનાં કામના સાધનિક દસ્તાવેજોને ધ્યાનમાં રાખીને કરવામાં આવતા નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) મહાનગરપાલીકા–રાજકોટ દ્વારા ગોંડલ રોડ ચોકડીથી માધાપર ચોકડી સુધીના ૧૫૦ ફુટ રીંગ રોડ પર બીઆરટીએસ રસ્તા બનાવવાના કામ અંગે જયારે પ્રથમ વખતે ઇ–ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ ત્યારે ૭ પાર્ટીઓ દ્વારા પ્રી–બીડ મીટીંગમાં હાજર રહીને ચર્ચા કરવામાં આવેલ. પરંતુ તેમાંથી બે પાર્ટીઓ (૧)પટેલ ઈન્ફ્રાસ્ટ્રકચર–રાજકોટ અને (૨)રામકી ઈન્ફ્રાસ્ટ્રકચર લી.મુ.–હૈદરાબાદના ભાવો આવે તે પૈકી રામકી ઈન્ફ્રાસ્ટ્રકચરના ભાવો ઓછા હોઇ તેને મંજુર કરવામાં આવેલ. પરંતુ તે એ.એમ.સી.–અમદાવાદના પત્રના કારણે ફોરકલોઝર કરવામાં આવેલ. ત્યાર બાદ ફરીથી ભાવો મંગાવવામાં આવતા માત્ર એક જ પાર્ટી બેકબોન એન્ટરપ્રાઈઝ–રાજકોટના ભાવો ૬૦.૭૦ ટકા (વાટાઘાટ બાદ ૫૯ ટકા) ઉંચા આવેલ હોવા છતા બજારમાં પ્રવર્તમાન એસ.ઓ.આર. તથા અગાઉના રામકી ઈન્ફ્રાસ્ટ્રકચર–હૈદરાબાદના ૪૯.૫૦ ઉંચા ભાવોની સાથે સરખામણી કર્યા વિના જ તેને મંજુર કરવામાં આવેલ હતા.

(૨) મહાનગરપાલીકા–રાજકોટ દ્વારા પ્રથમ વખત રૂ.૭૩,૪૫,૪૪,૬૬૫/– ના કામના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જે અંદાજીત રકમથી ૪૯.૫૦ ટકા ઉંચા ભાવના એટલે કે રૂ.૧,૦૯,૮૧,૪૪,૨૭૪/– દરથી ભરવામાં આવેલ. જયારે આ રામકી ઈન્ફ્રાસ્ટ્રકચર–હૈદરાબાદનું ટેન્ડર રદ થતા ફરીવાર ટેન્ડર રૂ.૬૩,૨૩,૪૩,૩૨૩/– નું બહાર પાડવામાં આવેલ છે. જે બેકબોન ઈન્ફ્રાસ્ટ્રકચર, રાજકોટનું ૫૯ ટકા ઉંચા ભાવથી સ્વીકારવમાં આવેલ છે. આમ, અગાઉના મંજુર દર કરતા ૯.૫ ટકા ઉંચા દરથી ટેન્ડર સ્વીકારવું પડેલ. તેના કારણે સંસ્થાને કામની અંદાજીત રકમ રૂ.૬૩,૨૩,૪૩,૩૨૩/– ના રૂ.૬,૦૦,૭૨,૬૧૫/– ની રકમ વધુના ભાવે ટેન્ડર સ્વીકારવુ પડેલ છે.

(૩) ગોંડલ રોડ ચોકડીથી માધાપર ચોકડી સુધીના ૧૫૦ ફુટ રીંગ રોડ પર બીઆરટીએસ રસ્તા બનાવવાના કામ માટે જે બેકબોન ઈન્ફ્રાસ્ટ્રકચર–રાજકોટને કામ સોંપવામાં આવેલ. તેમાં મેસર્સ અર્બન માસ ટ્રાન્સીટ કંપની (યુએમટીસી) નવી દિલ્હી તમામ પ્રકારની કન્લસટન્ટની સુવિધા પુરી પાડેલ છે. તેના રીપોર્ટ મુજબ આ કામ માટે હાર્ડ મોરમ અને બ્લેક ટ્રેપનો વપરાશ કરવામાં આવેલ છે તે ૫૬૧૨૮.૬૦ મે.ટન છે. જયારે આ કામ માટે પાર્ટી દ્વારા જે ટેન્ડર મુજબ અને કામ માટે બ્લેક ટ્રેપ અને હાર્ડ મોરમ જે જરૂરીયાત રહેશે તે ગણીને રોયલ્ટીની રકમની ભરપાઇ કરેલ છે તે મુજબ માત્ર ૪૬૮૮૬.૦૦ મે.ટન નો વપરાશ કરેલ છે તેમ જણાવેલ છે. જેથી કોન્ટ્રાકટર દ્વારા બિન અધિકૃત રીતે ૯૨૪૦.૬૦ મે.ટન બ્લેક ટ્રેપ અને હાર્ડ મોરમનો વપરાશ કરેલ છે અને તેની રોયલ્ટીની રકમ પણ સરકારશ્રીમાં જમા કરાવેલ નથી.

(૪) ગુજરાત વેટ અધિનિયમ–૨૦૦૬ ની કલમ ૫૮(એ) અને ૫૯(બી) તથા નાણા વિભાગના જાહેરનામા ક્રમાંક–જીએનએન/૮૮ તા.૧૧/૧૦/૨૦૦૬ અને જીએચએન/ ૧૪/વેટ/૨૦૦૮/ એસ/૫૯/બી/ (૩)(૧)/થ અન્વયે રૂ.૧.૦૦ કરોડથી વધુ રકમના કામો માટે ઈજારદારશ્રીના પ્રત્યેક બીલમાંથી વેટની રકમ ૦.૬૦ ટકા લખે કાપીને સરકારશ્રીમાં ભરપાઇ કરવાની રહે છે. જે અન્વયે સંસ્થાને ચુકવવામાં આવેલ રૂ. ૧,૦૨,૬૨,૬૫,૦૧૯/–ના ૦.૬૦% લેખે રૂ. ૬૧,૫૭,૫૯૦/–ની સંસ્થા પાસેથી વેટની વસુલાત કરવી રહે.

(૫) કોન્ટ્રાકટ લેબર એકટ–૧૯૭૦ અને ૧૯૭૧ મુજબ આ બાંધકામના કામ માટે મજુરોની જરૂરિયાત રહેતી હોઇ લેબર લાયસન્સ કોન્ટ્રાકટરે લેવાનું રહેતુ હતુ. જે કોન્ટ્રાક્ટર દ્વારા નિયત સમય મર્યાદા સુધી લીઘેલ નથી. જે અંગે મહાનગરપાલિકા દ્વારા કોઇ કાર્યવાહી કરેલ નથી.

(૬) ગોંડલ રોડ ચોકડીથી માઘાપર ચોકડી સુધીના ૧૫૦ ફુટ રીંગ રોડ પર બીઆરટીએસ રસ્તા બનાવવાના કામે જે ૧૦.૭૦ કિ.મી.નો લાંબો રોડ બનાવવાના કામ માટે પાણીની જરૂરીયાત માટે ટેન્ડરમાં કરેલ જોગવાઇ મુજબ મહાનગરપાલીકા–રાજકોટે એક કિલોમીટરના રૂા.૩/– ના દરથી પાણીનો પુરવઠો પુરો પાડવાનો રહેતો હતો. પરંતુ સદર દર મુજબ કોંટ્રાક્ટર દ્વારા મહાનગરપાલિકાને સદર ચુકવણી કરેલ નથી.

(૭) આ કામ અંગેનો વર્કઓર્ડર તા.૨૪/૨/૨૦૦૯ ના રોજ આપવામાં આવેલ હતો અને કામની સમય મર્યાદા ૧૫ માસ એટલે કે ૨૩/૫/૨૦૧૦ સુધીમાં પુર્ણ કરવાનું રહેતુ હતુ. ખરેખર આ કામ તા.૩૦/૬/૨૦૧૧ ના રોજ પુર્ણ કરવામાં આવેલ છે. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીએનસી/૨૮૮૯/ આઇબી/ ૧૩૨/૫૩/સી તા.૨૮/૫/૧૯૯૨ મુજબ તેટલા દિવસના ટેન્ડરની રકમના ૦.૧ ટકા લેખે વિલંબના દિવસોની રકમ જેટલો વસુલ કરવાનો રહે છે. જે ટેન્ડરની રકમના ૧૦ ટકા કરતા વઘી જવો ન જોઇએ. જેથી અંતિમ બીલમાંથી રૂા.૬૬,૧૦,૯૧૧/– ની વસુલાત કરવાની રહે છે.

(૮) બી.આર.ટી.એસ. પ્રોજેકટ માટે ખર્ચની અગાઉ નકકી કરવામાં આવેલ મર્યાદા મુજબ રૂા.૧,૦૦,૫૪,૨૫,૮૮૫/– ની રકમ હતી. જયારે તા.૧૬/૧૧/૨૦૧૧ ની નોંધ મુજબ આ કામ માટે વઘારાનો ખર્ચ રૂા.૨,૨૧,૫૪,૮૪૫/– ની મંજુરી આપવામાં આવેલ છે. જે કુલ ખર્ચની ૨.૨૦૪ ટકા વઘુ છે જેથી રીવાઇઝ એસ્ટીમેટ રૂા.૧,૦૨,૭૫,૮૦,૭૩૧/– ને મંજુરી મળેલ છે. જયારે આ કામ માટે કુલ ખર્ચ રૂા.૧,૦૨,૬૨,૬૫,૦૧૯/– થયેલ છે. આ કામમાં ખરેખર વઘારાનો ખર્ચ રૂા.૨,૨૯,૨૮,૬૩૬/– થયેલ છે અને મંજુરી માત્ર રૂા.૨,૨૧,૫૪,૮૪૫/– લેવામાં આવેલ છે. તેથી રૂા.૭,૭૩,૭૯૧/– ની વઘારાની કામની મંજુરી ન લેવા અંગે ખરાઇ કરાવેલ નથી.

વિઘાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૧૨/૨૦૧૫ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ઘ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી

### ૪.૧૮ ૧૫૦ ફુટ રીંગરોડ પર કે.કે.વી. સર્કલથી ઇન્દિરા સર્કલ ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાના કામમાં થયેલ અનિયમિતતા અંગે. (ફકરા નં. – ૨૮ )

જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન (JnNURM) એ ભારત સરકારશ્રી દ્વારા તા.૧/૧૨/૦૫ માં લોન્ચ કરવામાં આવેલ છે. આ મિશનનો પ્રાથમિક ઉદેશ શહેરી વિસ્તારમાં આંતરમાળખાકીય સુવિઘા પુરી પાડવાનો રહેલ છે અને આ મિશન માળખાકીય સુવિઘાનો સંકલિત વિકાસ કરે છે. URBAN INFRASTUCTURE AND GOVERNANCE PROGRAMME (UIG) અન્વયે ગ્રાન્ટની જોગવાઇ કોઇ પણ વિકાસના કામ માટે ૫૦ ટકા કેન્દ્ર સરકાર, ૨૦ ટકા રાજય સરકાર અને ૩૦ ટકા જે તે શહેરી વિસ્તાર સત્તા મંડળે કરવાની રહે છે.

રાજકોટ શહેર બ્લુ કોરીડોર પાઇલોટ પ્રોજેકટ JnNURM અંતર્ગત માહે જુલાઇ–૨૦૦૭ માં મંજુર કરવામાં આવેલ છે. તેમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર કે.કે.વી. સર્કલથી ઇન્દિરા સર્કલ ઉપર ૧.૫૦ કિ.મી.નો ફલાય ઓવર બ્રીજના રોડ બનાવવાનું નકકી કરવામાં આવેલ છે. આ અંગે મહાનગરપાલીકા રાજકોટ દ્વારા કન્સલટન્ટ તરીકે મેસર્સ અર્બન માસ ટ્રાન્સીટ કંપની (UMTC) નવી દિલ્હી સાથે તમામ પ્રકારની કન્સલટન્ટની સુવિઘાઓ પુરી પાડશે તેમ સ્થાયી સમિતિ, મહાનગરપાલીકા રાજકોટના ઠરાવ ક્રમાંક–૨૫૮ તા.૧૪/૮/૨૦૦૭ થી નકકી કરવામાં આવેલ. આ ૧૫૦ ફુટ રીંગ રોડ કે.કે.વી. સર્કલથી ઇન્દિરા સર્કલ ઉપર ૧.૫૦ કિ.મી.નો ફલાય ઓવર બ્રીજ બનાવવા કામ અંગે જે સમય મર્યાદા નકકી કરવામાં આવેલ તે ૨૦ માસની હતી. આ પૈકી ઇન્દિરાનગર

સર્કલથી બીગ બજાર સુધી ૧.૫૦ કિ.મી.નો ફલાય ઓવર બ્રીજ બનાવવાનો રહેતો હોઇ તેના ટેન્ડર બહાર પાડીને કામ કરવાનું નકકી કરવામાં આવેલ.

ઉપરોક્ત કામ અંગે મહાનગરપાલીકા રાજકોટ દ્વારા માપપોથી નંબર ૧ થી ૮ નિભાવવામાં આવેલ છે. આ સમગ્ર કામની ચકાસણી માપપોથી, બીલો, વાઉચરો તથા નોટીંગ ફાઇલ તથા સાધનિક દસ્તાવેજોને ધ્યાનમાં રાખીને કરવામાં આવતા નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) મહાનગરપાલીકા રાજકોટ દ્વારા કે.કે.વી. સર્કલથી ઇન્દિરા સર્કલ ઉપર ફલાય ઓવર બ્રીજ બનાવવાના કામ અંગે જે અંદાજો બનાવવામાં આવેલ છે તે સને ૨૦૦૬–૦૭ ના એસ.ઓ.આર. ધ્યાનમાં લઇને બનાવવામાં આવેલ. જયારે કામ સને ૨૦૦૮–૦૯ માં શરૂ કરવાનું થતુ હોઇ તે સમયના એસ.ઓ.આર. મુજબના અંદાજો મુજબ એકશન પ્લાન–અંદાજો ન બનાવવાથી ટેન્ડરની કિંમત ઉંચી આવેલ છે. જેથી અંદાજો વાસ્તવિક ન બનાવવા અંગે ખાત્રી કરાવેલ નથી. ઉપરાંત આ ૭૦.૯૫ ટકા ઉંચા ભાવો તુલનાત્મક રીતે યોગ્ય છે તેની ખરાઇ કરાવેલ નથી.માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર અને ગુજરાત જાહેર બાંધકામ નિયમ સંગ્રહ ભાગ–૧ ના ફકરા ૨૮૩ મુજબ ઉંચા આવેલ ભાવોના તુલનાત્મક ચકાસણી કરવાની રહે છે. જે અંગે વધે ભાવો ઉંચા હોય તો સરકારશ્રીની પરવાનથી લેવાની રહે છે જે આ કિસ્સામાં લેવામાં આવેલ નથી.

(૨) આવકવેરા અધિનિયમ–૧૯૬૧ ની કલમ ૧૯૪(સી) મુજબ આવક વેરાની કપાત સંસ્થાએ ૨ ટકા લેખે કરવાની રહે છે. તેમ છતાં દરેક બીલમાંથી અલગ અલગ ટકાવારી પ્રમાણે આવકવેરા કાપેલ છે. તે મુજબ રૂા. ૩૪,૧૫,૪૮૩/– આવકવેરો ઓછો કાપેલ છે.

(૩) ગુજરાત વેટ અધિનિયમ–૨૦૦૬ ની કલમ–૫૮(એ) અને ૫૯(બી) તથા નાણા વિભાગના જાહેરનામાં ક્રમાંક જીએનએન/૮૮ તા.૧૧/૧૦/૦૬ અને જીએચએન/ ૧૪/વેટ/૨૦૦૮/ એચ/૫૯/ બી/(૩)(૧)/થ અન્વયે રૂા.૧.૦૦ કરોડથી વધુ રકમના કામો માટે ઇજારદારના પ્રત્યેક બીલમાંથી ૦.૬૦ ટકા લેખે રૂા. ૩૧,૮૩,૯૩૮/– વેટની કપાત કરેલ નથી જે ઇજારદાર પાસેથી વસુલી સરકારશ્રીમાં જમા કરાવવા રહે.

(૪) ફલાય ઓવર બ્રીજ બનાવવાના કામ અંગે રણજીત બિલ્ડકોન લી. ને ટી.પી. સ્કીમ નં.૩ માં પ્લોટ નં.૨૦૪ પૈકી ૨૪૫૦ ચો.મી.નો પ્લોટ તા.૭/૧૧/૦૮ થી વાપરવા આપવામાં આવેલ હતો. જેના ભાડાની બાકીની રકમ રૂા.૩૦,૬૫,૫૨૦/– ની રકમની વસુલાત કરવામાં આવેલ નથી જે વસુલાત કરવી રહે.

(૫) તા.૩/૧૧/૦૮ ના વર્કઓર્ડરથી આ કામ ૨૧ માસની મુદત માટે આપવામાં આવેલ. જે કામ માટે ઇજારદાર તરફથી કામ તા.૩/૧૧/૦૮ ના રોજ કામ શરૂ કરવામાં આવેલ જેની મુદત તા.૨/૮/૧૦ ના પુર્ણ થતી હતી. પરંતુ ત્યાર બાદ દિન–૧૦૦ નો મુદત વધારો તા.૧૬/૮/૧૦ થી આપવામાં આવેલ. જે અગાઉના મુદત પુર્ણ થયા બાદ આપવામાં આવેલ. ત્યાર બાદ પણ તા.૧/૧૨/૧૦ ના પત્રથી દિન–૯૩ નો મુદત વધારો આપવામાં આવતા આ કામની પુર્ણતા તા.૩૧/૩/૧૧ ના રોજ કરવાની થતી હતી જે કામ તા.૩૧/૫/૨૦૧૧ ના રોજ પુર્ણ થયેલ. જે અંગે માન. કમિશ્નરશ્રીની તા.૩૧/૫/૧૧ ની નોંધ પર પણ મુદત વધારા માટે નામંજુરી આપવામાં આવેલ.

આમ મુદત વિત્યાબાદ મુદત વધારો આપવા અંગે અન્વેષણને ખરાઇ કરાવવી રહે તથા તા.૩૧/૩/૧૧ ના કામ પુર્ણ કરવાનું રહેતુ હોવા છતાં તા.૩૧/૫/૧૧ ના કામ પુર્ણ થતા બે માસના વિલંબ બાદ માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક એલપીસી/૧૦૮૩/૨૧૫૫/સી/૨૧૯ તા.૨૮/૧૦/૧૯૯૩ તથા માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક ટીએનસી/૨૮૮૯/આઇબી/૧૩૨/૫૩/સી તા.૨૮/૫/૧૯૯૨ મુજબ વિલંબ વળતરની વસુલાત કરવાની રહે છે. વિલંબ વળતર જેટલા દિવસ કામ વિલંબથી પુર્ણ કરવામાં આવેલ હોય તેટલા દિવસના ટેન્ડરની રકમના ૦.૧ ટકા લેખે વિલંબના દિવસોની રકમ જેટલો વસુલ કરવાનો રહે છે. જે ટેન્ડરની રકમના ૧૦ ટકા કરતા વધી જવો ન જોઇએ. જે મુજબ રૂા.૫૩,૩૦,૨૨,૧૦૦/– ના ૦.૧ ટકા લેખે ૬૦ દિવસના રૂા.૩,૧૯,૮૧,૩૨૬/– ની વસુલાત કરવાની રહે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૧૨/૨૦૧૫ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ધ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી

## ૪.૧૯ બી.એસ.યુ.પી.–૨ પેકેજ–૧૧ ના કામની અનિયમિતતા બાબત. (ફકરા નં. – ૨૦ )

### (JnNURM શાખા)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | મે. શાંતી કન્સ્ટ્રકશન કુા. રાજકોટ |
| ૨ | કામની અંદાજીત રકમ | રૂા.૭,૭૫,૮૫,૨૮૧/– |
| ૩ | વહીવટી મંજુરી | સ્ટે.ક.ઠ.નં.૭૮ તા.૧૬/૫/૦૮<br>કમિશ્નરશ્રીના વહીવટી હુકમ નં.૯૧ તા.૨/૬/૦૮ |
| ૪ | કામ પુર્ણ કરવાની તારીખ | તા.૧૫/૧/૨૦૧૦ |
| ૫ | કામનો કુલ ખર્ચ | રૂા.૧૦,૮૮,૩૩,૩૬૨/– |

જવાહરલાલ નહેરૂ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ રાજકોટ શહેરમાં બેઝીક સર્વિસીઝ ટુ અર્બન પુઅર–૨ અંતર્ગત રાજકોટ શહેરમાં ૩૪૦૦ આવાસો બાંધવા તથા આનુસાંગિક અન્ય કામો માટે કેન્દ્ર સરકારશ્રીમાંથી મંજુરી મેળવી કામના બાર ભાગ(પેકેજ) પાડી ઇ–ટેન્ડરથી દરેક પેકેજ માટે ભાવ મંગાવવામાં આવેલ. જેમાં ત્રણ પેકેજ ૨, ૯, ૧૦, માટે કોઈ પણ એજન્સીએ ભાવ ભરેલ ન હતા. બાકીના નવ પેકેજ માટે કવોલીફાય થયેલ એજન્સીઓને સ્ટે.ક.ઠ.નં.૭૮ તા.૧૬/૫/૦૮ તથા કમિશ્નરશ્રીના વહીવટી હુકમ નં.૯૧ તા.૨/૬/૦૮ થી મંજુરી અપાયેલ. પેકેજ નં.૧૧ માટે મે.શાંતિ કન્સ્ટ્રકશન દ્વારા ૫૮.૫૦ ટકા વધુ ભાવ ભરવામાં આવેલ. જે વાટાઘાટ બાદ ૪૫.૪૫ ટકા વધુ ભાવે કામ કરવા સહમત થયેલ તેમજ ટેન્ડરની શરત સ્ટીલ અને સિમેન્ટમાં ભાવવધારાની આર.બી.આઈ. ઈન્ડેકસની કલોઝ રદ કરવા સહમતી આપેલ.જે મંજુર રાખતા એજન્સીએ રુ.૧૦૦ના સ્ટેમ્પ પર કરારખત તથા રુ.૫૬,૪૪,૦૦૦ સિક્યોરીટી ડીપોઝીટ પેટે બેંક ગેરંટી રજુ કરતા કામનો વર્ક ઓર્ડર ઇસ્યુ કરેલ હતો. યુએલસી પ્લોટ ખાતે ૪૪૦ આવાસ બનાવવાના ઉકત કામે રજુ થયેલ વર્કફાઇલ, એમ.બી. તથા વાઉચરો વગેરે સાધનિક રેકર્ડની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) રૂા.૨૦ લાખ કે તેથી વધુ રકમના કામ માટે જિલ્લા કક્ષાએથી પ્રસિધ્ધ થતા એક ગુજરાતી દૈનિક તથા અમદાવાદથી પ્રસિધ્ધ થતા એક ગુજરાતી તથા અંગ્રેજી દૈનિકમાં જાહેરાત આપી કામની બહોળી પ્રસિધ્ધિ કરવાની જોગવાઇ આ કામે પરીપુર્ણ થયાની ખરાઇ કરાવેલ નથી.

(૨) માપપોથીઓ તથા વાઉચરની ચકાસણી કરતા ઉકત કામે ૭ મા રનીંગ બીલ સુધી આઇટમ નં.૨૮ સ્ટીલનો વપરાશ ૬,૨૯,૪૮૭.૫૩૮ કિ.ગ્રા. દર્શાવવામાં આવેલ છે. અને ટેન્ડરે રૂા.૩૬+૪૫.૪૫ ટકા વધુ તે મુજબ રૂા.૫૨.૩૬ દર કિલો લેખે ચુકવણું કરવામાં આવેલ છે તેમજ ૭ મા રનીંગ બીલમાં સ્ટીલની કપાત રૂા.૧૮,૦૦,૦૦/– બાદ કરવામાં આવેલ છે. આઠ અને નવ સર્વિસ ટેક્ષના બીલ બાદ દસમાં રનીંગ બીલમાં ઉકત વિગતનું પુનરાવર્તન કરી લખવામાં આવેલ છે. જયારે ૧૧ માં રનીંગ બીલમાં સ્ટીલના માપો ફરીથી લખવામાં આવેલ છે અને અગાઉ કરવામાં આવેલ સ્ટીલના માપમાં ક્ષતિ હોવાનું જણાતા કુલ ૫૪૧૯૭.૧૩૮ કિ.ગ્રા.નો ઘટાડો દર્શાવવામાં આવેલ છે અને બીલમાંથી ૨૧ લાખની કપાત કરવામાં આવેલ છે. અંતમાં ૧૩ માં ફાઇનલ બીલમાં સ્ટીલના ૫,૨૭,૨૯૦.૪૦ કિ.ગ્રા.ના વપરાશમાંથી ૬૨,૧૬૧.૬૩ કિ.ગ્રા. સ્ટીલ માઇલ્ડ સ્ટીલ તરીકે બાદ કરી એકસ્ટ્રા આઇટમ તરીકે દર્શાવી રૂા.૨૮.૪૦ ના ભાવ લેખે ચુકવણું કરેલ છે જેની કિંમત રૂા.૧૭,૬૫,૩૮૭/– થાય છે. તેમજ બાકીના સ્ટીલની ટી.એમ.ટી. સ્ટીલ–આઇટમ નં.૨૮ ના રેટ રૂા.૩૬+૪૫.૪૫ ટકા વધુ સાથે કુલ રૂા.૫૨.૩૬ ભાવ લેખે (૫,૧૩,૧૨૮.૮૭ કિ.ગ્રા. X ૫૨.૩૬) = ૨,૬૮,૬૮,૪૫૪/– ચુકવણું કરવામાં આવેલ છે. સ્ટીલમાં ૫૪૧૯૭.૧૩૮ કિ.ગ્રા.નો ઘટાડો કરવામાં આવેલ છે જે પેટે રૂા.૫૨.૩૬ લેખે એજન્સીને કુલ રૂા.૨૮,૩૭,૭૬૨/– નું અગાઉથી ચુકવણું કરવામાં

આવેલ છે. પરંતુ ૧૧ માં રનીંગ બીલમાંથી કુલ કપાત રૂા.૨૧ લાખની કરવામાં આવેલ છે. આથી એજન્સી પાસેથી બાકીની વસુલાત રૂા.૭,૩૭,૭૬૨/– એજન્સી પાસેથી મેળવવી રહે.

(૩) ગુજરાત વેટ અધિનિયમ–૨૦૦૬ ની કલમ–૫૮(એ) અને ૫૮(બી) તથા નાણા વિભાગના જાહેરનામા ક્રમાંકઃજીએનએન/૮૮ તા.૧૧/૧૦/૨૦૦૬ અને જીએચએન/ ૧૪/વેટ/૨૦૦૮/એટી/ ૫૯/બી/ ૩(૧) (૨)/થ અન્વયે રૂા.૧ કરોડથી વધુ રકમના કામો માટે ઈજારદાર દ્વારા પ્રત્યેક બીલમાંથી વેટની રકમ ૦.૬૦ ટકા લેખે કાપીને સરકારશ્રીમાં ભરપાઇ કરવાની રહે છે. ઉકત કામે વેટની નિયમોનુસાર કપાત કરવામાં આવેલ ન હોય કામની ચુકવણાની કુલ રકમ રૂા.૧૦,૮૮,૩૩,૩૬૨/– પર ૦.૬૦ ટકા લેખે રૂા.૬,૫૩,૦૦૦/– ની એજન્સી પાસેથી વસુલાત કરી સરકારશ્રીના સદરે જમા કરાવવી.

(૪) ઈજારદારે મુદ્દત વધારાની અરજી કર્યા સિવાય મુદ્દત વધારો આપી સંસ્થાને નુકશાન કરેલ છે. તથા ઈજારદારને રૂા. ૧,૧૨,૮૪,૭૭૯/– ફાયદો કરેલ છે. જે વસુલ લેવા રહે.

(૫) આ યોજના હેઠળ તૈયાર થયેલ કુલ ૩૧૬૮ આવાસોની ફાળવણી નીચે મુજબની વિગતે થયેલ હતી.

| **ક્રમ નં.** | **ડ્રો** | **તારીખ** | **ફાળવેલ આવાસ** |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | ૧૦/૮/૧૦ | ૧૪૫૭ |
| ૨ | દ્વિતીય | ૨/૬/૧૧ | ૯૨૭ |
| | **કુલ** | | **૨૩૮૪** |
| ૩ | બાદ (ફાળવેલ પરંતુ લાભાર્થીએ નહી સ્વીકારેલ આવાસો ) | | ૯૫૩ |
| | **કુલ** | | **૧૪૩૧** |
| ૪ | બીપીએલ કાર્ડધારકના લાભાર્થી | ૨૩/૭/૧૩ | ૯૫૧ |
| ૫ | બીપીએલ કાર્ડધારકના લાભાર્થી | ૧૨/૬/૧૪ | ૧૨૧ |
| ૬ | ત્રુતીય | ૧૨/૬/૧૪ | ૧૬૪ |
| ૭ | બીએસયુપી –૩ યોજનાના ટ્રાન્ઝીટ કેમ્પ તરીકે અનામત (સ્ટે .ક. ઠ. ૮૧ તા. ૧૧/૫/૧૨ ) | | ૩૫૦ |
| ૮ | અન્વેષણની તારીખે કુલ ફાળવણી બાકી | | ૧૫૧ |
| | **કુલ આવાસની સંખ્યા** | | **૩૧૬૮** |

આ યોજના હેઠ્ળના આવાસો પૈકી ૧૦૭૨ આવાસો શહેરી ગરીબી રેખા હેઠળ આવતા અરજદારો પાસેથી અરજીઓ મંગાવી સ્થાયી સમિતિના ઠરાવ નં. ૮૧ તા. ૧૧/૫/૨૦૧૨થી મંજુરી મેળવી ફાળવણી કરેલ હતી . બીએસયુપી આવાસ યોજનાના અનામતના ધોરણોમા જુની આવાસ યોજનાના ધોરણો મુજબ ફેરફાર કરી આવાસ ફાળવવા માટે રાજ્ય સરકારની મંજુરી મેળવવાની રહે છે. જે મેળવવામાં આવેલ જણાતી નથી.

ઉક્ત આવાસો પૈકી ફાળવણી માટે બાકી રહેલ ૧૫૧ આવાસો અન્વેષણ તારીખ સુધી આશરે ચાર વર્ષ બાદ પણ શહેરી ગરીબોના ૧૫૧ કુટુંબોને આવાસની પાયાની જરુરીયાતોની સવલતના લાભથી વંચીત રહેલ છે.
વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૧૨/૨૦૧૫ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ધ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી.

### ૪.૨૦ બી.એસ.યુ.પી.–૧ આવાસ યોજના પેકેજ નં.૨ ના કામની અનિયમિતતા બાબત. (ફકરા નં. – ૧૯ ) (JnNURM શાખા)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | શ્રી કૃણાલ સ્ટ્રકચર પ્રા.લી. રાજકોટ |
| ૨ | કામની અંદાજીત રકમ | ૪૩૪.૨૭ લાખ |
| ૩ | વહીવટી મંજુરી | રામનપા/સ્ટે.ક.ઠ. વહી જા.નં.૨૫૪ તા.૩/૧૦/૦૭<br>સ્ટે.ક.ઠ.નં.૨૩૮ તા.૭/૯/૦૭ |
| ૪ | કામ પુર્ણ કરવાની તારીખ | તા.૧૫/૪/૧૦ |
| ૫ | કામનો કુલ ખર્ચ | રૂા.૬,૧૭,૪૬,૨૨૧/૭૨ |

રાજકોટ મહાનગરપાલીકાએ JnNURM અંતર્ગત બેઝીક સર્વિસ ટુ અર્બન પુઅર (બી.એસ.યુ.પી.–૧) યોજના હેઠળ કુલ ૨૬૪૦ આવાસો બાંધવા માટે ૩૪૧૬ લાખ ઇન્ફ્રાસ્ટ્રકચર સાથેના અંદાજી ખર્ચને ડીપીઆર તૈયાર કરેલ હતો. જેને સ્ટેટ લેવલ તથા નેશનલ લેવલ કમીટીની મંજુરી મળેલ હતી. ૨૬૪૦ આવાસના ચાર પેકેજ તૈયાર કરી તા.૨૩/૩/૦૭ ના દૈનિક જનસતામાં જાહેરાત આપી એજન્સીઓને ઓનલાઇન ભાવ ભરવાની છેલ્લી તા.૩૦/૪/૨૦૦૭ નિયત કરેલ હતી. એજન્સીઓને ટેન્ડરની સમજ આપવા માટે પ્રી–બીડ મીટીંગ તા.૨૦/૫/૦૭ ના રોજ હાજર રહેલ કુલ ૪ એજન્સીઓની હાજરીમાં યોજાયેલી હતી. નિયત સમય મર્યાદામાં આવેલ તથા ટેકનીકલી તથા પ્રીકવોલીફાય થયેલ એજન્સીઓના પ્રાઇસબીડ તા.૨૭/૬/૦૭ ના રોજ ખોલવામાં આવેલ હતા. ચારેય પેકેજમાં એલ–૧ રહેલ એજન્સીઓ સાથેની તા.૫/૭/૦૭ ની નેગોશીયેશન મીટીંગમાં ભાવ ઘટાડવા જણાવતા તમામ બીલ્ડરોએ યુનિટ કોસ્ટના બદલે એસ્ટીમેટ કોસ્ટની ડીટેઇલ આપવા તથા એક દિવસના સમય આપવા કરેલ વિનંતી કમિશ્નરશ્રીએ સ્વીકારેલ હતી.

**આ કામની માપપોથીઓ તથા વર્કફાઇલની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.**

(૧) રૂા.૨૦ લાખ કે તેથી વધુ રકમના કામ માટે જિલ્લા કક્ષાએથી પ્રસિધ્ધ થતા એક ગુજરાતી દૈનિક તથા અમદાવાદથી પ્રસિધ્ધ થતા એક ગુજરાતી તથા અંગ્રેજી દૈનિકમાં જાહેરાત આપી કામની બહોળી પ્રસિધ્ધિ કરવાની જોગવાઇ આ કામે પરીપુર્ણ થયાની ખરાઇ કરાવેલ નથી.

(૨) પેકેજ–૨ ના કામની માપપોથી ૧ થી ૩ ની ચકાસણી કરતા એજન્સીને ૧૩ રર્નીંગ બીલ તથા ૧૪ માં ફાઇનલ બીલની ચુકવણી લમસમ કરી છે. કોઇ આધારો જે લમસમ બીલો ચુકવવા અંગેના સરકારશ્રીના ક્યા નિયમો, ઠરાવો આધારે કરેલ છે તેની કોઇ સંસ્થા દ્વારા સ્પષ્ટતા કરેલ નથી તથા ફાઇનલ માપો લેવામાં આવેલ નથી.

(૩) આ કામની એજન્સીના પત્ર નં.કૃણાલ/જેએનએનયુઆરએનઈ૦૩૧ તા.૨૩/૬/૦૮ થી કામ બંધ કરેલ હતુ. જે કામ પુનઃ ચાલુ કરાવવા માટે કચેરીના પત્ર નં.રામ્યુકો/બીએસયુપી/આવાસ/જા.નં.૧૭૦ તા.૧૮/૩/૦૯ ની તારીખ સુધી એજન્સીને વારંવાર નોટીશ આપવા છતા કામ ચાલુ કરેલ ન હતુ. અને સદર બંધ રાખેલ કામના સમયને મહાનગરપાલિકા દ્વારા નિયમ વિરુદ્ધ સમય મર્યાદા વધારીને મહાનગરપાલિકાને રૂા. ૬૨,૩૧,૮૬૮/– નું નુકશાન તથા ઇજારદારને ફાયદો કરી આપેલ છે જે વસુલ લેવા રહે.

(૪) બાંધકામ શાખા આવાસ યોજના રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનના હુકમ નં. રામનપા/બાંધકામ/જા.નં.૧૩૨૭ તા.૨૬/૨/૦૮ ના હુકમથી કૃણાલ સ્ટ્રકચર લી. રાજકોટને પેકેજ નં.૨, ૪, ૬ ના કામે કુલ ૯૦૬૬ મે.ટન ૫૩ ગ્રેડ સિમેન્ટ સરકારી ધોરણે ફાળવવા નાગરીક પુરવઠા નિગમ ગાંધીનગરને હુકમ કરેલ હતો અને જરૂરીયતા મુજબના પરિશિષ્ટ નં.૧ મુજબના ઇન્ડેન્ટ તૈયાર કરી એજન્સી પાસેથી ચેક મેળવી સામેલ કરી કચેરી મારફત મોકલવામાં આવેલ હતા. તે મુજબ નિગમ તરફથી સરકારી ધોરણે રૂા.૧૬૭/– પ્રતિ ૫૦ કિ.ગ્રા.ની એક થેલીના દરે ફાળવવામાં આવેલ હતો. મહાનગરપાલીકાએ એસ.ઓ.આર. મુજબના

આઇટમ રેટના દરે બીએસયુપી યોજનાના એસ્ટીમેટ તૈયાર કરેલ હોય તેમાં સિમેન્ટના વપરાશના સરકારી ધોરણોના મુજબ ભાવોના આધારે એસ્ટીમેટની આઇટમના ભાવ તૈયાર કરેલ હતા. આ કામે મહાનગરપાલીકાએ સિમેન્ટમાં સ્ટાર રેટ આપેલ ન હોવાથી એજન્સીએ કામના સમય દરમ્યાન સિમેન્ટના ભાવમાં થનાર વધઘટના આધારે ટેન્ડરના ૪૩.૫ ટકા ઉંચાના ભાવો ભરેલ હતા. તેથી આ કામે એજન્સીને સરકારી ધોરણે સિમેન્ટનું ફાળવણું કરી તેના ઉપર મહાનગરપાલીકાએ ૪૩.૫ ટકા ઉંચાના ભાવનું એટલે કે રૂા.૨૪૦ પ્રતિ થેલીના ભાવે ચુકવણા કરેલ હોવાથી સરકારશ્રીને પ્રતિથેલીના રૂા.૭૩/– ની નુકશાની થયેલ છે. આમ ત્રણેય પેકેજના યુનિટ વાઇઝ ગણતરી કરતા પેકેજ નં.૨ ના કામે ૬૫૧૬૨ થેલીનો વપરાશ થયેલ હોવાથી સરકારશ્રીને કુલ રૂા.૪૭,૫૬,૮૨૬/– ની નુકશાની એજન્સી પાસેથી વસુલાત મેળવવી રહે.

(૫) સિમેન્ટમાં સ્ટાર રેટ આપવામાં આવેલ હોય તો જ સરકારી ધોરણે નાગરીક પુરવઠા નિગમ, ગાંધીનગરમાંથી સિમેન્ટ ફાળવવાની જોગવાઇ હોવા છતાં આ કામે સરકારી ધોરણે સિમેન્ટ ફાળવણી કરેલ નથી.

(૬) ટેન્ડરની સામાન્ય શરત નં.જીસી–૮૮(૩) મુજબ સર્વિસ ટેક્ષની રકમ સરકારશ્રીમાં જમા કરાવ્યાના આધારો કોન્ટ્રાકટર રજુ કરે ત્યાર બાદ ચુકવવાનો રહે છે. તેમ છતાં રૂા.૧૦,૧૨,૧૦૫/– સર્વિસ ટેક્ષની રકમ કોન્ટ્રાકટર દ્વારા સરકારશ્રીમાં જમા કરાવ્યાના આધારો રજુ કરેલ નથી તો સદર રકમ ઇજારદાર પાસેથી વસુલ લેવી રહે.

(૭) આ યોજના હેઠળ તૈયાર થયેલ કુલ ૧૮૦૮ આવાસોની ફાળવણી નીચે મુજબની વિગતે થયેલ હતી.

| ક્રમ નં. | ડ્રો | તારીખ | ફાળવેલ આવાસ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | ૧૦/૮/૧૦ | ૬૯૩ |
| ૨ | દ્વિતીય | ૨/૬/૧૧ | ૯૧૯ |
| ૩ | ત્રુતીય | ૨૧/૭/૧૨ | ૧૧૦ |
| ૪ | ચતુર્થ | ૨૪/૦૪/૧૩ | ૩૦ |
| ૫ | કુલ | | ૧૭૫૨ |
| ૬ | અન્વેષણની તારીખે કુલ ફાળવણી બાકી | | ૫૬ |
| ૭ | કુલ આવાસની સંખ્યા | | ૧૮૦૮ |

ઉક્ત આવાસો પૈકી ફાળવણી માટે બાકી રહેલ ૫૬ આવાસો અન્વેષણ તારીખ સુધી આશરે ચાર વર્ષ બાદ પણ શહેરી ગરીબોના ૫૬ કુટુંબોને આવાસની પાયાની જરુરીયાતોની સવલતના લાભથી વંચીત રહેવા પામેલ છે.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૧૨/૨૦૧૫ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ધ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી.

### ૪.૨૧ "કસ્તુરી પ્રાઇડ"હાઇરાઇઝ એપાર્ટમેન્ટની અપાયેલ વિકાસ પરવાનગીની અનિયમિતતા.(ફકરા નં.– ૧૫ ) (ટી.પી. શાખા વેસ્ટઝોન)

ટાઉન પ્લાનીંગ શાખા વેસ્ટઝોનના સને ૨૦૧૦/૧૧ ના અન્વેષણમાં શાખા દ્વારા વર્ષ દરમ્યાન આપવામાં આવેલ બાંધકામ પરવાનગીની ફાઇલોની ચકાસણી કરતા સદરહું જમીન પર શ્રી નીતિનભાઇ નરશીભાઇ પોકર અને વિગેરેને બાંધકામ પરવાનગી નં.૪૬૯ તા.૨૫/૧૧/૧૦ થી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ આ મિલકતનું મે.કસ્તુરી બિલ્ડર્સને વેચાણ દસ્તાવેજ નં.૨૮૮૮૮ તા.૩/૧૨/૨૦૧૦ થી કરવામાં આવતા મે.કસ્તુરી બિલ્ડર્સ દ્વારા શાખા ઇન્વર્ડ નં.૬૨૫ તા.૨૧/૨/૨૦૧૧ થી રીવાઇઝ બિલ્ડીંગ પ્લાન રજુ કરેલ હતો. મે.કસ્તુરી બિલ્ડર્સના પાર્ટનર શ્રી ભરતભાઇ આર. પટેલ તથા વિગેરેને રાજકોટનાં સર્વે નં.૪૨૯/પૈ. ના એફ.પી. નં.૧૨૮/૧ થી ૪ ની ૪૭૩૨ ચો.મી. ની જમીન ઉપર ૧૦(દશ) માળના બે હાઇરાઇઝ ટાવર બાંધવાની બાંધકામ પરવાનગી નં.૬૫૧

તા.૨૨/૩/૧૧ થી આપવામાં આવેલ હતી.જે અંગેની ફાઇલની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) જી.ડી.સી.આર. – ૨૦૦૪ ના નિયમ ૧૨.૩.૧(બી) મુજબ હાઇરાઇઝ બિલ્ડીંગમાં દરેક ફલોર પરનો મેકસીમમ બિલ્ડ અપ એરીયા કોમન પ્લોટ બાદ કરતા ૪૨૫૮.૦૦ ચો.મી. ના ૩૦ ટકા લેખે ૧૨૭૭.૪૦ ચો.મી.નો બિલ્ડ અપ એરીયા મળવાપાત્ર થાય છે. ફાઇલે સામેલ રીવાઇઝ પ્લાન શીટ નં.૧/૪ માં દર્શાવ્યા મુજબ લોઅર ગ્રાઉન્ડ ફલોર ઉપર કુલ ચો.મી. ૪૨૫૮ ના ૪૫ ટકા લેખે ૧૯૧૬.૧૦ નો મેકસીમમ બિલ્ડઅપ એરીયા ગણી ૧૮૧૫.૧૫ ચો.મી. ના બિલ્ડઅપ એરીયાની અરજદારે કરેલ દરખાસ્તને મંજુરી આપેલ છે. જેના આધારો રજુ થયેલ નથી.

(૨) જી.ડી.સી.આર.–૨૦૦૪ ના નિયમ ૧૯.૧.૧ મુજબ રહેણાંક હેતુ માટેના બિલ્ડીંગ માટે કુલ મળવાપાત્ર એફ.એસ.આઇ. = ૪૭૩૨ ચો.મી X ૧.૮૦ = ૮૫૧૭.૬૦ ના ૧૫ ટકા મુજબ ૧૨૭૭.૬૪ ચો.મી. નો પાર્કીંગ બનાવવાનો રહે છે. સદરહું બન્ને ટાવરનાં પાર્કીંગ વિસ્તારની ચકાસણી કરતા લીફ્ટ, સ્ટેર, કોમન પેસેજ બાદ કરતા લોઅર ગ્રાઉન્ડ ફલોર પર ૧૬૧૬.૧૧ ચો.મી. ગ્રાઉન્ડ ફલોર ઉપર બન્ને ટાવરનું ગણી ૯૨૦.૬૨ ચો.મી. તથા એક થી ૧૦ માળ સુધી દરેક માળે આવેલ બન્ને ફલેટને લાગુ ૩૯.૧૪ X ૨ X ૧૦ = ૭૮૨.૮૦ X ૨ ટાવર મુજબ ૧૫૬૫.૬૦ મળીને કુલ ૪૧૦૨.૩૩ ચો.મી. ના કવર્ડ પાર્કીંગ સાથેનો પ્લાન રજુ થયેલ છે. એટલે કે નિયમ ૧૯.૧.૧ મુજબ જરૂરી પાર્કીંગ સ્પેસથી લગભગ સવા ત્રણ ગણાં સુચવેલ પાર્કીંગ સ્પેશ સાથેનાં પ્લાનને મંજુરી આપવા અંગે સ્પષ્ટતા કરેલ નથી.


(૩) ગ્રાઉન્ડ ફલોર પરનાં ૯૨૦.૬૨ ચો.મી.ના કવર્ડ પાર્કીંગ ઉપરાંત નિયમાનુસાર મળવાપાત્ર ઓપન પાર્કીંગની જગ્યા નિયમ ૧૯.૧.૧ મુજબ પુરતી થઇ શકે તેમ હોવા છતાં લોઅર ગ્રાઉન્ડ ફલોર પાર્કીંગ ૧૬૧૬.૧૧ ચો.મી. + દરેકને ફલેટને લાગુ ૧૫૬૫.૬૦ ચો.મી. મળી ૩૧૮૧.૭૧ ચો.મી. વધારાનાં પાર્કીંગ સ્પેશને મંજુરી આપવા અંગે નિયમો આધારીત પુર્તતા કરેલ નથી.

(૪) જી.ડી.સી.આર. – ૨૦૦૪ ના નિયમ ૧૯.૧ ની નોટ(૫) માં જણાવ્યા મુજબના અનુસંધાને ટાઉન પ્લાનીંગ કમીટીના ઠરાવ નં.૭ તા.૨૦/૭/૯૦ તથા ઠરાવ નં.૯ તા.૧૮/૮/૯૦ થી ઠરાવ્યા મુજબ સેલર / સેપરેટ પાર્કીંગ સ્પેશનો હેતુફેર નિવારવા માટે ડીપોઝીટ લેવાનું નિયત થયેલ છે. જે નિયમ ૧૯.૧ નોંટેબલની કોલમ નં.૩(૧) માં જણાવ્યા મુજબ સેલર પાર્કીંગ નો ૫૦ ટકા કાર માટે રાખવાનો રહે છે. તેથી સેલરનાં પાર્કીંગ સ્પેશ ૧૬૧૬.૧૧ ના ૫૦ ટકા મુજબ ૮૦૮.૦૬ ચો.મી. તથા ફાળવેલ દરેક ફલેટનો કાર પાર્કીંગ ૧૫૬૫.૬૦ ચો.મી. = ૨૩૭૩.૬૫ ચો.મી. કુલ કાર પાર્કીંગ તથા ૪૦૪.૦૩ સ્કુટર પાર્કીંગ તથા ૪૦૪.૦૩ ચો.મી. સાયકલ પાર્કીંગ સ્પેશની ઉકત ઠરાવમાં જણાવ્યા મુજબની પાર્કીંગ ડીપોઝીટ જી.ડી.સી.આર. ૧૯૮૪ ના નિયમ ૨૧.૧ મુજબ એક કારને ૫.૫ X ૨.૫ = ૧૩.૭૫ ચો.મી. તથા સ્કુટર તથા સાયકલને ૨ X ૦.૫ = ૧ ચો.મી. જગ્યાની જરૂરત રહે છે. તે મુજબ ૨૩૭૩.૬૫ ÷ ૧૩.૭૫ = ૧૭૩ કાર X ૧૦૦૦૦ ડીપોઝીટ = ૧૭,૩૦,૦૦૦ તથા સ્કુટર ડીપોઝીટ = ૪૦૪.૦૩ ÷ ૧ X ૨૦૦૦ = ૮,૦૮,૦૦૦ તથા સાયકલ ડીપોઝીટ = ૪૦૪.૦૩ ÷ ૧ X ૫૦૦ = ૨,૦૨,૦૦૦ કુલ રૂા.૨૭,૪૦,૦૦૦/– પાર્કીંગ ડીપોઝીટની રકમની અરજદાર પાસેથી વસુલાત મેળવવી રહે.

(૫) અરજદારશ્રીએ રજુ કરેલ બન્ને ટાવરનાં બિલ્ડીંગ પ્લાનની ચકાસણી કરતા ગ્રાઉન્ડ ફલોર પર પુરતું પાર્કીંગ થઇ શકે તેમ હોવા છતાં અધિક ફાળવેલ લોઅર ગ્રાઉન્ડ ફલોરનું સંપુર્ણ પાર્કીંગ તથા પહેલાથી દશમાં માળ સુધી બન્ને બિલ્ડીંગમાં દરેક માળે આવેલ બન્ને ફલેટ માટે ૩૯.૧૪ X ૨ = ૭૮.૨૮ X ૨ = ૧૫૬.૫૬ ચો.મી. તથા બન્ને બિલ્ડીંગની કાર લીફ્ટ ૨૬.૧૫ X ૨ = ૫૨.૩૦ ચો.મી. મળીને કુલ ૨૦૮.૮૬ ચો.મી. ની જગ્યા દરેક માળે ગણવાપાત્ર એફ.એસ.આઇ. માંથી બાદ ગણી રજુ કરેલ છે. જે જી.ડી.સી.આર. ની જોગવાઇ મુજબ બાદ મળવાપાત્ર ન હોવા છતાં પ્લાન મંજુર કરવા અંગે નિયમો તથા સક્ષમ સત્તાની મંજુરીના આધાર રજુ થયેલ નથી.

(૬) બન્ને ટાવરનાં સેકન્ડ ફલોરનાં સ્લેબ લેવલે બન્ને બિલ્ડીંગને જોડતો ૬.૬૪ મીટરની ઉંચાઇએ સ્લેબ મુકવામાં આવેલ છે. આ સ્લેબનો બીલ્ડ અપ એરીયા ૧૫૮.૩૧ ચો.મી. થાય છે. જે અરજદારે રજુ કરેલ પ્લાનમાં કુલ પ્રો. બિલ્ડ અપ તથા એફ.એસ.આઇ. માં થી બાદ કરી પ્લાન રજુ કરેલ છે. જે જી.ડી.સી.આર. ની જોગવાઇ મુજબ પ્રો. બિલ્ડ અપ તથા એફ.એસ.આઇ. માંથી બાદ મળી શકે નહી. તેમ છતાં બાદ આપવા અંગે જરૂરી સ્પષ્ટતા કરેલ નથી.

(૭) અરજદારે રજુ કરેલ પ્લાન શીટ નં.૩/૪ માં કોમન પ્લોટનું માપ નીચે મુજબ દર્શાવેલ છે.




કોમન પ્લોટ ૨૨.૦૩ ÷ ૨ X ૪૩.૦૯ = ૪૭૪.૬૪ ચો.મી.

જી.ડી.સી.આર. – ૨૦૦૪ ના નિયમ ૧૦.૬(૪)(૨) મુજબ કોમન પ્લોટની કોઇ પણ બાજુનું માપ ૧૦.૫૦ મીટરથી ઓછા માપનું હોવું જોઇએ નહી. સદરહું પ્લાનમાં કોમન પ્લોટ ત્રિકોણાકારે દર્શાવેલ છે. જેમાં ચોથી બાજુનું માપ શુન્ય થઇ જાય છે. જેથી નિયમાનુસાર રજુ કરેલ બન્ને બિલ્ડીંગને લાગુ કોમન પ્લોટ નિયમોને સુસંગત ન હોવા છતાં વિકાસ પરવાનગી આપવા અંગે જરૂરી સ્પષ્ટતા સહ પુર્તતા કરેલ નથી .

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો જેનો જવાબ તા.૨૯/૨/૨૦૧૬ સુધી મળેલ નથી

### ૪.૨૨ ફેઇઝ–૨ પાર્ટ–૨ અંતર્ગત ડ્રેનેજની કલેકટીવ સીસ્ટમ નાખવાના કામ અંગે. (ફકરા નં. – ૧૨ ) (ડ્રેનેજ ઇસ્ટઝોન)

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | શ્રી રોહીત સજ્જન (જે. વી.) મુંબઇ |
| ૨ | કામની અંદાજીત રકમ | રૂા.૨૧૫૭.૬૦ લાખ |
| ૭ | વર્કઓર્ડર નં. તારીખ | RMC/Dra.(Pro)No.363 Dt.7/9/10 |
| ૯ | કામ પુર્ણ થયા તારીખ | કામ પુર્ણ થયેલ નથી. |
| ૧૦ | કામનો થયેલ ખર્ચ રૂા. | રૂા.૮,૫૯,૭૮,૯૨૧/૦૦ |

રાજકોટ મહાનગરપાલીકાના સને ૨૦૧૦–૧૧ ના અન્વેષણમાં ડ્રેનેજ શાખા દ્વારા ઓડીટ વર્ષમાં હાથ ધરાયેલ ઉકત કામના ત્રીજા રનીંગ બીલ નં.૭૫૭ તા.૯/૩/૧૧ રૂા.૧,૬૪,૫૨,૦૦૦/– તથા કામની લગત વર્કફાઇલ તથા માપપોથીઓ જોતા સમગ્ર પ્રક્રીયા નીચે મુજબ રહેલ હતી.

(૧) એસ.ડી. સજ્જન એન્ટરપ્રાઇઝ (જે.વી)રોહીત ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રો.પ્રા.લી. (સજ્જન – રોહિત (જે. વી. ) મુંબઇ

(૨) ઓરબીટ આર્ટીઝન્સ પ્રા.લી. વડોદરા

(૩) જયહિન્દ પ્રોજેકટસ લી. અમદાવાદ

ટેન્ડરની શરત મુજબ કરારની રકમના ૧૦ ટકા મુજબ રૂા.૨,૭૪,૦૧,૦૦૦/– ની રકમનું મોબીલાઇઝેશન એડવાન્સ તેટલી જ રકમની બેંક ગેરેંટી સામે આપવામાં આવેલ હતુ. સંસ્થાએ રજુ કરેલ ફાઇલની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) આ યોજના અંતર્ગત કન્સલ્ટન્ટ શ્રી વાપકોસ લી. તરફથી કુલ ૮ ઝોનના કુલ રૂા.૪૭,૦૭,૮૦,૦૦૦/– ના ડી.ટી.પી. તૈયાર કરવામાં આવેલ હતા. જે પૈકી પ્રથમ વખત ઝોન બી, સી, ડી, ઇ અને એચ મળી કુલ પાંચ ઝોનના કામ માટે ટેન્ડરીંગ પ્રક્રિયા કરવામાં આવેલ હતી. ત્યારે ઝોન સી ના રૂા.૧૩,૧૮,૭૦,૦૦૦/– ના અંદાજી કામ માટે કુનાલ સ્ટ્રકચર પ્રા.લી., જે. વી. શ્રી ગુરૂકૃપા

કન્સ્ટ્રકશનના આવેલ બીડ સદર ફાઇલની નોંધ નં.૨૯, ૩૦ માં જણાવ્યા મુજબ કામના ટેન્ડરના ક્રાઇટેરીયા મુજબનો અનુભવનું એજન્સીએ સબમીટ કરેલ કુલ દસ્તાવેજો સુરત મહાનગરપાલીકાના સ્ટોર્મ વોટર ડ્રેનેજના કામનું રૂા.૧૧.૭૦ કરોડના કામનું પ્રમાણપત્ર સામેલ કરેલ છે. જે પૈકી રૂા.૮.૯૮ કરોડનું આર.સી.સી. બોકસ તથા ૨.૭૨ કરોડનું આર.સી.સી. લાઇનનો સમાવેશ થાય છે. જે અંગે નોંધ નં.૩૧ મુજબ બોકસ ડ્રેનેજ કામના અનુભવને સીવર કલેકટીવ સીસ્ટમના કામ માટે માન્ય ન ગણી શકાય તેવો અભિપ્રાય થાય છે. તેમજ ટેકનીકલ એડવાઇઝરશ્રીના અભિપ્રાયના ફકરા નં.૨, ૩ તથા ૪ મુજબ એજન્સીનો આર.સી.સી. પાઇપલાઇનનો માંડ ૩ કરોડનો અનુભવ તથા સદર કામે જરૂરી મશીનરી ઉપલબ્ધ ન હોવાથી એજન્સી તથા એજન્સીની નાણાકીય સ્થિતિ સદર કામ કરવા સક્ષમ ન હોવાનો સ્પષ્ટ અભિપ્રાય થાય છે. ત્યાર બાદ અનુભવ ક્રાઇટેરીયામાં કામની અંદાજી રકમના ૫૦ ટકા તથા બોકસ ડ્રેનેજના કામ સીમીલર કામ ગણવુ તે મુજબના સુધારા સાથે A 1, B , D , E અને H એમ પાંચ ઝોનને કલબ કરી ૨૧૫૭.૬૦ લાખની અંદાજી કિંમતના ટેન્ડર તૈયાર કરી ટેન્ડરીંગ પ્રક્રિયા કરતા મે.કુનાલ સ્ટ્રકચર પ્રા.લી. ના એક માત્ર બીડ આવેલ હતુ. તેની સાથે જોડેલ પ્રી કવોલીફીકેશન દસ્તાવેજોને નોંધ નં.૪૬ મુજબ માન્ય ગણી પ્રાઇસબીડ ખોલવા આગળની કાર્યવાહી કરેલ હતી. આમ, બોકસ ડ્રેનેજના કામના અનુભવને સીવર કલેકટીવ સીસ્ટમના કામ માટે માન્ય ન રાખવા કા.ઇ.શ્રીનો અભિપ્રાય હોય આર.સી.સી. પાઇપલાઇનનો ૩ કરોડનો અનુભવ તથા એજન્સીની નાણાકીય સ્થિતિ ઝોન–સી ના ૧૩.૧૮ કરોડના કામ કરવા સક્ષમ નહી હોવાના ટેકનીકલ એડવાઇઝરશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય હોવા છતાં તેજ એજન્સીને અનુરૂપ ટેન્ડરમાં સુધારા કરી રૂા.૨૧,૫૭,૬૦,૦૦૦/– ની અંદાજી કિંમતના કામે પ્રીકવોલીફીકેશન ચકાસણીમાં માન્ય રાખવા સ્પષ્ટતા કરેલ નથી.

(૨) એજન્સી કુનાલ સ્ટ્રકચર પ્રા.લી.એ બન્ને વખતે ભરેલ ટેન્ડર તથા તેના ટેન્ડર સાથે રજુ કરેલ સબમીશનો ફાઇલે સામેલ રાખેલ ન હોઇ ઓડીટે ચકાસણી થઇ શકેલ નથી.

(૩) એજન્સી શ્રી રોહિત–સજ્જન (જે. વી.) ના પત્ર નં.આર.એસ.જે.વી.–આર.એમ.સી. –ડ્રેનેજ પ્રોજેકટ–જા.નં.૧૭૩–૨૦૧૨ તા.૫/૬/૨૦૧૨ માં જણાવ્યા મુજબ ડ્રેનેજના કામ માટે ૬૦ ટકા સાઇટો કામ કરવા માટે ચોખ્ખા મોડેથી મળેલ હોય તેમજ અમુક સાઇટો કામની મુદત તા.૩૦/૬/૨૦૧૨ ની પુરી થવામાં હોવા છતાં અરજીની તારીખે પણ મળેલ ન હોવા સબબ મુદત વધારાની માંગણી કરતા નોંધ નં.૧૪૨ થી ૧૪૮ ની વિગતે વધુ છ માસનો મુદત વધારો આપવામાં આવેલ હતો. સદર કામના દરેક ઝોનમાં સમાવિષ્ટ રસ્તાઓ ખુલ્લા કરવા તથા ડીમાર્કેશન કરી આપવા માટે કચેરીના પત્ર નં.રામનપા/ ડ્રેનેજ પ્રોજેકટ/જા.નં.૩૭૯ તા.૨૫/૧૧/૦૯ તથા પત્ર નં.રામનપા/ડ્રેનેજપ્રોજેકટ/ જા.નં.૩૯૯ તા.૨૧/૯/૧૦ થી ટાઉન પ્લાનીંગ અધિકારીશ્રીને જાણ કરવામાં આવેલ હોવા છતાં ત્રણ વર્ષ સુધી ટાઉન પ્લાનીંગ શાખા ટી.પી. રસ્તાઓ ખુલ્લા કરવા અને ડીમાર્કેશન કરવાની કામગીરી પુર્ણ કરેલ ન હોવાથી વધુ છ માસ (નોન વર્કીંગ પીરીયડ સિવાય) ની મુદત આપવી પડેલ હતી. તેમજ કામમાં વધુ સમય જતા એજન્સી કામ અધુરૂ છોડી ચાલી જતા કોર્પોરેશનને કાયદાકીય કાર્યવાહી કરવી પડે તેમ છે. તેમજ સરકારશ્રીની લોકોપયોગી યોજના અન્વેષણની તારીખ સુધી પુર્ણ થવા પામેલ નથી.

(૪) એજન્સી શ્રી રોહિત સજ્જનના તા.૬/૬/૧૨ ના પત્રથી કામમાં ઝડપ લાવવા એડવાન્સ ચુકવવા માંગણી કરતા મંજુર થયા મુજબ એજન્સી રૂા.૧,૨૩,૩૯,૦૦૦/– ની બેંક ગેરેંટી રજુ કરતા ૧૫ માં રનીંગ બીલેથી રૂા.૧,૨૩,૩૯,૦૦૦/– નું એડવાન્સ તા.૩૧/૩/૨૦૧૨ ના રોજ ૧૦ ટકા વ્યાજે ચુકવવામા આવેલ હતુ. જે પૈકી ૧૮ માં રનીંગ બીલ સુધી રૂા.૨૭,૪૬,૪૭૫/– મુદલ તથા તા.૩૧/૭/૨૦૧૨ સુધી ૧૦ ટકા વ્યાજની રકમ રૂા.૩,૩૦,૧૭૫/– ની વસુલાત થઇ જવા પામેલ હતી. ત્યાર બાદ એજન્સી કામ છોડી જતા રૂા.૯૫,૯૨,૫૨૫/– મુદલ તથા ૧૦ ટકા વ્યાજની તા.૨૮/૫/૨૦૧૩ ના રોજ એજન્સી ટર્મીનેટ થયા તારીખ સુધી કપાત થયેલ નથી. તેથી તા.૨૮/૫/૨૦૧૩ સુધી ૧૦ માસના ૧૦ ટકા વ્યાજની રકમ

$$\frac{\text{૯૫,૯૨,૫૨૫ X ૧૦ X ૧૦}}{\text{૧૦૦ X ૧૨}} = \text{રૂ.૭,૯૯,૩૭૭/– ની}$$

એજન્સી શ્રી રોહિત સજજન પાસેથી વસુલ લઈ રેકર્ડ આધારીત ખરાઇ કરાવેલ નથી.

(૫) તેથી હવે રૂ.૧૫,૦૦,૮૮,૦૦૦/– નું કામ બાકી રહે છે. જે મુળ એજન્સીના ખર્ચે અને જોખમે કરવાનો હુકમ થતા તેનું ખર્ચ મંજુર થયેલ છે અને તેના અલગ ઝોન વાઇઝ એસ્ટીમેટ મંજુર કરવામાં આવેલ છે. તે પૈકી નીચે મુજબના કામો આપવામાં આવેલ છે.

| ક્રમ | ઝોન | સ્ટે.ક.ઠ. નં. તારીખ | અંદાજી રકમ | મંજુર થયેલ ભાવ | ભાવ મુજબ થનાર ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | D – 1 | ૨૫૩<br>૧૩/૮/૧૩ | ૨૧૨૨૦૦૦૦ | ૭૪ ટકા વધુ | ૩૬૯૨૨૮૦૦ |
| ૨ | D – 2 | | ૩૯૬૦૦૦૦ | ૫૫ ટકા વધુ | ૬૧૩૮૦૦૦ |
| ૩ | D – 3 | | ૧૫૦૨૦૦૦૦ | ૬૦.૫ ટકા વધુ | ૨૪૧૦૭૧૦૦ |
| ૪ | B | | ૧૫૧૧૫૦૦૦ | ૯૦ ટકા વધુ | ૨૮૭૧૮૫૦૦ |
| ૫ | A – 1 | ૪૮૦<br>૩/૧/૧૪ | ૨૧૨૧૫૦૦૦ | ૯૫ ટકા વધુ | ૪૧૩૬૯૨૫૦ |
| ૬ | E | | ૩૭૧૩૦૦૦ | ૮૦ ટકા વધુ | ૭૦૧૭૫૭૦ |
| | | | **૮૦૨૪૩૦૦૦** | | **૧૪૪૨૭૩૨૨૦** |

જયારે ડી–૪, ડી–૫ અને એચ ઝોનના રૂ.૬૯૮૪૫૦૦૦/– ના બાકી કામો માટે ઇ–ટેન્ડરીંગની પ્રક્રિયા અન્વેષણની તારીખ સુધી થયેલ જણાતી નથી. મૂળ ઈજારદારના ખર્ચે અને જોખમે કામ કરવાના નિર્ણય અંગે મહાનગરપાલિકાએ કરેલ કાર્યવાહીની વિગતો રજુ થવી ઘટે.

(૬) ટેન્ડરની શરત નં. જીસી–૨૦ મુજબ કોન્ટ્રાકટર નિયત સમય મર્યાદામાં કામ પુર્ણ કરવામાં નિષ્ફળ જાય તો કરારની રકમના ૦.૧ ટકા વિલંબ વળતર વસુલ કરવાની જોગવાઇ છે. એજન્સી રોહિત–સજજન (જે.વી.)ને આપેલ છ માસના મુદત વધારા બાદ તા.૩૧/૩/૨૦૧૩ સુધીમાં કામ પુર્ણ કરવાનું થતુ હતુ. જે પુર્ણ કરેલ ન હોય તેમજ કોન્ટ્રાકટર તા.૨૮/૫/૨૦૧૩ ના રોજ ટર્મીનેટ કરેલ હોય ટેન્ડરની શરત મુજબ તા.૧/૪/૨૦૧૩ થી તા.૨૮/૫/૨૦૧૩ સુધી ૫૮ દિવસના વિલંબ વળતરની રકમ રૂ.૧,૫૮,૯૩,૧૬૦/– વસુલાત કરવી.

(૭) આ કામે રજુ થયેલ માપપોથીઓની ચકાસણી કરતા બીજા રનીંગ બીલ રૂ.૯,૩૭,૨૫૭/– ની ડુપ્લીકેટ માપપોથી રજુ થયેલ હતી માપપોથી સામેલ હુકમો તથા નોટીંગ નં.૨૦ માં જણાવ્યા મુજબ ઉકત માપપોથી તા.૧૦/૩/૧૧ ના રોજ કચેરીની ઓડીટ શાખા દ્વારા કોન્ટ્રાકટરના કર્મચારીને લગત શાખામાં આપવા માટે આપેલ તેમનાથી ગુમ થયેલ હોવાનું જણાવેલ છે. જે અંગે નોંધ નં.૧૬ તથા ૨૫ ના કમિશ્નરશ્રીના આદેશ મુજબ તપાસણી રીપોર્ટ તથા કરેલ પોલીસ ફરિયાદનું રેકર્ડ રજુ કરાવેલ નથી. નોંધ નં.૨૬ મુજબ ડુપ્લીકેટ માપપોથી તૈયાર કરવાના આદેશ આપેલ હતા. ચોથા રનીંગ બીલની માપપોથી ઓડીટ સમક્ષ રજુ થયેલ નથી.

(૮) માપપોથીમાં થયેલ કામના માપો કામના ઇન્ચાર્જ એન્જીનીયરશ્રીએ સ્થળ પર માપો લઇને નિયમ અનુસાર માપપોથીમાં રેકોર્ડ કરવા જોઇએ. આ કામે રજુ થયેલ માપપોથીની ચકાસણી કરતા નવમાં રનીંગ બીલથી અઢારમા રનીંગ બીલ સુધીના માપોની કોમ્પ્યુટરરાઇઝ કોપીની પ્રિન્ટ માપપોથીમાં ચોટાડવામાં આવેલ છે. જેના પર એજન્સીને ચુકવણા કરવામાં આવેલ છે. તેથી માપપોથીમાં રેકોર્ડ થયેલ માપો સાઇટ પર લઇને નોંધવામાં આવેલ હોવાની રેકર્ડ આધારીત ખરાઇ કરાવેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૪/૨/૨૦૧૬ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ધ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી

### ૪.૨૩ ભુગર્ભ ગટર યોજના ફેઇઝ–૩ અંતર્ગત રૈયા સર્વે નં.૩૧૮ માં ૫૧ એમ.એલ.ડી. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા અંગેના કામની અનિયમિતતા બાબત (ફકરા નં. – ૧૧) (વેસ્ટઝોન–ડ્રેનેજ )

| | | |
|---|---|---|
| ૧. | એજન્સીનું નામ | મે. જીઓમીલર એન્ડ કંપની – ન્યુ દિલ્હી |
| ૨. | કામની અંદાજી રકમ | રૂા.૧૩.૭૫ કરોડ |
| ૩. | ખર્ચ મંજુરી હુકમ | રા.મ્યુ.કો. જા.નં.૧૫૦૩ તા.૨૩/૨/૦૭ |
| ૪. | કામ પુર્ણ કરવાની તારીખ | તા.૦૯/૦૮/૨૦૦૮ |
| ૫. | કામનો કુલ ખર્ચ રૂા. | રૂા.૧૭,૧૩,૨૮,૫૧૦/૩૯ |

ભારત સરકારના જવાહરલાલ નહેરૂ શહેરી નવીનીકરણ મિશન હેઠળ ભુગર્ભ ગટર યોજના ફેઇઝ–૩ અંતર્ગત રૈયા સર્વે નં.૩૧૮ માં ૫૧ એમ.એલ.ડી. કન્વેશનલ એકટીવેટેડ સ્લજ પ્રોસેસ (વીથ પાવર જનરેશન) સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા મહાનગરપાલીકાએ હિમાદ્રી – એન્વાયરો પ્રોટેકશન કન્સલન્ટન્ટ મારફતે જાહેર નિવિદાથી ટેન્ડરથી ભાવ મંગાવેલ. ઉકત કામ ડિઝાઇન બિલ્ડીંગ અને ઓ એન્ડ એમ ના ધોરણે કરાવવા મહાનગરપાલીકા દ્વારા કુલ રૂા.૧૩.૭૫ કરોડની (રૂા.૧૨.૭૫ કરોડ કન્સ્ટ્રકશન + રૂા.૧ કરોડ ઓ એન્ડ એમ – ત્રણ વર્ષ માટે) અંદાજીત કિંમત નકકી કરાયેલ. જાહેર નિવિદા અન્વયે તા.૨૯/૮/૦૬ ના રોજ પ્રી–બીડ મીટીંગ રખાયેલ. તેમજ ટેન્ડર કામગીરી દરમિયાન એમેન્ડમેન્ટ–૧ તા.૨૯/૮/૦૬ તથા એમેન્ડમેન્ટ–૨ તા.૯/૯/૦૬ ના રોજ બહાર પાડવામાં આવેલ.

ઉકત કામની વર્કફાઇલો, એમ.બી., બીલો તથા અન્ય સાધનીક દસ્તાવેજોની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટનોંધ આપવામાં આવે છે.

(૧) ટેન્ડર મેન્યુઅલની જોગવાઇ મુજબ રૂા.વીસ લાખથી વધુના કામો માટે જિલ્લા કક્ષાએથી પ્રસિધ્ધ થતા ગુજરાતી દૈનિક, અમદાવાદથી પ્રસિધ્ધ થતા એક ગુજરાતી તથા એક અંગ્રેજી દૈનિક એમ કુલ ત્રણ અખબારોમાં જાહેરાત આપી ટેન્ડરો મેળવવાના રહે છે. સદર કામે મહાનગરપાલીકાએ નિયમોનુસાર ત્રણ દૈનિક અખબારોમાં જાહેરાત પ્રસિધ્ધ કરાવ્યાના આધારો સામેલ રાખેલ ન હોઇ સ્પર્ધાત્મક હરીફાઇયુકત ભાવો મેળવી ટેન્ડર પ્રક્રિયા કરવામા આવેલ નથી.

(૨) રાજ્ય સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ નં. એસ.પી.ઓ. – ૧૦૨૦૦૫– ૧૪૦૭ –સી. એચ મુજબ મુજબ તા. ૧/૬/૨૦૦૭થી રુ. ૧૦ લાખ થી ઉપરની દરેક ખરીદી, કોન્ટ્રાક્ટસ, ઠેકાઓ, તથા મેઇન્ટેનન્સ તથા અન્ય તમામ બાબતના કામો માટે ઇ–ટેન્ડરીંગ પધ્ધતી અમલમા મુકવાનુ નક્કી કરવામા આવેલ છે.તે મુજબ સંસ્થા દ્વારા કોઇ કાર્યવાહી ન કરીને આ ઇ ટેન્ડરીગ પધ્ધતિ વિના કામગીરી કરેલ છે

(૩) તા.૨૯/૮/૦૬ ના એમેન્ડમેન્ટ–૧ ની શરત નં.૨ મુજબ થર્ડ પાર્ટી ઇન્સપેકશનનો તમામ ખર્ચ એજન્સીએ ભોગવવાનો રહેતો હતો. નોટીંગ પેજ નં.૩૩ તા.૨૨/૧૨/૦૬ માં જણાવ્યા મુજબ કુલ ચાર આઇટમનો ઘટાડો (પછીથી કુલ આઠ આઇટમો ઘટાડો) તેમજ ટી.પી.આઇ. નો ખર્ચ મહાનગરપાલીકા ભોગવશે અને કોન્ટ્રાકટરને સીવીલવર્ક માટે સ્ટીલ પર રૂા.૩૨,૬૦૦/– નો સ્ટારરેટ ચુકવવામાં આવશે તેમ નિયત કરી કવોલીફીય થયેલ ચાર એજન્સીઓ પાસેથી ભાવો મેળવી ટેન્ડર પ્રક્રિયા આગળ ચલાવેલ. ઉકત વિગતે રીવાઇઝડ અંદાજો બનાવી નિયમોનુસાર ફરીથી બહોળી પ્રસિધ્ધીથી જાહેરાત આપી રી–ટેન્ડરીંગની પ્રક્રિયા કરેલ નથી.

(૪) જેથી તા.૨૦/૮/૦૯ થી તા.૧૦/૧૦/૦૯ સુધીનો મંજુર કરાયેલ વિલંબીત સમયગાળો આપવાપાત્ર ન હતો. કમિશ્નરશ્રીના ઉકત હુકમ અન્વયે તા.૧૧/૧૦/૦૯ થી તા.૨૭/૧૦/૦૯ સુધી દિન–૧૭ નું વિલંબ વળતર રૂા.૨૮,૬૮,૦૩૬/– એજન્સી પાસેથી વસુલ લેવામાં આવેલ નથી.

(૫) STP ના કામ માટે રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા પાણી પુરૂ પાડવામાં આવશે તો તે સંદર્ભે રૂા.૩/ પ્રતિ કિલોલીટરના ભાવથી એજન્સી પાસેથી વસુલાત કરવાનુ નિયત થયેલ. મહાનગરપાલીકા દ્વારા અંદાજે ૪૩૮.૫૨/– લાખ લીટર રો–સુએજ પાણી હાઇડ્રોલીક ટેસ્ટ માટે પુરૂ પાડવામાં આવેલ. ડ્રેનેજ ફાઇલ નં.૧૬૮ (૦૬/૦૭) ના નોટીંગ પેજ નં.૫૨ ની નોંધ મુજબ ઉકત બાબતે મે.જીઓમિલર પાસેથી રૂા.૧,૩૧,૫૫૬/– ની વસુલાત મેળવવાની રહે છે,

(૬) સુપ્રીટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પના પરીપત્ર નં.સ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯ તા.૫/૨/૦૭ માં જણાવ્યા મુજબ સીકયોરીટી ડીપોઝીટની રકમ રોકડ સિવાયના ડોકયુમેન્ટથી લેવામાં આવે ત્યારે સીકયોરીટી ડીપોઝીટની રકમના ૪.૨૫ ટકા લેખેના સ્ટેમ્પપેપર પર કરારખત કરવાનો રહે છે. આ કામમાં સીકયોરીટી ડીપોઝીટ રૂા.૮૪,૩૫,૪૦૦/– ના ૪.૨૫ ટકા લેખે રૂા.૩,૫૮,૫૦૫/– ના સ્ટેમ્પપેપર પર કરારખત કરવાનો રહે. જે રૂા.૧૦૦/– ના સ્ટેમ્પપેપર પર કરાયેલ હોય ખુટતી સ્ટેમ્પડયુટીની રકમ રૂા.૩,૫૮,૪૦૫/– એજન્સી પાસેથી વસુલ લઇ સરકારશ્રીના ૦૦૩૦ સ્ટેમ્પ સદરે જમા કરાવી આધારીત ખરાઇ કરાવેલ નથી.

(૭) કામની અંદાજી રકમ રૂા.૧૩.૭૫ કરોડ હતી જે કામ પુર્ણ થતા રૂા.૧૭.૨૩ કરોડનો ખર્ચ થવા પામેલ છે. તેથી તેના રીવાઇઝડ અંદાજો મંજુર કરવામાં આવેલ હોય તેની ખરાઇ કરાવેલ નથી. તેમજ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૦૬ ના ઠરાવ નં.એસ.ઓ.પી./૧૦–૨૦૦૫/૧૪૦૭/સી.એફ અન્વયે રૂા.૧૦.૦૦ લાખથી વધુના કામ માટે ઇ ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરવાની રહે છે. સદર કામે આવી કોઇ પ્રક્રિયા કરવામાં આવેલ નથી.

વિધાનસભા અહેવાલનો સુચિત ફકરો તા.૨૪/૯/૨૦૧૫ના રોજ અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ મહાનગરપાલિકા દ્વારા તા.૨/૧૧/૨૦૧૫ના રોજ જવાબ મળેલ છે. સંસ્થાનો જવાબ ધ્યાને લેતા જવાબ ગ્રાહ્ય રાખવાપાત્ર જણાયેલ નથી.